# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

તનિષાએ બોલિવૂડની ખરાબ હાલત પર ખુલ્લીને વાત કરી...



પેજ-09

રાહુલની આવી હાલત પાછળ તેની ચાર ભૂલો છે જવાબદાર

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 41.00 | 28.00 |
| વડોદરા | 41.00 | 29.00 |
| સુરત | 36.00 | 28.00 |

પેજ 5



ઈરેડાએ ગુજરાતના ગિફ્ટ સિટીમાં પેટા કંપની સ્થાપી

11 MAY-2024 SATURDAY

ભારતે પાકિસ્તાનનું સન્માન કરવું જોઈએ, તેમની પાસે પરમાણુ બોમ્બ છે



પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 72664.47 ▲ | 260.30 |
| નિફ્ટી | 22055.20 ▲ | 097.70 |
| સોનું | 72,580.00 ▲ | 941.00 |
| ચાંદી | 84,903.00 ▲ | 404.00 |


વર્ષ-13 । અંક-176 । વિક્રમ સંવત-2080 । વૈશાખ સુદ-04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### કેજરીવાલે કહ્યુ, સુપ્રીમ કોર્ટનો આભાર... આજે 1 વાગ્યે પ્રેસ કોન્ફરન્સ કરીશું

# કેજરીવાલ તિહાર જેલથી બહાર આવ્યા

## 1 જૂન સુધીના શરતી જામીન

### કેજરીવાલ CM કાર્યાલય-સચિવાલય નહીં જઈ શકે, કોઈ ફાઈલ પર સહી નહીં કરી શકે

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

દિલ્હી લિકર પૉલિસી કૌભાંડ સંબંધિત મની લોન્ડ્રિંગ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે શુક્રવારે (10 મે) કેજરીવાલને 1 જૂન સુધીના વચગાળાના જામીન આપ્યા હતા. આ સાથે સુપ્રીમ કોર્ટે દિલ્હીના મુખ્યમંત્રીને કહ્યું હતું કે, 'તેઓ આગામી 2 જૂને આત્મસમર્પણ કરી દે.' જસ્ટિસ ખન્નાએ તેમને જામીન આપવાનો ચુકાદો સંભળાવ્યો હતો. ત્યારે હવે કેજરીવાલ જેલથી બહાર આવ્યા છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ જેલથી બહાર આવી ચૂક્યા છે. મળતી માહિતી અનુસાર, તેઓ તિહાર જેલથી પોતાના ઘરે જવા માટે રવાના થયા. ગાડીમાં તેમની સાથે આમ આદમી પાર્ટીના મહાસચિવ સંદીપ પાઠક પણ હાજર છે. પત્ની સુનીતા કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પણ તિહાર પહોંચ્યા હતા. તિહાર જેલથી મુક્ત થયા બાદ અરવિંદ કેજરીવાલે કહ્યું કે, સુપ્રીમ કોર્ટનો આભાર.

### દેશને સરમુખત્યારશાહીથી બચાવવો છે, હું લડી રહ્યો છું : કેજરીવાલ



મુક્ત થયા બાદ કેજરીવાલે કાર્યકર્તાઓને કહ્યું, 'તમને વિનંતી છે કે આપણે બધાએ સાથે આવીને દેશને સરમુખત્યારશાહીથી બચાવવાનો છે. હું મારા તન, મન અને ધનથી લડી રહ્યો છું. સંઘર્ષ સામે લડતા આજે તમારી વચ્ચે રહીને સારું લાગે છે. આવતીકાલે સવારે 11 કનોટ પ્લેસ હનુમાનજી મંદિરમાં મળીશું. હનુમાનજીના આશીર્વાદ લઈશું. બપોરે 1 વાગ્યે પાર્ટી કાર્યાલય ખાતે પ્રેસ કોન્ફરન્સ કરશે. કેજરીવાલ દિલ્હી લિકર પોલિસી કેસમાં 1 એપ્રિલથી તિહાર જેલમાં બંધ હતા. કોર્ટે આજે બપોરે 2 વાગ્યે એક જ લાઈનમાં પોતાનો ચુકાદો જાહેર કર્યો હતો. જો કે, તેમના વકીલે 5 જૂન સુધી મુક્ત કરવાની વિનંતી કરી હતી, જેને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું કે ચૂંટણી પ્રક્રિયા 1 જૂને સમાપ્ત થશે.

### આમ આદમી પાર્ટીના કાર્યકરોમાં ખુશીનો માહોલ



આજે મુખ્યમંત્રી કેજરીવાલ જેલમુક્ત થશે, ત્યારે દિલ્હીમાં AAP કાર્યકરો તિહાર જેલની બહાર ઉજવણી કરી રહ્યા છે. કાર્યકરો એકબીજાને મીઠાઈઓ ખવરાવી રહ્યા છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન દિલ્હી જવા માટે રવાના થયા છે. દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલને વચગાળાના જામીન મળ્યા બાદ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓમાં ખુબ ઉત્સાહ છે.

### મંત્રી આતિશીએ કહ્યું- આ સત્યની જીત છે

AAP નેતા અને મંત્રી આતિશીએ કહ્યું, 'આ સત્યની જીત છે. બંધારણ અને લોકશાહીને બચાવવા માટે આગળ આવવા બદલ હું સુપ્રીમ કોર્ટનો આભાર માનું છું. અરવિંદ કેજરીવાલ આજે સાંજે તિહાર જેલમાંથી બહાર આવશે. મને ખાતરી છે કે તેઓ દિલ્હી અને દેશની જનતાને સંબોધન કરશે.

### કોર્ટે કેજરીવાલને આ શરતો પર આપ્યા જામીન

- કેજરીવાલે 50 હજાર રૂપિયાના જામીન બોન્ડ સાથે સમાન રકમના જામીન બોન્ડ જમા કરાવવાના રહેશે.
- તેઓ મુખ્યમંત્રી કાર્યાલય અને દિલ્હી સચિવાલયમાં જઈ શકશે નહીં.
- કેજરીવાલે કોર્ટમાં આપેલા નિવેદન મુજબ તેઓ દિલ્હીના ઉપરાજ્યપાલની મંજૂરી મેળવવા માટે જરૂરી હોય ત્યારે જ સત્તાવાર ફાઈલો પર સહી કરી શકશે.
- તેઓ હાલના કેસમાં તેમની ભૂમિકા અંગે કોઈપણ ટિપ્પણી નહીં કરી શકે.
- કેજરીવાલ કોઈપણ સાક્ષીઓ સાથે વાતચીત કરશે નહીં અને કેસ સંબંધિત કોઈપણ સત્તાવાર ફાઈલો સુધી પહોંચશે નહીં.

# નકલી શિવસેના મને જીવતો દફનાવવા માંગે છે : PM મોદી

### કોંગ્રેસ કહે છે કે મોદી તમારી કબર ખોદાશે: જેમનો રંગ ભગવાન કૃષ્ણ જેવો છે તેમને આફ્રિકન માને છે: મોદી

(એજન્સી) નંદુરબાર । તા. 10



લોકસભા ચૂંટણીના પ્રચાર માટે વડાપ્રધાન મોદીએ મહારાષ્ટ્રના નંદુરબારમાં ચૂંટણી રેલીને સંબોધી હતી. આ દરમિયાન તેમણે કહ્યું- નકલી શિવસેનાના લોકો મને જીવતો દફનાવવાની વાત કરી રહ્યા છે. એક તરફ કોંગ્રેસ છે કે મોદી તમારી કબર ખોદાશે. બીજી તરફ નકલી શિવસેના મને જીવતા દફનાવી દેવાની વાત કરે છે. મારી સાથે દુર્વ્યવહાર કરવા છતાં આ લોકો તુષ્ટિકરણનું પૂરેપૂરું ધ્યાન રાખે છે. આ સિવાય મોદીએ અનામતના મુદ્દે પણ ચર્ચા કરી હતી. મોદીએ કહ્યું- હું 17 દિવસથી કોંગ્રેસને પડકાર આપી રહ્યો છું.

### અનામત મુદ્દે કોંગ્રેસની હાલત ચોર મચાએ શોર જેવી છે

અનામત મુદ્દે કોંગ્રેસની હાલત ચોર મચાએ શોર જેવી છે. ધર્મના આધારે અનામત બાબા સાહેબની ભાવના વિરુદ્ધ છે. તે બંધારણની ભાવના વિરુદ્ધ છે, પરંતુ કોંગ્રેસનો એજન્ડા દલિતો, પછાત વર્ગો અને આદિવાસીઓનું અનામત છીનવીને તેમની વોટબેંકમાં આપવાનો છે. કોંગ્રેસના લોકોમાં એટલો અહંકાર ભરેલો છે કે તેમને ગરીબોથી કોઈ ફરક પડતો નથી.

### અમે આદિવાસીની દીકરીને રાષ્ટ્રપતિ બનાવી

NDAએ આદિવાસી દીકરીને રાષ્ટ્રપતિ બનાવી. પરંતુ તમારે યાદ રાખવું જોઈએ કે એવા લોકો કોણ હતા જેમણે આદિવાસી પુત્રી દ્રૌપદી મુર્મુજીને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં હરાવવા માટે દિવસ-રાત મહેનત કરી હતી. આ કોંગ્રેસના લોકો હતા, જેમણે એક આદિવાસી દીકરીને રાષ્ટ્રપતિ બનતાં રોકવા માટે દિવસ-રાત કામ કર્યું હતું.

**Quick Read**

### ઈન્દોરના અક્ષય કાંતિ બમ સામે ધરપકડ વોરંટ : કલમ 307 લાગવા છતાં મુદતમાં ગેરહાજર

ઈન્દોર | છેલ્લી ઘડીએ પોતાના પક્ષ સાથે ગદ્દારી કરનાર ઈન્દોરના 'નિલેશ કુંભાણી' સામે ધરપકડ વોરંટ જાહેર થયું છે. કોંગ્રેસે અક્ષય બમને ઈન્દોરથી લોકસભાના ઉમેદવાર બનાવ્યા હતા. એપ્રિલના છેલ્લા સપ્તાહમાં આ જૂના કેસમાં બમ વિરુદ્ધ કલમ 307માં અચાનક વધારો કરવામાં આવ્યો હતો. આ પછી, નાટકીય ઘટનાક્રમ સાથે બમે કોંગ્રેસમાંથી પોતાનું નામ પાછું ખેંચ્યું અને ભાજપમાં જોડાયા હતા. આ સમગ્ર ઘટના બાદ આ કેસની પ્રથમ સુનાવણી 10 મેના રોજ નક્કી કરવામાં આવી હતી.

### કાનપુરમાં માયાવતીએ EVMનો મુદ્દો ઉછાળી ભાજપ અને કોંગ્રેસ પર કર્યા આકરા પ્રહાર

પટણા |બહુજન સમાજવાદી પાર્ટીના વડા માયાવતીએ આજે કાનપુરમાં જાહેરસબા સંબોધી હતી. આ દરમિયાન તેમણે EVMનો મુદ્દો ઉછાળી ભાજપ અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. માતાવતીએ રમઈપુરના મગરાસા ગામમાં ચૂંટણી સભામાં કહ્યું કે, જો આ વખતે ઈવીએમમાં ગડબડ ન થઈ તો પરિણામો નિશ્ચિતરૂપે સારા આવશે. તેમણે કાનપુરના ઉમેદવાર કુલદીપ ભદૌરિયા અને અકબરપુરના ઉમેદવાર રાજેશ દ્વિવેદીના સમર્થનમાં જનસભા સંબોધી હતી.

### ભોપાલમાં વેપારીના ઘરમાંથી 32 લાખની રોકડ મળી : હવાલા સાથે જોડાયેલ હોવાની શંકા

ભોપાલ | પોલીસે ગુરુવારે રાત્રે અશોકા ગાર્ડનમાં એક ઘરમાંથી લગભગ 32 લાખની ફાટેલી, જૂની અને નવી નોટો મળી આવી હતી. યુવક મની એક્સચેન્જનું કામ કરતો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. તેની પાસેથી એક પત્ર મળ્યો હોવાનું પણ સામે આવ્યું છે. જોકે પોલીસે કોઈપણ પ્રકારનો પત્ર મળવાનો ઈન્કાર કર્યો છે. પોલીસ હવાલા એંગલથી પણ કેસની તપાસ કરી રહી છે. ડીસીપી પ્રિયંકા શુક્લાએ જણાવ્યું કે કૈલાશ ખત્રી (38) તેની પત્ની અને બાળકો સાથે પંથ નગર અશોકા ગાર્ડનમાં પોતાના ઘરમાં રહે છે.

### નરેન્દ્ર દાભોલકર હત્યા કેસમાં બેને આજીવન કેદ, પુણેની કોર્ટે 11 વર્ષ બાદ ચુકાદો સંભળાવ્યો

પુણે | મહારાષ્ટ્ર અંધશ્રદ્ધા નિવારણ સમિતિના વડા નરેન્દ્ર દાભોલકરની હત્યા કેસમાં 11 વર્ષ બાદ કોર્ટનો ચુકાદો આવ્યો છે. પુણેની સીબીઆઈ સ્પેશિયલ કોર્ટે આરોપી સચિન અન્દુરે અને શરદ કલસ્કરને દોષિત જાહેર કર્યા છે. કોર્ટે બંનેને આજીવન કેદની સજા ફટકારી છે. હત્યાના માસ્ટરમાઈન્ડ ગણાતા ડૉ. વીરેન્દ્ર સિંહ તાવડે ઉપરાંત કોર્ટે વિક્રમ ભાવે અને સંજીવ પુનાલકરને નિર્દોષ જાહેર કર્યા છે. હત્યા કેસમાં કુલ 5 આરોપી હતા.

### અખિલેશના પ્રચારમાં કન્નૌજ પહોંચેલા રાહુલ ગાંધીનો હુંકાર

# I.N.D.I.A. ગઠબંધનનું તોફાન આવી રહ્યું છે

### મોદી ડરી ગયા છે, અદાણી-અંબાણીને કહે છે કે મને બચાવો, તેઓ 2024માં PM નહીં બને

(એજન્સી) કન્નૌજ । તા. 10

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને અખિલેશ યાદવે શુક્રવારે કન્નૌજમાં સંયુક્ત રેલી યોજી હતી. રાહુલે કહ્યું- નરેન્દ્ર મોદી ડરી ગયા છે. આ ડરને કારણે તેઓ તેમના મિત્રોને કહી રહ્યા છે- અદાણી-અંબાણી, મને બચાવો. ઈન્ડી ગઠબંધને ઘેરી લીધા છે. હું હારી રહ્યો છું. રાહુલે દાવો કર્યો હતો કે મોદી 2024માં પીએમ નહીં બને. મોદીએ કરોડો યુવાનોને બેરોજગાર કર્યા. વેક્સિન બનાવતી કંપની પાસેથી કરોડો રૂપિયા લીધા. તમે મરી રહ્યા હતા અને તે કહેતા હતા કે થાળી વગાડો અને તાળી વગાડો. નફરતને ખતમ કરવા માટે અમે પ્રેમ ફેલાવ્યો છે. અખિલેશે કહ્યું- ભાજપની હાર માટે માત્ર 4 સ્ટેજ અને 4 સ્ટેપ બાકી છે. ભાજપનું સમગ્ર સંતુલન તોડી નાખો. કન્નૌજમાં દેખાતા તમામ મોટા કામો સપા સરકાર દ્વારા કરવામાં આવ્યા છે. આ રેલીમાં આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે પણ ભાગ લીધો હતો.



### કન્નોજમાં જે પણ મોટું કામ થયું તે સમાજવાદી પાર્ટીની દેન : અખિલેશ યાદવ

કન્નૌજ લોકસભા મતવિસ્તારના ઉમેદવાર અને સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે જનસભાને સંબોધતા કહ્યું કે, 'કન્નૌજમાં જે પણ મોટું કામ થયું છે તે સમાજવાદી પાર્ટીની દેન છે. જો કોઈ હાઈવે પર મુસાફરી કરે તો તેને ખબર હશે કે આ સમાજવાદીઓનો હાઈવે છે. મને પૂરો વિશ્વાસ છે કે કન્નૌજના લોકો એવા લોકોને જવાબ આપશે જે અમારી અને તમારી વચ્ચે દિવાલ બનીને ઉભા છે.'

### ઉત્તર પ્રદેશમાં ભાજપની મોટી હાર થવા જઈ રહી છે : રાહુલ ગાંધી

આ ઉપરાંત રેલીને સંબોધિત કરતા દરમિયાન વધુમાં કહ્યું હતું કે 'તમે લખી લો કે ઉત્તર પ્રદેશમાં ભાજપની સૌથી મોટી હાર થવા જઈ રહી છે. અને યુપીમાં પરિવર્તન આવશે તો દેશમાં પરિવર્તન આવશે. રાહુલ ગાંધીએ વધુમાં અદાણી-અંબાણીનું નામ લઈને વડાપ્રધાન પર પ્રહાર કરતા કહ્યું કે 'પીએમ મોદીએ 10 વર્ષ સુધી અદાણી અને અંબાણીના નામ લીધા ન હતા, પરંતુ જ્યારે તેઓ ડરી ગયા ત્યારે તેમણે તેમના બે મિત્રોના નામ લીધા અને કહ્યું કે આવો અને મને બચાવો, I.N.D.I.A. ગઠબંધને મને ઘેરી લીધો છે.

### માલદીવની અક્કલ ઠેકાણે આવી, મોદીની ટીકા વિશે કહ્યું

# ભવિષ્યમાં આવી ભૂલ નહીં કરીએ...



(એજન્સી) નવી દિલ્હી । તા. 10

માલદીવના ત્રણ મંત્રીઓએ લક્ષદ્વીપ મુદ્દે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટીકા કર્યા બાદ બંને દેશો વચ્ચેના સંબંધો સંપૂર્ણ વણસી ગયા છે, ત્યારે મોહમ્મદ મોઈજ્જુ સરકારના વિદેશ મંત્રી મૂસા જમીર ભારતની મુલાકાતે આવતા ફરી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. મૂસાએ આજે વિદેશ મંત્રી એસ.જયશંકર સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન મૂસાએ વડાપ્રધાન મોદીની ટીકા મુદ્દે પણ જવાબ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, માલદીવમાં ભારતીય પ્રવાસીઓની સંખ્યા ઘટી ગઈ છે. માલદીવમાં દુનિયાભરમાંથી કુલ મળી 1757393 પ્રવાસીઓ આવે છે. તેમાં સૌથી વધુ સંખ્યા ભારતીયોની હતી. ત્યાં 1757939 સહેલાણીઓ દુનિયાભરમાંથી 2023માં આવ્યા હતા. જે પૈકી સૌથી વધુ (209198) સહેલાણીઓ ભારતના હતા. તે પછી રશિયાના 209146 અને ચીનના માત્ર 187118 સહેલાણીઓ આવ્યા હતા.

### 1 અમારી સરકારનું આવું વલણ નથી : માલદીવના વિદેશમંત્રી

જ્યારે વડાપ્રધાન લક્ષદ્વીપની મુલાકાતે ગયા હતા, ત્યારે માલદીવના ત્રણ મંત્રીઓ દ્વારા તેમની ટીકા કરવામાં આવી હતી અને કહ્યું હતું કે, આ જગ્યાની તુલના ક્યારેય માલદીવ સાથે ન થઈ શકે. જોકે માલદીવના વિદેશમંત્રી મૂસા જમીરે આ મુદ્દે કહ્યું કે, 'અમે તે દરમિયાન કહ્યું હતું કે, સરકાર દ્વારા આ વલણ અપનાવાયું નથી. અમારુ માનવું છે કે, આવુ ન થવું જોઈએ. આ મુદ્દે સોશિયલ મીડિયા પર ગેરસમજ ફેલાવાઈ હતી. માલદીવ અને ભારતની સરકાર સમજે છે કે, શું થયું હતું અને અમે ઘણા આગળ વધી ગયા છીએ.

### 2 માલદીવના ત્રણ મંત્રીએ વડાપ્રધાન મોદીની ટીકા કરી હતી

આ વર્ષે જાન્યુઆરીમાં માલદીવના ત્રણ મંત્રીઓએ વડાપ્રધાન મોદી વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરી હતી, જેના કારણે બંને દેશો વચ્ચે સંબંધો બગડ્યા હતા. ત્યારબાદ માલદીવ સરકારે પણ મોદીની ટીકા કરનાર ત્રણેય મંત્રીઓ સામે આકરી કાર્યવાહી કરી સસ્પેન્ડ કરી દીધા હતા. ત્રણે મંત્રીએ ભારપૂર્વક કહ્યું હતું કે, આ જગ્યા (લક્ષદ્વીપ)ની તુલના ક્યારેય માલદીવ સાથે ન થઈ શકે. એ નિવેદન બાદથી જ ભારત તરફથી માલદીવનો બહિષ્કાર કરાયો હતો અને જોત જોતામાં અનેક લોકોએ માલદીવની ટ્રિપ્સ કેન્સલ કરી દીધી હતી.

### બેંગલુરુમાં વરસાદને કારણે 17 ફ્લાઈટ ચેન્નાઈ ડાયવર્ટ



(એજન્સી) બેંગલુરુ । તા. 10

શુક્રવારે સવારે બેંગલુરુમાં વરસાદને કારણે આખું શહેર પાણીમાં ગરકાવ થઈ ગયું હતું. ભારે વરસાદને કારણે બેંગલુરુ ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ 2માં પાણી લીક થવાને કારણે ઘણી ડોમેસ્ટિક ફ્લાઈટ્સને ડાયવર્ટ કરવી પડી હતી. સાથે જ અનેક માર્ગો પર પાણી ભરાઈ જવાના કારણે પોલીસે ટ્રાફિકને અન્ય માર્ગો પર વાળવો પડ્યો હતો. બેંગલુરુ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (BIAL) એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે 9 મેની રાત્રે ટૂંકા ગાળામાં ભારે વરસાદને કારણે એરપોર્ટ ટર્મિનલ્સમાં પાણી લીકેજ થયું હતું. 13 ડોમેસ્ટિક ફ્લાઈટ્સ, ત્રણ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ અને એક ઈન્ટરનેશનલ કાર્ગો ફ્લાઈટને ચેન્નાઈ ડાયવર્ટ કરવી પડી હતી.

## 'કોંગ્રેસ સત્તામાં આવશે તો રામ મંદિરનું કરાવીશું શુદ્ધિકરણ'

■ મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ નાના પટોલેએ ભાજપ સરકાર પર સાધ્યું નિશાન

(એજન્સી) મુંબઇ । તા. 10




મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ નાના પટોલેએ રામ મંદિર, વડાપ્રધાન મોદી અને શંકરાચાર્ય અંગે ચોંકાવનારું નિવેદન આપ્યા બાદ વિવાદ ઉભો થયો છે. તેમણે કહ્યું કે, લોકસભા ચૂંટણીમાં ઈન્ડિયા ગઠબંધન સત્તામાં આવશે તો અયોધ્યામાં રામ મંદિરનું શુદ્ધિકરણ કરાવીશું. તેમણે એમ પણ કહ્યું કે, ચારેય શંકરાચાર્યો રામ મંદિરને શુદ્ધ કરશે. પટોલેએ દાવો કર્યો કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અયોધ્યા રામ મંદિર નિર્માણમાં પ્રોટોકૉલનું ઉલ્લંઘન કર્યું છે અને જો વિપક્ષી ગઠબંધનની સરકાર બનશે તો તેમાં ધર્મ મુજબ સુધારો કરીશું. શંકરાચાર્ય તેનો (પ્રાણ પ્રતિષ્ઠા) વિરોધ કર્યો હતો. ચારેય શંકરાચાર્યો રામ મંદિરનું શુદ્ધિકરણ કરશે.

## યૌન શોષણ કેસમાં બ્રિજભૂષણ સામે આરોપો ઘડવામાં આવ્યા

■ દિલ્હી કોર્ટે કહ્યું- 5 મહિલા કુસ્તીબાજોએ જે આરોપ લગાવ્યા છે તેમાં પૂરતા પુરાવા

(એજન્સી) નવી દિલ્હી । તા. 10



મહિલા કુસ્તીબાજોના યૌન શોષણના મામલામાં બીજેપી સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ સામે આરોપો ઘડવામાં આવ્યા છે. દિલ્હીની રાઉઝ રેવન્યુ કોર્ટે શુક્રવારે કહ્યું – બ્રિજભૂષણ સામે આરોપો ઘડવા માટે પૂરતા પુરાવા છે. કોર્ટે તેના પર યૌન શોષણની સાથે મહિલાની ગરિમાનું અપમાન કરવાનો આરોપ પણ લગાવ્યો છે. કોર્ટે બ્રિજભૂષણના રેસલિંગ એસોસિએશનના સેક્રેટરી વિનોદ તોમર સામે પણ આરોપો ઘડવાનો આદેશ આપ્યો છે. કોર્ટે બ્રિજભૂષણ વિરુદ્ધ કલમ 354 હેઠળ કેસ દાખલ કર્યો હતો, એટલે કે મહિલાની ગરિમાને ઠેસ પહોંચાડવાના ઈરાદાથી તેના પર હુમલો અથવા ફોજદારી બળનો ઉપયોગ. દિલ્હી પોલીસે બ્રિજભૂષણ વિરુદ્ધ 15 જૂને ચાર્જશીટ દાખલ કરી હતી.

## ખડગેને ચૂંટણી પંચની સલાહ, સમજી વિચારીને નિવેદન આપો

■ લોકસભા ચૂંટણી-2024 : કોંગ્રેસ અધ્યક્ષે મતદાનમાં ગેરરીતિના આરોપ લગાવ્યા હતા

(એજન્સી) નવી દિલ્હી । તા. 10



કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ચૂંટણી પંચ પર મતદાનમાં વિલંબ અને ચેડા કરવાના આરોપ લગાવ્યા હતા. આ અંગે ચૂંટણી પંચે શુક્રવારે (10 મે) કહ્યું કે ખડગેના આરોપો પાયાવિહોણા અને વાહિયાત છે. મતદાનના આંકડા આપવામાં કોઈ વિલંબ થયો ન હતો. પંચે કહ્યું- ખડગેએ આવા આક્ષેપો કરીને લોકસભા ચૂંટણીની પ્રક્રિયા પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો છે. ચૂંટણીની મધ્યમાં આવા આક્ષેપો કરવાથી જનતામાં ભ્રમ પેદા થાય છે અને નિષ્પક્ષત ચૂંટણી પ્રક્રિયામાં સમસ્યા ઊભી કરે છે. ECએ કહ્યું કે ફાઈનલ મતદાન ડેટા હંમેશા મતદાનના દિવસ કરતા વધારે હોય છે. અમે તેને 2019ની ચૂંટણીથી મેટ્રિક્સ પર અપડેટ કરી રહ્યાં છીએ.

### 5000 કરોડના વ્યવહારો શંકાસ્પદ, તમામ કંપનીઓ એશ્વર્યા ડાઈંગને કોલસો પૂરો પાડતી હતી...

# એશ્વર્યા ડાઈંગ, એસએન ટ્રેડલિંક, આદર્શ કોલ, તરનજ્યોત સહિત ચાર કંપની પર ITના દરોડા



(એજન્સી) સુરત | તા.10

રાજ્યમાં લોકસભાની ચૂંટણી પૂરી થતા આવકવેરા વિભાગે દરોડા પાડી માર્કેટમાં ગરમાટો લાવી દીધો છે. ગુરૂવારે સવારથી કડોદરાની ડાઈંગ મિલ અને ડુમસ રોડ પર ઓફિસ ધરાવતા કોલસાના 3 આયાતકારોને ત્યાં દરોડા પાડ્યા હતા. તમામનું કુલ ટર્નઓવર 5 હજાર કરોડની નજીક છે, જે હાલ શંકાના દાયરામાં છે. 30 અધિકારીની ટીમે તમામ વ્યવહારો પર બિલોરી કાચ મૂકી દીધો છે.

શહેરભરની મોટાભાગની ડાઈંગ મિલોમાં આ આયાતકારો જ કોલસો પૂરો પાડે છે. આથી જે ડાઈંગ મિલોના ડેટા-હિસાબો કોલસાના વેપારીઓને ત્યાંથી મળ્યા છે તે તમામ મિલોનો હવે વારો આવી શકે છે. આ પહેલીવાર થયું છે કે કોલસા વેપારીઓને આઈટીએ સાણસામાં લીધા હોય, ઉપરાંત ડાઈંગ મિલમાં પણ કોરોના બાદ પહેલીવાર તપાસ થઈ છે.

ITની ઈન્વેસ્ટિગેશન વિંગના ડીઆઈ સુરેશ બત્તીનીની દેખરેખ હેઠળ એડીઆઈ વિભોર બદોનીની આગેવાનીમાં કડોદરાની એશ્વર્યા ડાઈંગ મિલ ઉપરાંત કોલસા વેપારી સજ્જન અગ્રવાલની એસ.એન. ટ્રેડ લિંક, તરનજ્યોત અને ગુરમીતની કોલ કંપની અને આદર્શ કોલ કંપની પર દરોડા પડાયા હતા.

વહેલી સવારથી અધિકારીઓ ધંધાકીય સ્થળ અને રહેણાંક પર પહોંચ્યા હતા, જેમાં એશ્વર્યા ડાઈંગ મિલના માલિક રમેશ ડુમસિયાના પાર્લે પોઈન્ટના બંગલો પર પણ તપાસ થઈ છે. કોલસાના એક આયાતકારના દરોડામાં ચર્ચા ઊઠી કે કંપનીમાં ભાજપના એક સભ્ય પાર્ટનર છે. જોકે, કંપનીમાં કર્મી હોવાનું જણાવ્યું હતું. શહેરમાં 400 જેટલી ડાઈંગ મિલો છે અને મોટાભાગની મિલો કોલસા પર આધારિત છે. ઉપરાતં ઝારખંડ સહિતના કેટલાંક રાજ્યોથી આવતા કોલસા ઉપરાંત મોટાભાગનો કોલ ઈન્ડોનેશિયા સહિતના દેશોમાંથી આવે છે. સી.એ. જગદીશ વૈષ્ણવ કહે છે કે, દરોડા અગાઉ ઘણી તૈયારી થતી હોય છે અને હાલ જે સોફ્ટવેર વિભાગ વાપરે છે તેમાં દરેક પ્રકારના ડેટા તેમને મળી રહે છે. આથી જ કરદાતાએ રિટર્ન ભરતી વખતે ખાસ તકેદારી રાખવી જોઈએ.

દરોડા અગાઉ કોઈને જાણ થઈ ન હતી. ટીમને પહેલાં વલસાડ લઈ જવાઈ હતી અને વાપીના અધિકારીઓને પણ તેમાં જોડી દેવાયા હતા. સુરતથી પણ સિલેક્ટેડ અધિકારીઓને જ દરોડામાં સામેલ કરાયા હતા. મોરબીમાં પણ કોલસાની પેઢી પર દરોડા પડ્યા છે, જે સુરતની પેઢી સાથે જ સંકળાયેલી છે.

---

**ન્યૂઝ કોર્નર**

### પૈસાની ઉઘરાણી મુદ્દે 2 યુવાન પર 3 શખ્સોએ હુમલો કર્યો

પોરબંદર | પોરબંદર શહેરમાં ચોપાટી પાસે રિલાયન્સના ફુવારા પાસે ગત તા. 07-05-2024 ના રોજ રાત્રીના સમયે બેસેલા 2 યુવાન પર પૈસાની ઉઘરાણી બાબતે 3 શખ્સોએ આવીને માર માર્યો હતો અને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કર્યો હતો. વીરડી પ્લોટમાં રહેતા કાનજીભાઈ પરબતભાઈ મારૂએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગત તા. 07-05-2024 ના રોજ કાનજીભાઈ ચોપાટી પાસે આવેલા રિયાલન્સના ફુવારા પાસે સીમેન્ટના બાકડા પર બેઠો હતો ત્યારે અમિત જેઠવા નામનો શખ્સ પોતાના 2 મિત્રો સાથે ત્યાં આવ્યો હતો અને કાનજીભાઈને જેમ ફાવે તેમ ભુંડી ગાળો કાઢીને તેના બે મિત્રોએ કાનજીભાઈને પકડી રાખીને અમિત જેઠવા તેને માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તથા મંગેરાને પણ જેમ ફાવે તેમ ભુંડી ગાળો કાઢીને કાનજીભાઈ તથા રસિકભાઈને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કર્યા હતા.

### તરસાઇ રોડની સાઈડમાં ઉભેલા બે યુવાનને વાહન ચાલકે હડફેટે લીધા

પોરબંદર | પોરબંદર જામનગર હાઈવે પર આવેલ તરસાઈ ગામના રોડ પર સાઈડમાં ઉભેલા બે યુવાનને અહીંથી પસાર થતા એક માલ વાહક વાહને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતમાં બન્ને યુવાનને ઈજા થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોરબંદર જામનગર હાઈવે પર આવેલ તરસાઈ ગામમાં રોડ પર સાઈડમાં ઉભેલા જેઠવા સૂફીયાન ફારૂક(ઉ.16) અને સામીલ અયૂબ હિંગોળા(ઉ.18) નામના બંને યુવાનને અહીંથી પસાર થતા માલ વાહક વાહને હડફેટે લીધા હતા.આ અકસ્માતમાં બંને યુવાનોને ઈજા થતાં તેમને સારવાર માટે પોરબંદરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા તો આ અકસ્માતમાં જેઠવા સૂફીયાન ફારૂકને પગના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેમને વધુ સારવાર માટે અન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.આ અકસ્માત બાદ માલ વાહક વાહન ચાલક નાસી છૂટયો હતો.

---

# ક્રાઈમ સિરિયલને ઝાંખી પાડે તેવી ઘટના

## પુત્રવધૂએ માતા સાથે મળી સાસુને રહેંસી નાખ્યાં, મરચું છાંટી હુમલો કર્યા બાદ ગળા, કપાળ સહિત શરીર પર કટર ફેરવી હત્યા કરી...

(એજન્સી) અમરેલી | તા.10

ખોફનાક ક્રાઈમ સિરીયલની ઘટનાને પણ ઝાંખી પાડે તેવી ખોફનાક હત્યાની ઘટના સાવરકુંડલામાં બની હતી. ફ્રેન્ડસ સોસાયટીમાં એક મહિલાની હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. જેમાં તપાસ કરતા ચોંકાવનારો ખુલાસો થયો હતો. આ મહિલાની હત્યા તેમની પુત્રવધુ તેમજ તેમની વેવાણે જ કરી હોવાનું સામે આવ્યું હતું. લાદી કાપવાના કટર વડે ગળુ કાપીને હત્યા કર્યાનું ખુલ્યુ છે. ઘરકંકાસથી કંટાળીને પુત્રવધુએ તેની સાસુની હત્યા કરી હતી. તેમજ તેના પતિ પર પણ હુમલો કર્યો હતો.

પોલીસ તપાસ કરી રહી હતી. તે દરમિયાન વૈભવના સાસુએ આક્ષેપ કર્યો હતો કે, વૈભવે જ તેમની માતાની હત્યા કરી નાખી છે. તો વૈભવે આક્ષેપ કર્યો હતો કે, તેમની સાસુ અને પત્નીએ તેમની માતાની હત્યા કરી છે. આ બંનેના ગંભીર આક્ષેપ વચ્ચે અમરેલી SP હિમકર સિંહ દ્વારા સૂચના આપતા સાવરકુંડલાના ડી.વાય.એસ.પી. તેમજ લોકલ ક્રાઈમ બ્રાન્ચ સહિતનાઓએ ઊંડાણ પૂર્વક તપાસ શરૂ કરી હતી. સતત 12 કલાક સુધી પૂછપરછ કર્યા બાદ અંતે પોલીસને હત્યાનો ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી. આ બનાવની વિગત જોઈએ તો મૃતક બીનાબેન પાઠકનો પુત્ર વૈભવના આઠ માસ અગાઉ શ્વેતા નામની યુવતી સાથે લગ્ન થયા હતા.

વૈભવ બેંકમાં નોકરી કરે છે, તેમના ઘરે તેમના સાસુ મહેમાન બનીને આવ્યાં હતા. તે દરમિયાન વૈભવ સાંજે જ્યારે નોકરી પરથી ઘરે પહોંચ્યો તો ત્યારે ઘરમાં તેની માતાની લોહીલુહાણ હાલતમાં લાશ પડી હતી. ત્યારે અચાનક જ તેની પત્ની શ્વેતા અને તેની સાસુ સોનલે વૈભવ પર મરચાની ભુંકી છાંટી હતી. જેથી યુવક દોડીને ઘર બહાર નીકળી ગયો હતો અને આસપાસના લોકોને બોલાવીને પોલીસને જાણ કરી હતી.

સમગ્ર ઘટનાને પગલે તાત્કાલીક પોલીસ દોડી આવી હતી અને લાશ કબ્જે કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. આ તપાસ દરમિયાન ચોંકાવનારી વિગત ખુલી હતી. શ્વેતાને તેની સાસુ બીનાબેન સાથે અવારનવાર કંકાસ થતો રહેતો હતો. જેથી તેણે જ હત્યાનો પ્લાન ઘડ્યો હતો અને તેની માતાને અમદાવાદથી સાવરકુંડલા બોલાવ્યાં હતા. જેને પગલે તેની માતાએ પ્રથમથી પ્લાન બનાવ્યાં મુજબ નવુ કટર ખરીદીને લઈ આવ્યાં હતા.



પુત્રવધુએ સાસુને પકડી રાખ્યા ને વેવાણે હત્યા કરી

બીજી તરફ સાંજે વૈભવ ઘરે આવે તે પહેલા જ શ્વેતાએ તેની સાસુ બીનાબેનને મરચુ છાંટી અને બીનાબેનના માથામાં કોઈ પદાર્થ મારી હુમલો કર્યો હતો. જેથી બીનાબેન ત્યા જ ઢળી પડ્યા હતા. બાદમાં શ્વેતાએ કટરની પીન પ્લગમાં ભરાવી હતી અને પોતાના સાસુને પકડી રાખ્યા હતા. જે બાદ તુંરત જ સોનલબેને માથાના ભાગે, ડોકના ભાગે, આંખ, કપાળ તથા પેટ પર ઈલેક્ટ્રીક કટર ફેરવી દઈ નિર્મમ હત્યા કરી નાખી હતી.

### હત્યા કરી ઠંડે કલેજે રૂમની બહાર આવી ગયા

ઘટનાને અંજામ આપી બન્ને ઠંડે કલેજે રૂમની બહાર આવી ગયા હતા. જે બાદ રાત્રે વૈભવ નોકરી કરી ઘરે પરત આવતા સાસુ સોનલે તેના પર પણ મરચાની ભુંકી છાંટીને હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, વૈભવ છટકીને બહાર ભાગી જવામાં સફળ થયો હતો. માતા-પુત્રી બન્ને વૈભવને પણ મારી નાખવા માંગતા હતા. પોલીસે વૈભવની ફરિયાદ પરથી શ્વેતા અને તેની માતા સોનલ સામે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

**DYSP શું કહ્યું ?:** સાવરકુંડલાના DYSP પી.આર.રાઠોડે જણાવ્યું કે, આ ઘટનામાં પથ્થર કાપવાના કટરનો ઉપયોગ કરીને હત્યા કરવામાં આવી છે. તપાસ દરમિયાન મૃતકના પુત્રની પત્ની અને સાસુ દ્વારા જ હત્યા કર્યાનું ખુલ્યું છે. આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ફોરેન્સિક તપાસ કરવામાં આવશે. મૃતક અને પુત્રવધુ વચ્ચે સતત ઘરકંકાસ ચાલતા રહેતા હતા અને તેમને પિયરમાં જવા મળતું ન હતું, જેથી તેમની માતાને અમદાવાદથી બોલાવીને હત્યા માટેનું કાવતરું ઘડીને સાસુની હત્યા કરી નાખી હતી. તપાસ દરમિયાન હજુ પણ જે એવોડન્સ પુરાવા મળશે.

---

### ભગવતીપરામાં રહેવું હોય તો અમે કહીએ તેમ કરવાનું...

# પોલીસની મથામણ: ગુલિયા ગેંગનો આતંક જમીન અને મકાનના ધંધાર્થી પર હુમલો...

(એજન્સી) રાજકોટ | તા.10

શહેરમાં પોલીસનું અસ્તિત્વ જ ન હોય તેમ છેલ્લા કેટલાક સમયથી લુખ્ખાઓ બેફામ બન્યા છે. થોડા દિવસો પહેલાં જ 50થી વધુ ગુનામાં સંડોવાયેલા ઈભલા બાદ અગાઉ ફાયરિંગ, દારૂ, સહિતના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા ભગવતીપરામાં પાંચ માસ પહેલાં ઝઘડાના પ્રશ્ને જમીન મકાનના ધંધાર્થી પર સરાજાહેર હુમલો કરી ભગવતીપરામાં રહેવું હોય તો અમે કહી તેમ કરવાનું કહી ધમકી આપી નાસી જતા બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી ગુલિયા અને તેની ટોળકીએ ઝડપી લેવા મથામણ કરી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ભગવતીપરા પાસેના અયોધ્યા પાર્કમાં રહેતા અને જમીન મકાનના ધંધાર્થી મોઈનભાઈ અનવરભાઈ જુણેજાએ ફરિયાદ કરી હતી જેમાં આરોપી તરીકે ગુલિયો ઉર્ફે ગુલમહમદ ઈબ્રાહીમભાઈ મોડ, સલીમ હનીફશા શાહમદાર, સદામ હનીફશા શાહમદાર, સાવન મીઠાભાઈ પરમાર, નાસીર ઈબ્રાહીમભાઈ મોડના નામો આપ્યા હતા. ફરિયાદમાં જણાવ્યું હતું કે, બુધવારે રાત્રીના તેની સુખસાગર હોલ પાસેની સબર નામની ઓફિસેથી એક્ટિવા લઈને ઘરે જતો હતો ત્યારે ઘર નજીક દૂધ લેવા માટે ડેરીએ ઊભો રહેતા અચાનક ધોકા, પાઈપ સાથે ધસી આવેલો સલીમ શાહમદાર, સદામ અને સાવન પરમાર સહિતે હુમલો કરતા તેને જીવ બચાવવાની કોશિશ કરવા માટે દોટ મૂકી હતી પરંતુ ત્રિપુટીએ પાછળ દોડી હુમલો કરી સલીમએ તને ગુલિયા સાથેની દુશ્મની બહુ જ મોંઘી પડશે કહી નાસી જતા દેકારો થયા બાદ લોકો એકઠા થઈ ગયા હોય જાણ કરતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હોવાનું જણાવ્યું હતું તેમજ તેને ફરિયાદમાં વધુ જણાવ્યું હતું કે, પાંચેક માસ પહેલાં ભગવતીપરામાં રહેતો ગુલિયાના પુત્ર આફતાબ ઉર્ફે કારિયો અને મહંમદ પઠાણ વચ્ચે ઝઘડો થયો હતો જેથી ગુલિયો મહંમદને મારકૂટ કરતો હોય જેથી મારા ભાઈના મિત્ર હોય અમે મહંમદ સાથે બેસતા હોય જેથી તેના ભાઈ નાસીરની દુકાને જઈ અગાઉ ગુલિયાએ ભગવતીપરામાં રહેવું હોય તો અમે કહી તેમ જ કરવું પડશે કહી ધમકી આપી હતી અને ત્યાર બાદ સાવન પરમારે અમારી પર એટ્રોસિટીની ફરિયાદ કરી હતી તેમ છતાં તેના શરણે નહીં થતાં હુમલો કર્યો હોવાનું જણાવતા પીએસઆઈ શેખ સહિતે ગુનો નોંધી તપાસ કરતા આરોપીઓ સીસીટીવીમાં કેદ થઈ ગયા હોય તેને ઝડપી લેવા કાર્યવાહી કરી હતી.

---

# કોસાડ આવાસમાં 6 મહિનામાં બીજીવાર વિજિલન્સના દરોડા, 3.73 લાખના જુગાર સાથે 23 જુગારી ઝડપાયા

સુરત | અમરોલીના કોસાડ આવાસમાં ચાલતા સલીમ શાહના જુગારના અડ્ડા પર સ્થાનિક પોલીસ ઊંઘતી રહીને ગાંધીનગરની વિજિલન્સની ટીમે 6 મહિનામાં બીજીવાર દરોડા પાડી 6 રાઈટર સહિત 23 જુગારીઓને પકડી પાડ્યા છે. પકડાયેલા જુગારીઓ પાસેથી 47,360ની રોકડ, 18 મોબાઈલના રૂ.78 હજાર, સાત વાહનોના રૂ.2.45 લાખ સહિત 3.73 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. જુગારના અડ્ડા ચલાવતો કોસાડ આવાસનો સૂત્રધાર સલીમ કરીમ શાહ ભાગી જતા તેને વોન્ટેડ જાહેર કર્યો છે. વધુમાં વિજિલન્સના સ્ટાફે જણાવ્યું કે, લોકસભાની ચૂંટણી પુરી થયા પછી બે દિવસથી અમરોલીના કોસાડ આવાસમાં પૂરજોશમાં આ જુગારના અડ્ડા શરૂ થયું હતું. વિજિલન્સે આવાસમાં ચારેય બાજુથી કોર્ડન કરી રેડ પાડી ત્યારે 50થી વધુ જુગારીઓ ચકલી, પોપટ સહિતના ચિત્રો પર જુગાર રમતા હતા. રેડને પગલે નાસભાગ મચી ગઈ હતી. જેના કારણે 23 જુગારીઓ વિજિલન્સના હાથમાં આવી ગયા હતા. અગાઉ 6 મહિના પહેલા આ જુગારના અડ્ડા પર વિજિલન્સે રેડ કરી હતી. તે વખતે પણ 24 જુગારીઓ લાખોની રકમ સાથે પકડાયા હતા.

---

# આજે તારી નેતાગીરી ઉતારું છું, કહી ભાજપના કાર્યકર પર હુમલો

(એજન્સી) વડોદરા | તા.10

નવલખીમાં ચૂંટણીના દિવસે ભાજપના કાર્યકર અને તેના મિત્રની વચ્ચે ચૂંટણીના દિવસે સાંજે ઝઘડો થયો હતો, જેમાં કોંગ્રેસનો કાર્યકર્તા એ પણ ભાજપના કાર્યકર્તાને ધમકી આપી હતી, જેથી તેણે કોંગ્રેસના કાર્યકર્તા અને મિત્રની સામે ફરિયાદ નોંધાવી હતી.

નવલખી કપાઉન્ડમાં રહેતા કેટરીંગનો વ્યવસાય કરતા રાજુભાઈ પટેલ ભાજપના કાર્યકર છે. ચૂંટણીના દિવસે તે બૂથ નં. 190-191નુ રીપોર્ટીંગ કરવા નવલખી પાસે ટેબલ લગાવીને બેઠા હતા.સાંજના પોણા છ વાગે રાજૂભાઈના મિત્રનો ભાઈ સન્ની સપકાલ ઉર્ફે હડ્ડી ત્યાં નશાની હાલતમાં આવ્યો હતો અને રાજૂભાઈને મારવા લાગ્યો હતો અને કહ્યું હતું કે, આજે તારી બધી નેતાગીરી ઉતારુ છું. તને જીવતો નહીં રહેવા દઉ. પોલીસ મારા ખિસ્સામાં જ છે આમ કહીને તે ત્યાંથી જતો રહ્યો હતો.થોડા સમય બાદ કોંગ્રેસના ટેબલ પર બેઠેલો હિમાંશુ પરમારે પણ રાજુભાઈને કહ્યું હતું કે, આવતી ચૂંટણીમાં અહીંયા ટેબલ લગાવવું નહીં , નહીં તો આનાથી પણ ખરાબ હાલત થશે. ગુરુવારે સન્ની સપકાલ અને કોંગ્રેસ કાર્યકર્તા હિમાંશુ પરમાર સામે રાવપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

---

# માલપુર ડભાડ રોડ પરના તબેલામાંથી 2 લાખની 4 ભેંસો તસ્કરો ચોરી ગયા

(એજન્સી) મહેસાણા | તા.10

ખેરાલુના ડભાડ રોડ પર આવેલા ખેતરમાં તબેલામાંથી ચાર ભેંસો અજાણ્યા તસ્કરો પીક અપ ડાલામાં ભરી ચોરી ગયા હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર ઘટના અંગે ખેરાલુ પોલીસમાં ચાર ભેંસો ચોરી અંગે પશુપાલકે અજાણ્યા તસ્કરો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે. મૂળ બનાસકાંઠા જિલ્લાના રાણી ઉમરી ગામના અને હાલ છેલ્લા ત્રીસ વર્ષથી ખેરાલુ તાલુકામાં આવેલા માલપુર ગામના ચૌધરી ગણેશ ભાઈની જમીન ભાગે વાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા ખોખરીયા લાલુભાઈ જેઓ ગણેશ ભાઈના ખેતરમાં રહે છે. તેમજ ખેતરમાં આવેલા ખાલી તબેલામાં ફરિયાદીએ પોતાના 14 પશુઓ બાંધ્યા હતા. જ્યાં 8 મેં ના રાત્રી ફરિયાદી પોતાના પરિવાર સાથે જમી પરવારી સુઈ રહ્યા હતા. એ દરમિયાન રાત્રે અઢી વાગે તબેલામાં અવાજ આવતા ફરિયાદી ઉઠી ગયા હતા.

અવાજ આવતા જ ફરિયાદી ઉઠીને તબેલા બાજુ જતા અજાણ્યા ઈસમો પીક અપ ડાલામા પશુઓ ભરી રહ્યા હતા. જ્યાં ફરિયાદીએ અવાજ કરતા અજાણ્યા શખ્સ પીક અપ ડાલું લઈ ફરાર થઇ ગયા હતા. જ્યાં ફરિયાદીએ તબેલામાં તપાસ કરતા 14 પશુઓમાંથી 50 હજાર કિંમતની ચાર ભેંસો જોવા મળી નહોતી. ત્યારબાદ ફરિયાદી અને તેમના પુત્રે બાઈક લઈ રાત્રે પીક અપ ડાલાનો પીછો કર્યો હતો. જોકે, અંધારું હોવાથી પીક અપ ડાલું ફરાર થઇ ગયું હતું. સમગ્ર ઘટના અંગે 2 લાખ રૂપિયાની ભેંસો ચોરી અંગે તેઓએ ખેરાલુ પોલીસમાં અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

---

# 17 લાખ માટે વેપારીને કિડનેપ કરનાર રાજકોટના 5 ઝડપાયા

(એજન્સી) સુરત | તા.10

અમરોલી સ્વીટ હોમ રેસીડન્સીમાં રહેતા અને રાખડીનો ધંધો કરતા 35 વર્ષીય યોગેશ પ્રવિણચંદ્ર ગઢીયા 8મી મેએ રાત્રિના કાર લઈ ઘરે જતા હતા. સોસાયટીના ગેટ પાસે કાર પાર્ક કરી વેપારી ઘરે જતા હતા. તે વેળા 5 જણા પહેલા યોગેશ સાથે રૂપિયાની લેતીદેતી બાબતે માર મારવા લાગ્યા હતા.

યોગેશના પિતા પ્રવિણચંદ્ર ગઢીયા પુત્રને બચાવવા વચ્ચે પડ્યા છતાં પાંચેય તેને પકડીને કારમાં લઈ ભાગી ગયા હતા. યોગેશને રાજકોટ લઈ જવાની ફિરાકમાં હતા. જોકે, વેપારીના પરિવારે 100 નંબર પર કંટ્રોલમાં ફોન કરતા પોલીસે 24 મિનિટમાં તમામ પાંચને 10 કિમીના અંતરે સાયણ કેનાલ રોડથી દબોચી લઈ મુક્ત કરાવ્યા હતા. રાજકોટના હોલસેલ વેપારી પ્રવિણ ઘેટીયા પાસેથી અમરોલીના યોગેશ ગઢીયાએ 8 મહિના પહેલા 42 લાખની રાખડી લીધી હતી. 17 લાખ યોગેશ પાસેથી લેવાના બાકી હતી. આ રકમ ન આપતા અપહરણ કર્યું હતું. પોલીસે હોલસેલ વેપારી પ્રવિણ કાનજી ઘેટીયા(54), તેના પુત્ર હાર્દિક(27)(બન્ને રહે. રાજકોટ), પુજન બીપીન હાંસલીયા (24) (રહે,રાજકોટ), જસ્મીન હરીન ઘેટીયા(34)(રહે.રાજકોટ) અને રાજ ધીરજ માકડીયા (29) (રહે.રાજકોટ)ની ધરપકડ કરી ક્રેટા કબજે લીધી છે.

---

**બ્રેકિંગ ન્યૂઝ**

### ગૌચરની જમીનમાં ગેરકાયદે ચાલતા રેતીખનનના કૌભાંડનો પર્દાફાશ

વડોદરા | સંખેડા તાલુકાના વડદલી ગામની સીમમાં ગૌચરની જમીનમાં મોટા પાયા ઉપર રેતી ખનન ચાલતું હતું. આ બાબતની જાણ થતાં ગ્રામજનો અત્રે દોડી આવ્યા હતા. ખૂબ જ વ્યાપક પ્રમાણમાં રેતીનું ખોદકામ થયેલું જોઈ ગ્રામજનો ચોંકી ઉઠ્યા હતા. અને તાત્કાલિક રેતી ખનન બંધ કરાવ્યું હતું. ગ્રામજનોનો રોષ પારખી અત્રે ગેરકાયદેસર રેતીખનન કરનારાઓ નાસી છૂટ્યા હતા. ગામનું ગૌચર ખોદાઈ જવાને કારણે ગ્રામજનોમાં ભયની લાગણી ફેલાઈ હતી. ખાસ કરીને ગામમાં રહેતા પશુપાલકોએ પોતાના પશુઓને ચરાવવા ક્યાં લઈ જવા એક મોટો પ્રશ્ન સર્જાય એમ હતો.

### 3નો બચાવ: રામપુરામાં મોડી રાત્રે જર્જરીત મકાનની દીવાલ ધસી પડી

સુરત | શહેરના રામપુરા વિસ્તારમાં આવેલી લોખાત સાર્વજનિક હોસ્પિટલના કમ્પાઉન્ડમાં એક જર્જરિત મકાનની દીવાલ ધસી પડી હતી. બીજા માળની દીવાલનો ભાગ ધસીને ગ્રાઉન્ડ ફ્લોર પર પડ્યો હતો. દુર્ઘટના સમયે મકાનમાં 3 લોકો હાજર હતાં જેઓ સમયસર બહાર નીકળી જતાં તેમનો ચમત્કારિક બચાવ થયો હતો. હોસ્પિટલના કમ્પાઉન્ડમાં બુધવારે મોડી રાત્રે બનેલા બનાવમાં હોસ્પિટલના કમ્પાઉન્ડના એક જર્જરિત મકાનના બીજા માળની દીવાલ અચાનક ધસી પડી હતી.

---

### પતિનું અમાનુષી કૃત્ય: પટ્ટા-પાઈપથી માર માર્યો

# મિત્ર અને બે ભાણેજને બોલાવી પત્નીને સેટી સાથે બાંધી ગેંગરેપ કરાવતો...!

(એજન્સી) રાજકોટ | તા.10

રાજકોટના મવડી વિસ્તારમાંથી ચકચાર મચાવતી ઘટના સામે આવી છે. જેમાં પતિએ પોતાના મિત્ર અને બે ભાણેજ સાથે મળી પોતાની જ પત્ની પર ગેંગરેપ ગુજાર્યો હોવાનો આક્ષેપ થતા ખળભળાટ મચી જવા પામ્યો છે. આશરે છેલ્લા ત્રણેક માસથી પતિ આ શખસો સાથે મળી પત્નીને સેટી સાથે બાંધી સીતમ ગુજારતો હતો. ઉપરાંત ગુપ્તભાગે ઈજા પહોંચાડતા પત્નીએ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ ઉપરાંત જ્યારે ગેંગરેપ થતો ત્યારે પતિ આ ઘટનાનો વીડિયો ઉતારતો અને આ વીડિયો બતાવી પત્નીને બ્લેકમેઈલ કરતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જેને લઈ પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

રાજકોટમાં રહેતી 22 વર્ષીય પરિણીતાને આજે સવારે સિવિલ હોસ્પિટલના ઈમર્જન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં પરણિતાના ગુપ્તભાગે ઈજા હોવાથી તેને જનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પ્રાથમિક નિવેદનમાં પરિણીતાએ જણાવ્યું હતું કે, ગઈકાલે 8 મે, 2024ના રોજ બપોરે 1.30 વાગ્યા આસપાસ તે પોતાના ઘરે હતી ત્યારે તેનો પતિ તેના મિત્ર અને બે ભાણેજ સાથે આવ્યો હતો.

આ ચારેયે મળી બળજબરી કરી શરીરસંબંધ બાંધ્યો હતો અને ગુપ્તભાગમાં પતિએ બાઈકની ચાવીથી ઈજા પહોંચી હતી. ઉપરાંત પટ્ટા અને પાઈપથી માર માર્યો હતો. જે પછી તબીયત લથડતા આજે પરિણીતાને જનાના હોસ્પિટલમાં દાખલ થઈ હતી. બનાવની જાણ થતા રાજકોટ તાલુકા પોલીસ સ્ટાફ દોડી આવ્યો હતો અને નિવેદન નોંધી ફરિયાદ દાખલ કરવા તજવીજ હાથ ધરી હતી.


---

### શ્વાસનળીમાં ફસાતા ઓક્સિજન લેવલ 70% થઈ ગયું, ડોક્ટરે દૂરબીનથી જટિલ સર્જરી કરી નવજીવન આપ્યું

# OMG..! અઢી વર્ષનું બાળક રમતાં-રમતાં પથ્થર ગળી ગયું

(એજન્સી) રાજકોટ | તા.10

નાનાં બાળકો અવારનવાર રમતાં રમતાં કંઈક ને કંઈક વસ્તુ મોઢામાં નાખી દેતા હોય છે અને ત્યારબાદ કેવી ગંભીર પરિસ્થિતિ સર્જાય શકે તેવો જ એક કિસ્સો તાજેતરમાં રાજકોટમાં સામે આવ્યો છે. જેમાં દોઢ મહિના પહેલાં અઢી વર્ષનો બાળક રમતાં રમતાં પથ્થર ગળી ગયો હતો અને શ્વાસનળીમાં ફસાઈ ગયો હતો. આ કારણે બાળકને દોઢ મહિનાથી કફ મટતો નહોતો. ધીમે-ધીમે ઓક્સિજન લેવલ ઘટવા લાગ્યું હતું. એક સમયે બાળકનું ઓક્સિજન લેવલ 70 ટકા થઈ જતાં માતા-પિતા ચિંતામાં મુકાયાં હતાં અને તુરંત બાળકને રાજકોટ હોસ્પિટલ લાવ્યાં હતાં. રાજકોટની હોસ્પિટલમાં નિદાન કરતા પથ્થર શ્વાસનળીમાં ફસાયો હોવાનું માલૂમ પડ્યું હતું. આથી ડોક્ટરે દૂરબીન વડે જટિલ સર્જરી કરી પથ્થર બહાર કાઢી બાળકને નવજીવન આપ્યું હતું. 18 એપ્રિલે ઓપરેશન થયા પછી બાળકને હોસ્પિટલમાં જ રાખવામાં આવ્યો હતો. સંપૂર્ણ રીતે સ્વસ્થ થતાં ગઈકાલે ડિસ્ચાર્જ




આપવામાં આવ્યો હતો.

રાજકોટના વિદ્યાનગર રોડ સ્થિત ડો. હિમાંશુ ઠક્કરની હોસ્પિટલમાં આ કેસ સામે આવ્યો હતો. જેમાં ખરેડીના કેતનભાઈ સરેસિયાના અઢી વર્ષના પુત્ર માધવને છેલ્લા દોઢ મહિનાથી ઉધરસ અને કફ મટતો નહોતો. અનેક ડોક્ટરો પાસે તપાસ કરાવી અને રિપોર્ટ કરાવ્યા. પરંતુ કોઈ ફરક ન જણાતા ફેફસાંનો એક્સ-રે કરવામાં આવ્યો હતો. જેમાં માલૂમ પડ્યું કે, બાળકની શ્વાસનળીમાં જમણી બાજુ છેક ઊંડે ફેફસાંની નજીક કંઈક ફસાયેલ છે અને તેના જમણા ફેફસાંમાં બિલકુલ હવા જતી નહોતી અને ફેફસાંમાં ચેપ પણ લાગી જતાં બાળકને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી.

એટલું જ નહીં ઓક્સિજનનું લેવલ માત્ર 70 ટકા થઈ જવાની સાથે જ SPO2નું પ્રમાણ ખૂબ ઓછું થઈ ગયું હતું. આવી ગંભીર પરિસ્થિતિમાં બાળકના વાલીઓને પૂછતાં માલૂમ પડ્યું કે, આશરે દોઢ મહિના પહેલાં પથ્થર ગળી ગયો હોવાનું જાણવા મળ્યું હતું. બાળકના વાલીઓને શ્વાસનળીમાં દૂરબીનથી તપાસ કરવા માટે સમજાવ્યા હતા તુરંત ડોક્ટરે બાળકને ઓપરેશનમાં લઈ ગયા હતા. શ્વાસનળીમાં દૂરબીન વડે તપાસ કરતા જાણવા મળ્યું કે, પથ્થર શ્વાસનળીની દીવાલ સાથે ચોંટી ગયો છે અને આજુબાજુ કફ પણ છે. શ્વાસનળીની દીવાલ પર સોજો પણ આવી ગયો હતો. તુરંત જ દૂરબીન વડે પથ્થર અને કફ બહાર કાઢી બાળકનો જીવ બચાવ્યો હતો.

# શહેરના વડવામાં યુવાન ઉપર હુમલો કરી વાહનોમાં તોડફોડ



ભાવનગર | શહેરના વડવા, વાસણઘાટ, આસોદરીફળીમાં રહેતા અર્ષદભાઈ અયુબભાઈ મીરા (ઉ.વ.૩૩)ના કાકાના દિકરા અર્શિલભાઈ ફિયાઝભાઈ મીરા નામના યુવાનને ગત મંગળવારે રાત્રિના સમયે વાસણઘાટ પાસે અયાન પઠાણ નામના શખ્સ સાથે બોલાચાલી થઈ હતી. તેની દાઝ રાખી ગઈકાલે બપોરના સમયે અર્શિલભાઈ મીરા બાપેસરા કૂવા, હનફીયા મસ્જિદ પાસે હતા. ત્યારે અયાન પઠાણે તેમને માથાના ભાગે લોખંડનો પાઈપ મારી લોહિયાળ ઈજા પહોંચાડી હતી બિસ્મિલ્લાખાન અને આમીરખાન નામના શખ્સોએ તલવાર લઈ આવી અર્શિલભાઈના ઘરની બહાર ગાળો બોલી દરવાજાને નુકશાન કરી બહાર પાર્ક કરેલ બે વાહનમાં તોડફોડ કરી અર્ષદભાઈને જાનથી મારી નાંખવા ધમકી આપી હતી. આ બનાવ અંગે અર્ષદભાઈ મીરાએ અયાનખાન પઠાણ, બિસ્મિલ્લાખાન અને આમીરખાન (રહે, ત્રણેય કોળીવાડ, વડવા) નામના શખ્સો સામે નિલમબાગ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### આગના બનાવ બાદ મહાપાલિકાની ફાયર સેફ્ટીના મામલે લાલ આંખ

# ભાવનગરમાં વધુ 52 કોમર્શિયલ બિલ્ડીંગને ફાયર સેફ્ટીની નોટિસ ફટકારતા ગભરાટ

(એજન્સી) ભાવનગર | તા.10



ભાવનગર શહેરમાં બનેલા આગના બનાવ બાદ મહાપાલિકાની ટીમે ફાયર સેફ્ટીના મામલે લાલ આંખ કરી છે અને છેલ્લા બે દિવસથી ફાયર સેફ્ટીના મામલે બિલ્ડીંગ ધારકોને નોટિસ ફટકારવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આજે ગુરૂવારે વધુ ૫૨ કોમર્શિયલ બિલ્ડીંગને ફાયર સેફ્ટીના મામલે નોટિસ આપવામાં આવી છે. ચાર દિવસમાં બિલ્ડીંગ ધારકો વર્ક ઓર્ડર નહીં આપે તો સીલ મારવામાં આવશે તેમ ફાયર વિભાગના સુત્રોએ જણાવેલ છે.

ભાવનગર શહેરના વોરાબજારમાં આવેલ હવેલીવાળી શેરીમાં આવેલ એક બિલ્ડીંગના ગોડાઉનમાં ભયંકર આગ લાગી હતી. આ બિલ્ડિંગમાં(ગોડાઉનમાં) કોઈપણ જાતના ફાયર સેફ્ટીના સાધનો ઈન્સ્ટોલ કરેલ ન હતા, જેના પગલે મહાપાલિકાના તંત્રએ કડક કાર્યવાહી શરૂ કરી છે અને ફાયર સેફ્ટીના સાધનો ન હોય તેવી બિલ્ડીંગોને નોટિસ આપવાની કામગીરી હાથ ધરી છે, જેમાં ગત બુધવારે વોરાબજારમાં આવેલ હવેલીવાળી શેરી વિસ્તારમાં ૨૭ બિલ્ડીંગ ધારકોને નોટિસ ફટકારી હતી, જ્યારે આજે ગુરૂવારે શહેરના ગામતળ (બજાર) વિસ્તારના વધુ ૫૨ કોમર્શિયલ બિલ્ડીંગને ફાયર સેફ્ટીના મામલે ફાયર વિભાગે નોટિસ ઈસ્યુ કરી હતી. મહાપાલિકાએ કોમર્શિયલ બિલ્ડીંગ ધારકોને નોટિસ ફટકારતા ગભરાટ ફેલાયો હતો.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટ-૨૦૧૩ સમગ્ર ગુજરાતમાં અમલમાં છે, જેથી ભાવનગર મહાનગરપાલિકા હદ વિસ્તારમાં પણ આ કાયદો લાગુ છે. આ કાયદાની કલમ-૧૮ ની જોગવાઈ મુજબ બિલ્ડીંગમાં અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષાના સાધનો વસાવવા માલિકો બંધાયેલા છે. આ જોગવાઈની અવગણના બદલ આ અધિનિયમની કલમ-૨૬ મુજબ તમારી જગ્યા ખાલી કરાવી અને જગ્યાનો વપરાશ બંધ (સીલ) કરાવવાની જોગવાઈ છે. ફાયર એન.ઓ.સી. લેવા અંગે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરેલ નથી તે ગંભીર બાબત હોઈ ઉક્ત મિલકતમાં ફાયર સેફ્ટીના સાધનો ઈન્સ્ટોલ કરી ફાયર વિભાગનું એન.ઓ.સી. દિન-૦૪ માં લેવાનુ રહેશે. વર્ક ઓર્ડર ચાર દિવસમાં નહીં આવે તો ફાયર વિભાગના દ્વારા કાર્યવાહી કરવામાં આવશે તેમ ફાયર વિભાગના અધિકારીએ જણાવેલ છે.

## તાલાલા સાસણગીર પાસે બે દિવસમાં ત્રીજો તીવ્ર ધરતીકંપ

રાજકોટ | તા. 10

ગીર જંગલમાં તાલાલાથી 12- 14 કિ.મી.ના અંતરે સાસણગીર, બોરવાવ પાસે તીવ્ર ભૂકંપોનો ભેદી સિલસિલો ફરી શરૂ થયો છે. ગઈકાલે બપોરે 3.14વાગ્યે અને 3.18 વાગ્યે માત્ર 4 મિનિટમાં 3.7 અને 3.4ના તીવ્ર ભૂકંપો નોંધાયા બાદ આજે ફરી એ જ વિસ્તારમાં 21.168 અક્ષાંસ અને 70.592 રેખાંશ ઉપર આજે બપોરે 12.55 વાગ્યે રિચર સ્કેલ ઉપર 3.7ની તીવ્રતાથી ધરતી ધ્રુજી ઉઠી હતી. 22 કલાક કરતા ઓછા સમયમાં ઉપરાઉપરી ભૂકંપથી લોકોમાં ભયની લાગણી પ્રસરી છે અને ધ્રુજારી અનુભવાતા લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. સમગ્ર તાલાલા, સાસણગીર અને આસપાસના અનેક ગામોમાં ધરતી ધ્રુજી ઉઠતા લોકોમાં ભયનું મોજુ પ્રસરતા સ્થાનિક પ્રશાસનના અધિકારીઓ આજે સ્થળ ઉપર દોડી ગયા હતા અને ભૂકંપગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી હતી. ભૂકંપ વખતે શુ કરવું તેની માર્ગદર્શિકા આપવામાં આવી હતી.

### સંજેલી નગરમાં 2022માં જ્વેલર્સની દુકામાંથી રૂ.4.25 લાખના

# દાગીનાની ખરીદી કર્યા બાદ નાણાં નહીં ચૂકવતા આરોપીને એક વર્ષની સાદી કેદ

(એજન્સી) દાહોદ | તા.10



દાહોદ જિલ્લાના સંજેલી નગરમાં વર્ષ ૨૦૨૨ની સાલમાં ગામના એક જ્વેલર્સની દુકાનમાંથી એક વ્યક્તિએ લગ્ન પ્રસંગ માટે સોનાના દાગીનાની જરૂર હોય જ્વેલર્સની દુકાનેથી રૂ.૪,૨૫,૫૭૩ ના સોનાના દાગીનાની ખરીદી કરી નાણાં બાકી રાખ્યાં હતા. તે બાદ અવાર નવાર નાણાંની માંગણી કરતાં જ્વેલર્સને વ્યક્તિએ પોતાના બેન્ક ખાતાનો બાકી નાણાંનો ચેક આપતાં વેપારીએ ચેક પોતાના બેન્ક ખાતમાં નાંખતા ચેક બાઉન્સ થયો હતો.જેને પગલે વેપારીએ કોર્ટમાં ફરિયાદ કરતાં ગતરોજ કેસનો ચુકાદો આવતા આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તેમજ ચેકની રકમ જેટલુ વળતર ચૂકવવા આદેશ કર્યો છે. વર્ષ ૨૦૨૨ની સાલમાં સંજેલીના ઝરોરલ, વાંસીયા ગામે રહેતાં રામસીંગભાઈ મતભાઈ ડીંડોરના પરિવારમાં લગ્ન પ્રસંગ હતા.સંજેલી ગામમાં રહેતાં અને સોના-ચાંદીનો વેપાર કરતાં અને સંજેલી નગરમાં જ્વેલર્સની દુકાન ધરાવતાં વસંતકુમાર પ્રકાશચંદ્ર જૈનની દુકાને રામસીંગભાઈ ગયાં હતાં અને જ્યાંથી રૂા.૪,૨૫,૫૭૩ના સોનાના દાગીનાની ખરીદી કરી હતી.આ નાણાંની ચુકવણી માટે સમયમર્યાદા માંગી હતી પરંતુ સમયમર્યાદા વીતી ગયા બાદ પણ રામસીંગભાઈએ વસંતકુમારને નાણાં ન ચુકવતાં અવાર નવાર વસંતકુમાર રામસીંગભાઈ પાસે નાણાંની માંગણી કરી હતી.ગત તા.૬.૬.૨૦૨૨ના રોજનો વસંતકુમારના નામનો રામસીંગભાઈએ પોતાના બેન્ક ખાતાનો ચેક લખી આપ્યો હતો ત્યારે નિયત તારીખ પ્રમાણે વસંતકુમારે પોતાની બેન્કમાં કેચ નાંખતાં રામસીંગભાઈના બેન્ક ખાતામાં નાણાં અભાવે ચેક રિટર્ન થયો હતો.

# ખેડા જિલ્લાનું ધોરણ-12 સામાન્ય પ્રવાહનું 87.43 ટકા પરિણામ

નડિયાદ | તા.10

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવાયેલી બોર્ડની પરીક્ષા પૈકી ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહ જાહેરાત કરી દેવાઈ છે. ઓનલાઈન જાહેર કરાયેલા આ પરીણામોમાં ખેડા જિલ્લાનું સામાન્ય પ્રવાહમાં કુલ ૮૭.૪૩ ટકા પરીણામ જાહેર થયુ છે. જેમાં સૌથી વધુ અલિન્દ્રા કેન્દ્રનું ૯૫.૩૭ ટકા પરિણામ અને ડાકોર કેન્દ્રનું સૌથી ઓછું ૭૩.૨૧ ટકા પરીણામ નોંધાયુ છે. ગુજરાત બોર્ડ દ્વારા જાહેર કરાયેલા પરીણામોમાં ખેડા જિલ્લાના પરીણામ પર નજર કરીએ તો ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને વ્યવસાય લક્ષી પ્રવાહની વાત કરવામાં આવે તો આ પરીક્ષા કુલ જિલ્લાના ૧૫ કેન્દ્રો પર લેવામાં આવી હતી. જેમાં સામાન્ય પ્રવાહમાં નોંધાયેલા વિદ્યાર્થીની સંખ્યા ૧૧,૪૭૯ પૈકી હાજર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૧,૪૧૪એ આ પરીક્ષા આપી હતી. જેમાં જિલ્લાનું કુલ ટકાવારી પરીણામ જોઈએ તો, ૮૭.૪૩ ટકા આવ્યું છે. કેન્દ્ર દીઠ પરીણામ જોઈએ તો, ડાકોર કેન્દ્ર પર ૭૩.૨૧, કપડવંજ કેન્દ્ર પર ૮૩.૯૪, ખેડા કેન્દ્ર પર ૮૧.૨૭, નડિયાદ શહેર કેન્દ્રનું ૮૩.૭૯, નડિયાદ સ્ટેશન કેન્દ્રનું ૮૨.૨૨, નેસ કેન્દ્રનું ૮૭.૮૯, વસો કેન્દ્રનું ૯૨.૧૦, મહુધા કેન્દ્રનું ૮૮.૩૩ પરિણામ.

### સણસોલીના વ્યક્તિના નામે લોન લઈ છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ

# સણસોલીના વ્યક્તિના નામે લોન લઈ છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ

(એજન્સી) નડિયાદ | તા. 10




મગનપુરાના શખ્સે મિત્રતાનો લાભ ઉઠાવી સણસોલીના વ્યક્તિ પાસેથી લોન મેળવવા કોરા ચેક રજૂ કરવાનું બહાનું બતાવી તેમના નામની ખોટી લોન અરજી બેંકમાં કરી લોન મંજૂર કરાવી લોનના નાણાં જમાં થતાં કોરા ચેક મારફતે પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લઈ છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ મહેમદાવાદ પોલીસ મથકે નોંધાઈ હતી. પોલીસે મગનપુરાના શખ્સ અને એસબીઆઈના અધિકારી વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સણસોલીમાં રહેતા રમેશભાઈ પરમારના પિતા આતાભાઈ પુંજાભાઈ પરમારે તેમની સણસોલી સીમમાં આવેલી સર્વે નં.૮૪૪ જમીન પર લોન લેવાનું કામ મગનપુરામાં રહેતા રમેશભાઈ સોમાભાઈ ચૌહાણને સોંપ્યું હતું. જે માટે પાસબુક અને કોરા ચેક તેમને આપ્યા હતા. વર્ષ ૨૦૨૨માં આતાભાઈનું અવસાન થયા બાદ તેમના પુત્ર રમેશભાઈએ વારસાઈ કરાવવાની હોવાથી જમીનની નકલો કઢાવી હતી. જેમાં રૂ.૧૦ લાખનો બોજો હોવાની નોંધ હતી. આ અંગે તેમણે રાસકાની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં તપાસ કરતા તા. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૧માં આતાભાઈના ખાતામાં રૂ. ૫,૭૭,૯૦૦ની લોન જમા થઈ હોવાનું અને તે દિવસે તેમના ખાતામાંથી રમેશભાઈએ પોતાના ખાતામાં કોરા ચેક મારફત ટ્રાન્સફર કરી લીધા હોવાનું જાણવા મળ્યું હતું. જેથી રમેશભાઈએ રાજેશભાઈ પાસેથી પાસબુક અને કોરા ચેક પરત મેળવી લીધા હતા. આમ છતાં, મારી પાસે સહી કરેલા કોરા ચેક છે, આ ચેક મારફતે નાણાં ઉપાડી લેવાની ધમકી આપી હતી. તેવામાં એસબીઆઈ દ્વારા લોન વસુલાત માટે આતાભાઈ પરમારના નામે બે વખત ડિમાન્ડ નોટિસ મોકલી લોનની રકમમાં વ્યાજ સહિત રૂ. ૭,૭૧,૬૭૧ લેણા દર્શાવવામાં આવ્યા હતા.

### બાઈકમાં ખોટી નંબર પ્લેટ લગાવી ફરતા શખ્સ સામે પોલીસ ફરિયાદ

# બાઈકમાં ખોટી નંબર પ્લેટ લગાવી ફરતા શખ્સ સામે પોલીસ ફરિયાદ


(એજન્સી) ભાવનગર | તા. 10

ટ્રાફિક પોલીસે ફેન્સી નંબર પ્લેટવાળી બાઈક ડીટેઈન કર્યા બાદ તપાસ કરતા પોતાના અંગત ફાયદા માટે અન્ય વાહનના નંબરની ખોટી નંબર પ્લેટ લગાવી ફરતો હોવાનું બહાર આવતા શખ્સ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. બનાવ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર બોટાદ શહેરમાં અનઅધિકૃત પાર્કિંગ, ટ્રાફિકજામની સમસ્યાની ફરિયાદો બાદ ટ્રાફિક પોલીસ દ્વારા ગત તા.૨૮-૪ના રોજ ઝુંબેશ હાથ ધરી પાળિયાદ રોડ, રોકડિયા હનુમાનજી મંદિર પાસે કામગીરી શરૂ કરી હતી. ત્યારે હવેલી ચોક તરફથી આવી રહેલ એક ફેન્સી નંબર પ્લેટ નં.જીજે.૦૪. બીપી.૪૧૭૨ને રોકી તપાસ કરતા બાઈકચાલક શખ્સ સગરામ ભીખાભાઈ મીર (ઉ.વ.૨૩, રહે, વિજય સોસાયટી, ખારા વિસ્તાર) નામના શખ્સે આ બાઈક મેલાભાઈ પાંચાભાઈ ધાડવી (રહે, તલસાણા, તા.લખતર, જિ.સુરેન્દ્રનગર) પાસેથી રૂા.૨૦,૦૦૦માં વેચાણથી લીધી હતી અને બાઈકના કાગળો, આરસી બુક કે ડ્રાઈવીંગ લાયસન્સ વગેરે ન હોવાથી ટ્રાફિક પોલીસે બાઈક ડીટેઈન કરી ટ્રાફિક શાખા ખાતે મુકી દીધી હતી. આ શખ્સે બાદમાં લાયસન્સ અને કાગળો દેખાડી બાઈક છોડાવી જવાની સ્વખુશી પણ દર્શાવી હતી. પરંતુ ઘણાં દિવસ થવા છતાં વાહનમુક્ત કરાવવા ન આવતા પોલીસને શંકા ગઈ હતી અને ઈ-ગુજકોપ એપ્લીકેશન મારફત તપાસ કરતા આ બાઈકનું આરટીઓ રજિસ્ટ્રેશન થયેલું ન હતું. જેથી ટ્રાફિક પોલીસે બોટાદના પાળિયાદ રોડ પર આવેલ પટેલ મોર્ટસમાં જઈ માહિતી મેળવતા મેલાભાઈ ધાડવીએ બાઈક ખરીદી કરી તેનું સેરેન્દ્રનગર કચેરીમાં પાસીંગ કરાવવાનું હોવા છતાં રજિસ્ટ્રેશન કરાવ્યું ન હોવાની હકીકત જણાવી હતી.

### ગત વર્ષની તુલનામાં 24.09 ટકા પરિણામ વધ્યું

# ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહનું ખેડા જિલ્લાનું કુલ 77.68 ટકા પરિણામ

(એજન્સી) નડિયાદ | તા. 10




ખેડા જિલ્લાનું કુલ ૭૭.૬૮ ટકા પરીણામ સાયન્સ પ્રવાહમાં નોંધાયુ છે. વિજ્ઞાન પ્રવાહમાં એ૧ ની અંદર ૨૨ વિદ્યાર્થીઓ આવ્યા છે. કેન્દ્રવાર પરીણામમાં સૌથી વધુ નડિયાદ શહેરનું ૮૬.૨૯ અને સૌથી ઓછુ કપડવંજ કેન્દ્રનું ૬૮.૭૭ ટકા પરીણામ નોંધાયુ છે. આ ઉપરાંત ધોરણ ૧૨ સાયન્સની અંદર ચાલુ વર્ષે લેવાયેલી પરીક્ષામાં નોંધાયેલા વિદ્યાર્થીની ૨,૨૮૮ પૈકી ૨,૨૭૨એ આ પરીક્ષા આપી હતી. આ પ્રવાહનું આજે જાહેર થયેલું છે. કુલ પરિણામ ૭૭.૬૮ ટકા આવ્યું છે. જેમાં એ૧ની અંદર ૨૨ વિદ્યાર્થીઓ, એ-૨ મા ૧૪૨ વિદ્યાર્થીઓ, બી-૧ની અંદર ૨૮૫ વિદ્યાર્થીઓ, બી-૨મા ૩૯૫, સી-૧મા ૪૨૮, સી-૨મા ૩૯૧ અને ડી ગ્રેડની અંદર ૧૦૧ વિદ્યાર્થીઓ આવ્યા છે. કેન્દ્ર દીઠ પરીણામ જોઈએ તો, સાયન્સ પ્રવાહના કુલ ૬ કેન્દ્રો પર આ પરીક્ષા લેવાઈ હતી. જેમાં ડાકોર કેન્દ્રનું ૮૧.૦૧ ટકા, થર્મલ પાવર સ્ટેશનનુ ૭૮.૮૧ ટકા, કપડવંજ કેન્દ્રનું ૬૮.૭૭ ટકા, ખેડા કેન્દ્રનું ૭૧.૩૧ ટકા, નડિયાદ શહેર ૮૬.૨૯ ટકા, નડિયાદ સ્ટેશન કેન્દ્રનું ૭૪.૦૩ ટકા પરીણામ આવ્યું છે. જેમાં સૌથી વધુ નડિયાદ શહેર કેન્દ્રનું પરીણામ જ્યારે કપડવંજ કેન્દ્રનું સૌથી નીચું પરિણામ આવ્યું છે. ધોરણ ૧૨ સાયન્સ પ્રવાહની ગયા વર્ષની જો વાત કરવામાં આવે તો, ગયા વર્ષે આ બોર્ડની પરીક્ષાનું જિલ્લાનું ઓલ ઓવર પરિણામ ૫૩.૫૯ ટકા આવ્યું હતું. જેમાં માત્ર ૧ જ વિદ્યાર્થી એ -૧ ગ્રેડમાં આવ્યો હતો. જ્યારે ચાલુ વર્ષે ૭૭.૬૮ ટકા પરીણામ આવ્યું છે. આમ ૨૪.૦૯ ટકાનો વધારો થયો છે. તો ચાલુ વર્ષે આ પ્રવાહમાં એ -૧ ગ્રેડમા પણ ૨૨ વિદ્યાર્થીઓ આવ્યા છે.

# ગઢડાના રસનાળ ગામે ભાલાનો ઘા ઝીંકી યુવકની હત્યાથી ચકચાર


ભાવનગર | ગઢડા તાલુકાના રસાનાળ ગામે વાડીમાંથી ઘઉંનું કુંવળ કાઢવા જેવી નજીવી બાબતમાં ભાગિયા પિતા-પુત્રે વાડીમાલિકને જાનથી મારી નાંખવા ધમકી આપી હતી. જ્યારે સમાધાન કરાવવા આવેલા વાડીમાલિકના કૌટુંબિક ભત્રીજાને પેટ અને હાથના ભાગે ભાલાનો ઘા ઝીંકી કરપીણ હત્યા કરી નાંખવા ભારે ચકચાર મચી જવા પામી છે. સમગ્ર પંથકમાં ચકચાર મચાવનારી ઘટનાની મળતી વિગત અનુસાર બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના રસાનાળ ગામે રાંદલ માતાજીના મંદિર પાસે રહેતા સુરેશભાઈ પરષોતમભાઈ સોજીત્રા (ઉ.વ.૪૫)ની ગામની સીમમાં આંબરડી રોડ પર સાત વીઘા ખેતીની જમીન આવેલ હોય, તે જમીન મગન મનજીભાઈ પાંચાણી અને તેના દીકરા જીતેન્દ્ર ઉર્ફે જીતુ ઉર્ફે ગતિયો (રહે, બન્ને રસનાળ)ને અડધા ભાગે ભાગવી આપેલ હતી. આ જમીનમાં પિતા-પુત્રે ઘઉંનું વાવેતર કરેલું હતું અને હાલમાં ઘઉંનો પાક લીધા બાદ કુંવળ પડયું હોય, જે લેવાનું બાકી હતું. દરમિયાનમાં ગઈકાલે બુધવારે બપોરના સમયે સુરેશભાઈ સોજીત્રા તેમના કૌટુંબિક ભત્રીજા અશોકભાઈ ઘુસાભાઇ સોજીત્રાની વાડીએ મજૂરી કામ માટે જવા અશોકભાઈના ઘર તરફ જઈ રહ્યા હતા. ત્યારે તેમના ભાગિયા જીતેન્દ્ર મગનભાઈ પાંચાણીએ ફોન કરીને તમે વાડીએ ઘઉંનું કુંવર કાઢવા માટે આવો એટલે કુંવળ નીકળી જાય તેમ કહેતા સુરેશભાઈએ પોતાની પાસે સમય ન હોય, મજૂર બોલાવી લેવાનું કહેતા જીતેન્દ્રે મજૂર શોધી આપવાનું કહ્યું હતું.

# ભાલેજમાં જુગાર રમતા છ શખ્સો ઝડપાયા, બે ફરાર




આણંદ | ઉમરેઠ તાલુકાના ભાલેજ ગામની મદની કોલોની નજીક પત્તાપાનાનો જુગાર રમતા છ શખ્શોને ભાલેજ પોલીસે ઝડપી પાડયા હતા. જ્યારે બે ફરાર થઈ ગયા હતા. પોલીસે રૂા.૪૫ હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. ભાલેજની મદની કોલોની નજીક આવેલી ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્શો એકત્ર થઈ પત્તાપાનાનો જુગાર રમી રહ્યા હોવાની બાતમી ભાલેજ પોલીસને મળી હતી. જેના આધારે પોલીસે બુધવારે સાંજે દરોડો કરી જાવેદખાન ઉર્ફે ટોપી ફરીદખાન પઠાણ, રશીદમીંયા ઉર્ફે બચ્ચો યુસુફમીંયા મલેક, શબ્બીરમીંયા ઉર્ફે ટેલર અહેમદમીંયા મલેક, નિસારમીંયા ઉર્ફે કલેજા યુસુફમીંયા મલેક, સલીમખાન ઉસ્માનખાન પઠાણ અને ઈમરાન ઉર્ફે બકરી મહેમુદખાન પઠાણને ઝડપી પાડયા હતા. જ્યારે કબીરમીંયા ઉર્ફે ગાંગુલી સલીમમીંયા મલેક અને ઈમરાન બચુખાન પઠાણ નાસી છુટયા હતા. પોલીસે રોકડા રૂા.૨૬,૨૪૦ તથા પાંચ મોબાઈલ મળી રૂા.૪૫,૭૪૦નો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

આજનો દિવસ વિશેષ યોગદાન આપી રહ્યો છે અને નિષ્ણાતની સલાહ તમારા માટે ઉપયોગી સાબિત થશે. ક્ષેત્રમાં તમારા કામ દરેકને અસર કરશે અને ખ્યાતિ પણ વધશે.



**વૃષભ (બ,વ,ઉ)**

વિદેશમાં વસતા પરિવાર તરફથી તમને સારા સમાચાર મળશે. સારા લગ્ન પ્રસ્તાવ મળશે. ક્ષેત્રમાં પ્રગતિ થશે અને અચાનક પૈસાથી લાભ થશે.



**મિથુન (ક,છ,ઘ)**

કોઈ ખાસ પ્રસંગની વ્યવસ્થા કરવામાં પસાર થશે. ક્ષેત્રમાં રચનાત્મક પરિવર્તન તમારી કાર્યકારી શૈલીમાં સુધારો લાવશે અને તમારા સૂચનોને પણ ટેકો મળશે.



**કર્ક (ડ,હ)**

આકસ્મિક ધન લાભના યોગ બની રહ્યા છે અને પિતૃ સંપત્તિથી સંપત્તિ પ્રાપ્ત થવાના સંકેત મળશે. તમે પરિવારની સમસ્યાઓ તમારા પોતાના પર હલ કરવાનો પ્રયાસ કરશો.



**સિંહ (મ,ટ)**

બાળકોની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે અને પારિવારિક વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે. વ્યવસાયમાં ભાગીદારો બનશે. ભવિષ્યને મજબૂત બનાવવા માટે કાર્ય કરશો.




**કન્યા (પ,ઠ,ણ)**

પરિવારના નાના સભ્યો સાથે સમય વિતાવવાથી માનસિક શાંતિ મળશે. સામાજિક કાર્યોમાં ફાળો ઓછો રહેશે તેમ છતાં આદર રહેશે.



**તુલા (ર,ત)**

તમારે કાનૂની બાબતોમાં સફળતા માટે થોડો સમય રાહ જોવી પડી શકે છે. બાળકોની પ્રગતિ સાથે તમને શ્રેષ્ઠ સંપત્તિ પ્રાપ્ત થશે અને તમને સમર્થન પણ મળશે.



**વૃશ્ચિક (ન,ય)**

વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ સાથે સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડશે અને નવી તકો મળશે.



**ધન (ભ,ધ,ફ)**

વ્યવસાયિક સ્થાનાંતરિત કરવાનો તમારો વિચાર સારો સાબિત થશે. નજીકના સહયોગી પ્રત્યે સાચી નિષ્ઠા રાખીને તમે લોકોનું હૃદય જીતી શકો છો.



**મકર (ખ,જ)**

પરિવર્તન માટે સમય યોગ્ય નથી. શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ માટે આ સમય કેટલાક અવરોધો સાથે આવી શકે છે. લોન લેતા પહેલા પરિવાર સાથે સલાહ લો.



**કુંભ (ગ,શ,સ)**

ધંધાકીય બાબતોમાં આવતી અડચણો દૂર થશે અને સામાજિક ક્ષેત્રે તમારું માન વધશે. ઘરેલુ સ્તરે મંગલ કાર્યોનું આયોજન થઈ શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ)**

રાજકારણથી સંબંધિત લોકોના પ્રભાવના ક્ષેત્રમાં વિકાસ થશે અને નવા કાર્યની રૂપરેખા પણ તૈયાર કરશે. નજીકના મિત્રની સલાહ અને ટેકોથી તમે તમારી ખરાબ બાબતોને સુધારી શકો છો.

## ન્યૂઝ ટ્રેક

### IFFCO: ભારતના ખેડૂતોની તાકાત એવી સહકારી સંસ્થા ઈફકો વિશે જાણો

મુંબઈ | દેશ અને દુનિયામાં જાણીતી ઈફકો સંસ્થા 60 હજાર કરોડનું ટર્ન ઓવર ધરાવે છે. આ ઉપરાંત સહકારી સંસ્થા પણ છે. ઈન્ડીયન ફાર્મર્સ ફર્ટીલાઈઝર્સ કો-ઓપરેટીવ લિમિટેડ એટલે કે'ઈફકો 'ના નામથી જાણીતી બની ચુકી છે. દેશની આ ખાતર કંપની ઈફકો ખેડૂતો અને ખેતીને લગતા યુરિયા ખાતર અને અન્ય સવલતો પુરી પાડે છે. ઈફકો ખેડૂત ઉત્પાદક સંગઠનોને લઈ ખેડૂતોની કલ્યાણ કારી કામગીરી કરવામાં આવે છે. ઈફકો નાબાર્ડ અને અન્ય એજન્સીઓ સાથે જોડાઈને કામ કરે છે. ઈફકો ખેડૂતોને કૃષિ ટેક્નિકનો ઉપયોગ, પેકેજ (પીઓપી),પાક લણણી પછીનું સંચાલન, પ્રાથમિક પ્રક્રિયા, ગુણવત્તાના ધોરણો વગેરે વિશે નિયમિત તાલીમ આપે છે.

### હવે સુપરફાસ્ટ ઇન્ટરનેટ મળશે સસ્તામાં

મુંબઈ | Jio, Airtel અને Vodafone-Idea પછી BSNL 4G માર્કેટમાં પ્રવેશી છે. BSNL દ્વારા ઓગસ્ટમાં 'મેડ ઈન ઈન્ડિયા' 4G સેવા શરૂ કરવામાં આવી રહી છે. કંપની દ્વારા 4G સેવાનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે અને દાવો કરવામાં આવ્યો છે કે આ પછી 40 થી 45 Mbpsની સ્પીડ મળશે. 700 MHz અને 2100 MHz સ્પેક્ટ્રમ બેન્ડ પર પરીક્ષણ કરવામાં આવ્યું છે. રિપોર્ટ અનુસાર, BSNLએ પંજાબમાં તેની સેવા શરૂ કરવા માટે ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS) અને ટેલિકોમ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન C-Dot સાથે પણ સહયોગ કર્યો છે. BSNLના પાયલોટ પ્રોજેક્ટ સાથે, 4G નેટવર્કમાં 8 લાખ નવા વપરાશકર્તાઓ ઉમેરાયા છે.

### ટાટાનો આ શેર વેચીને બહાર નીકળી રહ્યા છે રોકાણકારો

મુંબઈ | માર્ચ ક્વાર્ટરના પરિણામો પછી, ટાટા કંપનીના ટાટા પાવર કંપની લિમિટેડના શેર સુસ્ત બન્યા છે. ગુરુવારે ટ્રેડિંગ દરમિયાન, આ શેર 3% ઘટ્યો અને કિંમત 419.55 રૂપિયા પર આવી ગયો હતો. તે દરમિયાન, વૈશ્વિક બ્રોકરેજ ફર્મ ગોલ્ડમેન સૅક્સે જણાવ્યું હતું કે તે આગામી 12 મહિનામાં સ્ટોક 45 ટકા સુધી ઘટવાની અપેક્ષા આપવામાં આવી છે. બ્રોકરેજે ટાટા પાવરના શેરને 'સેલ' રેટિંગ આપ્યું છે અને શેર દીઠ 240 રૂપિયાનો લક્ષ્યાંક ભાવ આપ્યો છે. તમને જણાવી દઈએ કે છેલ્લા છ મહિનામાં સ્ટોક 75 ટકા અને છેલ્લા 12 મહિનામાં 110 ટકાથી વધુ વધ્યો છે. અન્ય બ્રોકિંગ ફર્મ CLSAએ પણ ટાટા પાવર પર પ્રતિ શેર 297 રૂપિયાના લક્ષ્ય ભાવ સાથે 'વેચાણ'ની ભલામણ કરી છે.

ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર માઇગ્રેશને જારી કરેલ વર્લ્ડ માઇગ્રેશન રિપોર્ટ

# ભારત 100 બિલિયન ડોલર રેમિટન્સ મેળવનાર વિશ્વમાં પ્રથમ દેશ, ચીન જેવા દેશોને પછાડ્યાં

(એજન્સી) નવી દિલ્હી | તા.08



ભારતીયોએ વિદેશમાંથી ઘરે પૈસા મોકલવામાં નવો રેકોર્ડ બનાવ્યો છે. યુનાઈટેડ નેશન્સ એજન્સી ઈન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર માઈગ્રેશનએ કહ્યું કે વર્ષ 2022માં ભારતને રેમિટન્સના રૂપમાં 111 બિલિયન ડૉલર મળશે. આ વિશ્વમાં સૌથી વધુ છે. આ સાથે, ભારત 100 અબજ ડૉલરના આંકડા સુધી પહોંચનાર વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે.

ભારતના 1.8 કરોડ લોકો વિદેશમાં કામ કરે છે. તેમાંથી યુએઈ, અમેરિકા અને સાઉદી અરેબિયામાં મોટી સંખ્યામાં ભારતીય ઈમિગ્રન્ટ્સ છે. ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર માઇગ્રેશને જારી કરેલ તેના વર્લ્ડ માઇગ્રેશન રિપોર્ટ, 2024માં જણાવ્યું હતું કે 2022માં રેમિટન્સ મેળવનારા ટોચના પાંચ દેશોમાં ભારત, મેક્સિકો, ચીન, ફિલિપાઈન્સ અને ફ્રાન્સનો સમાવેશ થાય છે. રેમિટન્સ એ સ્થળાંતર કરનારાઓ દ્વારા મૂળ દેશમાં મિત્રો અને સંબંધીઓને મોકલવામાં આવેલા નાણાંનો સંદર્ભ આપે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ મામલે ભારત ટોચ પર રહ્યું છે. તેને 111 બિલિયન ડૉલરથી વધુની પ્રાપ્તિ થઈ, જેનાથી તે 100 બિલિયન ડૉલર સુધી પહોંચનાર અથવા તો વટાવી જનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. 2022માં રેમિટન્સના સંદર્ભમાં મેક્સિકો બીજા ક્રમે હતું. તેણે ચીનને પાછળ છોડીને 2021માં આ સ્થાન હાંસલ કર્યું હતું. આ પહેલા ચીન ઐતિહાસિક રીતે ભારત પછી રેમિટન્સનો બીજો સૌથી મોટો પ્રાપ્ત હતો. રિપોર્ટના ડેટા અનુસાર, 2010 (53.48 બિલિયન ડૉલર), 2015 (68.91 બિલિયન ડૉલર) અને 2020 (83.15 બિલિયન ડૉલર)માં રેમિટન્સના સંદર્ભમાં પણ ભારત ટોચ પર રહ્યું હતું. તેને 2022માં 111.22 બિલિયન ડૉલરના રેમિટન્સ મળ્યા હતા. દક્ષિણ એશિયાના ત્રણ દેશો ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશ રેમિટન્સ મેળવનારા ટોચના 10 દેશોમાં સામેલ હતા. પાકિસ્તાન અને બાંગ્લાદેશે 2022માં અનુક્રમે આશરે 30 બિલિયન ડૉલર અને 21.5 બિલિયન ડૉલરનું રેમિટન્સ મેળવ્યું હતું. પાકિસ્તાન છઠ્ઠા અને બાંગ્લાદેશ આઠમા સ્થાને છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વિશ્વમાં સૌથી વધુ સ્થળાંતર કરનારાઓ પણ ભારતીય મૂળના છે. કુલ સંખ્યા દેશની કુલ વસ્તીના લગભગ 1.3 ટકા અથવા 18 મિલિયન જેટલી છે.

## ઈરેડાએ ગુજરાતના ગિફ્ટ સિટીમાં પેટા કંપની સ્થાપી

(એજન્સી) ગાંધીનગર | તા. 10

ઈન્ડિયન રિન્યૂએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી લિમિટેડ (ઈરેડા)એ ગુજરાતના ગિફ્ટ સિટીમાં આવેલા ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીઝ સેન્ટર (આઈએફએસસી)માં સંપૂર્ણ માલિકીની પેટાકંપની સ્થાપી છે. આઈએફએસસી ગિફ્ટ સિટીમાં ફાઈનાન્સ કંપની સ્થાપવા માટે 8 ફેબ્રુઆરી, 2024ના રોજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ મળ્યા પછી ઈરેડા ગ્લોબલ ગ્રીન એનર્જી ફાઈનાન્સ આઈએફએસસી લિમિટેડ નામની આ પેટાકંપની 7 મે, 2024ના રોજ સત્તાવાર રીતે ઊભી કરવામાં આવી હતી.

ઈરેડાના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રદીપ કુમાર દાસે જણાવ્યું હતું કે "ગિફ્ટ સિટીમાં ઈરેડાની હાજરી ગ્રીન ફાઈનાન્સિંગમાં અગ્રણી નવીન અભિગમો માટેના તેના મિશનમાં એક મહત્વનું પગલું દર્શાવે છે. આ પેટાકંપનીથી ન કેવળ ઈરેડા તેની વૈશ્વિક પહોંચ વિસ્તારે છે પરંતુ તે ભારત સરકારના મહત્વાકાંક્ષી પંચામૃત લક્ષ્યાંકો સાથે જોડાયેલા રિન્યૂએબલ એનર્જી સેક્ટરના વિકાસને આગળ ધપાવવા માટે સ્પર્ધાત્મક ભંડોળ મેળવવા માટેના ઓફશોર પ્લેટફોર્મ તરીકે પણ કામ કરે છે."

તેમણે ઉમેર્યું હતું કે "આઈએફએસસીમાં ઈરેડાનો પ્રવેશ નવી બિઝનેસ સંભાવનાઓને અનલોક કરશે અને રિન્યૂએબલ એનર્જી સેક્ટરમાં તેની વૈશ્વિક હાજરી સ્થાપશે તેવી સંભાવના છે. આ વ્યૂહાત્મક પગલું સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને સ્તરે રિન્યૂએબલ એનર્જી રોકાણ દ્વારા ટકાઉ વિકાસ સાધવાના અમારા વિઝન સાથે મેળ ખાય છે. આઈએફએસસીમાં ઈરેડાની હાજરી સાથે અમે આંતરરાષ્ટ્રીય રોકાણકારો સાથે વધુ સહયોગ અન નવીનતમ ફાઈનાન્શિંગ વિકલ્પોની એક્સેસની અપેક્ષા રાખીએ છીએ જેનાથી દેશમાં અને વિદેશમાં રિન્યૂએબલ એનર્જી પ્રોજેક્ટની પ્રગતિને પ્રોત્સાહન મળશે.

## એપ્રિલમાં 63.65 લાખ નવા રજિસ્ટ્રેશન સાથે ઈન્વેસ્ટમેન્ટ રેકોર્ડ સ્તરે

(એજન્સી) મુંબઈ | તા.10

દેશમાં મ્યુચ્યુઅલ ફંડ રોકાણ પ્રત્યે સતત આકર્ષણ વધ્યું છે. તેમાંય સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી)માં રોકાણ વધ્યું છે. એપ્રિલમાં એસઆઈપી રોકાણ પ્રવાહ રૂ. 20371 કરોડની રેકોર્ડ ટોચે નોંધાયો છે. જે માર્ચમાં રૂ. 19271 કરોડ હતો. એમ્ફીના આંકડા અનુસાર, એપ્રિલમાં 63.65 લાખ નવા એસઆઈપી રજિસ્ટ્રેશન નોંધાયા છે. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઓફ ઈન્ડિયા (AMFI) દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર, એપ્રિલમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ 16.42 ટકા ઘટી રૂ. 18917.08 કરોડ થયું છે. લાર્જકેપ ફંડ્સમાં પણ રોકાણ ઘટ્યું છે. સ્મોલકેપ ફંડ્સમાં રોકાણ એપ્રિલમાં વધી રૂ. 2208.70 કરોડ થયું છે.



માર્ચમાં સ્મોલકેપ ફંડ્સમાંથી રોકાણ પાછું ખેંચાયુ હતું. બીજી બાજુ પ્રથમ વખત એસઆઈપીમાં રોકાણ રેકોર્ડ સ્તરે 20 હજાર કરોડની સપાટીએ પહોંચ્યું છે. એમ્ફીના ચીફ એક્ઝિક્યુટીવ વેંકટ ચલસાણીએ જણાવ્યું હતું કે, મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રીની એયુએમ નવા રેકોર્ડ 57.26 લાખ કરોડના સ્તરે પહોંચી છે. જેમાં એસઆઈપીનો હિસ્સો 8.70 કરોડનો છે.

63.65 લાખ નવા એસઆઈપી રજિસ્ટ્રેશન સાથે એસઆઈપી એયુએમ રૂ. 11.26 લાખ કરોડ થઈ છે. જે રોકાણકારોનો એસઆઈપી પ્રત્યે વિશ્વાસ દર્શાવે છે. રોકાણકારોએ ડેટ ફંડ્સમાંથી રૂ. 1.98 લાખ કરોડનું રોકાણ એપ્રિલ મહિનામાં પાછું ખેંચ્યુ છે. અગાઉ માર્ચમાં રૂ. 1.90 લાખ કરોડનું ચોખ્ખુ રોકાણ નોંધાવ્યું હતું. લિક્વિડ ફંડ કેટેગરીમાં રૂ. 1.03 લાખ કરોડનું રોકાણ નોંધાયું છે.

## કોર્પોરેટ ગેરંટી મામલે GST નોટિસનો સામનો કરી રહેલી કંપનીઓને HCની રાહત

(એજન્સી) મુંબઈ | તા.10

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટ તરફથી ભારતીય કંપનીને રાહત મળી હતી. વડી અદાલત દ્વારા એક પરિપત્ર પર સ્ટે મૂકી દેવામાં આવ્યો હતો. જેમાં તેમની પેટાકંપનીઓના લાભ માટે હોલ્ડિંગ કંપનીઓ દ્વારા આપવામાં આવતી કોર્પોરેટ ગેરન્ટી જીએસટીને આધિન કરવામાં આવી હતી. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (સીબીઆઈસી) દ્વારા ગત ઓક્ટોબરમાં જારી કરાયેલા પરિપત્ર પર હાઈકોર્ટ દ્વારા વચગાળાના આદેશમાં મનાઈ ફરમાવવામાં આવી હતી. આ પરિપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, હોલ્ડિંગ કંપની




દ્વારા બેંક કે ફાયનાન્સિયલ ઈન્સ્ટીટયુશનને પોતાની પેટાકંપનીઓની લોન મંજૂરી માટે અપાતી કોર્પોરેટ ગેરન્ટી જીએસટીને આધિન સપ્લાઈ ઓફ સર્વિસ હશે. જેમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે, કોઈ અવેજ સામેલ ન હોય તો પણ કરભાર પેદા થશે.

## આગામી અક્ષય તૃતીયાએ સોનું 85,000 સુધી પહોંચે તો નવાઈ નહીં




(એજન્સી) અમદાવાદ | તા.10

ગત વર્ષની સરખામણીએ આ અક્ષય તૃતિયા પર સોનાના ભાવમાં 16 ટકાનો વધારો થયો છે. હવે આગામી અક્ષય તૃતિયા સુધી સોનાની કિંમત રૂ.80,000થી રૂ.85,000 સુધી જઈ શકે છે, જો સોનાની કિંમત રૂ.69,000થી રૂ.69,500ની સપાટીએ આવે છે તો ખરીદી માટેની સારી તક છે, એવું નિષ્ણાતોનું માનવું છે.

દસ ગ્રામ સોનાની કિંમત તેના ઓલટાઈમ હાઈ સ્તરથી રૂ.3,000 અથવા ચાર ટકા ઘટી છે. જેથી ગોલ્ડના ચાહકોને અક્ષય તૃતિયાના શુભ અવસરે સોનાની ખરીદી કરવાની તક સાપડી છે. આ અવસરે નિષ્ણાતો દ્વારા પોતાનો મત રજૂ કરવામાં આવ્યો છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, જો હાલના તબક્કે સોનાની ખરીદી કરવામાં આવે તો સાત ટકાની વચ્ચે વળતર મળી શકે છે પણ જો આગામી અક્ષય તૃતિયાને ધ્યાનમાં રાખીને સોનાની ખરીદી કરવામાં આવે તો 19 ટકા વળતર મળી શકે છે. ઁહ્લઙ્ઘ સિક્યુરિટીઝના કોમોડિટી અને કરન્સી હેડ અનુજ ગુપ્તાના જણાવ્યા મુજબ સોનાની કિંમતમાં થયેલો તાજેતરનો સુધારો સારા સંકેત સમાન છે. સોના પર મીડિયમથી લોંગ ટર્મનો રોકાણ અંદાજ ધરાવતા રોકાણકારો માટે તાજેતરનો સુધારો સારી તક છે. હવે આગામી અક્ષય તૃતિયા સુધી સોનાની કિંમત રૂ.80,000થી રૂ.85,000 સુધી જઈ શકે છે, જો સોનાની કિંમત રૂ.69,000થી રૂ.69,500ની સપાટીએ આવે છે તો ખરીદી માટેની સારી તક છે. ગત અક્ષય તૃતિયા 22મી એપ્રિલે હતી. તે સમયે એક તોલા સોનાનો ભાવ રૂ.59,845 હતો. છેલ્લા પાંચ વર્ષની સરેરાશ કાઢવામાં આવે તો સોનાએ વાર્ષિક ધોરણે 17.50%નું વળતર આપ્યું છે.

## ક્રિકેટર વિરાટ કોહલીની કંપનીનો આવશે IPO



(એજન્સી) નવી દિલ્હી | તા. 10

ક્રિકેટની પીચ પર જબરદસ્ત પ્રદર્શન કરી રહેલો વિરાટ કોહલી હવે શેરબજારમાં પણ એન્ટ્રી કરવા જઈ રહ્યો છે. તેમની કંપની ગો ડિજિટનો IPO 15મી મેના રોજ આવી રહ્યો છે. આ કંપનીમાં વિરાટ કોહલી અને અનુષ્કા શર્માની લગભગ 45 ટકા ભાગીદારી છે. IPO પછી પણ આ કંપનીમાં બંનેનો હિસ્સો પહેલા જેવો જ રહેશે. જો તમે IPO દ્વારા શેર માર્કેટમાં રોકાણ કરવા માંગો છો તો આ તમારા માટે સારો વિકલ્પ છે. ગો ડિજિટ કંપની વીમા સંબંધિત બિઝનેસ કરે છે. તે મોટર વીમો, આરોગ્ય વીમો, મુસાફરી વીમો, મિલકત વીમો વગેરે પ્રદાન કરે છે. કોઈપણ ગ્રાહક તેની જરૂરિયાત મુજબ કોઈપણ વીમો ખરીદી શકે છે. કંપનીએ અત્યાર સુધીમાં 70 થી વધુ પ્રોડક્ટ્સ લોન્ચ કરી છે. કંપની આ IPO દ્વારા રૂ. 1,130.48 કરોડ એકત્ર કરશે. આમાં કંપની રૂ. 1125 કરોડના નવા શેર જારી કરશે. 5.48 કરોડની કિંમતની OFS (ઓફર ફોર સેલ) જારી કરવામાં આવશે. OFS એ એવા શેર છે જે કંપનીના પ્રમોટર દ્વારા વેચવામાં આવે છે. આ પ્રમોટરના શેર છે.

## વોલ્ટાસ અને વોલ્ટાસ બેન્કોએ 2024ના ઉનાળા માટે ખાસ ઉપભોક્તા ઓફર્સ રજૂ કરી

(એજન્સી) મુંબઇ | તા. 10

ભારતમાં બજાર અગ્રણી અને રુમ એર કન્ડીશનર માટે નિર્વિવાદિત બજાર અગ્રણી વોલ્ટાસ લિમીટેડ તમને સમર (ઉનાળુ) ઓફર રજૂ કરીને અલ્ટીમેટ કંફોર્ટ પ્રદાન કરવા માટે સજ્જ થઇ રહી છે. આ ઓફર્સમાં આકર્ષક માની ન શકાય તેવા વોલ્ટાસ અને વોલ્ટાસ બેકોની પ્રોડક્ટ્સ પર અસંખ્ય સોદાઓનો સમાવેશ થાય છે. નવીનતા, ગુણવત્તા અને ગ્રાહક સંતોષ માટે વિશ્વસનીય બ્રાન્ડ તરીકે જાણીતી, વોલ્ટાસ આ અનન્ય ઉનાળુ ઓફર્સની ઘોષણા કરતા રોમાંચ અનુભવે છે જે અંતરાયમુક્ત ઘર અપગ્રેડેશનમાં મદદ કરશે અને ઉનાળાના ઉત્સાહમાં વધારો કરે છે. આ અનન્ય ઓફર્સ 1 એપ્રિલથી 30 જૂન સુધી ભારતમાં વોલ્ટાસના તમામ ઓથોરાઇઝ્ડ ડીલર્સમાં માન્ય છે. ઉનાળાની મોસમ વધુ તીવ્ર બની રહી છે ત્યારે ગ્રાહકો તેમના ઘર અને ઓફિસોમાં આરામદાયક પર્યાવરણનું સર્જન કરવા માટે તેમના ઠંડક આપતા એપ્લાયંસિસ ઉપકરણોને અપગ્રેડ કરવાની અપેક્ષા રાખે છે. વોલ્ટાસ તરફની સમર ઓફર્સ સાથે ગ્રાહકો એર કન્ડીશનર્સ, રેફ્રીજરેટર્સ, ડીશવોશર્સ, વોશિંગ મશિન્સ, માઇક્રોવેવ ઓવન્સની બહોળી શ્રેણી અને વોલ્ટાસ અને વોલ્ટાસ બેકોનીને અન્ય પ્રોડક્ટ્સ પર ત્વરીત કેશબેક પણ મેળવી શકે છે કંપની વધુમાં આકર્ષક ઝીરો ડાઉન પેમેન્ટ વિકલ્પો પણ ઓફર કરી રહી છે, જેના દ્વારા ગ્રાહકો માટે તેમના ઘરોને ટોચના એપ્લાયંસિસને અપગ્રેડ કરવાનું પહેલા કરતા ઘણું સરળ બન્યુ છે. પ્રતિમાસ નિશ્ચિત રૂ. 1,088ના ઇએમઆઇ સાથે ગ્રાહકો તેમના બજેટ સાથે સમાધાન કર્યા વિના વોલ્ટાસની પ્રોડક્ટ્સની સુગમતા અને સરળતાનો આનંદ માણી શકે છે. જે ગ્રાહકો વધુ સાનુકૂળ ચૂકવણી વિકલ્પોની આશા રાખે છે તેમના માટે વોલ્ટાસએ 18 મહિના સુધીના લાંબા ગાળાના ઇએમઆઇ પણ રજૂ કર્યા છે. આ બાબત ગ્રાહકોને તેમની ચૂકવણીઓને લાંબી બનાવવા અને વોલ્ટાસ એપ્લાયંસિસનો ઉપયોગ કરતા લાભોનો આનંદ ઉઠાવવા માટે સક્ષમ બનાવશે.

## ઇન્ડેલ મનીએ અમદાવાદમાં તેની 300મી બ્રાન્ચના પ્રારંભ સાથે ગુજરાતમાં પ્રવેશ કર્યો



(એજન્સી) અમદાવાદ | તા. 10

દેશની અગ્રણી ગોલ્ડ લોન નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપની (એનબીએફસી) ઈન્ડેલ મનીએ અમદાવાદમાં નરોડામાં તેની 300મી બ્રાન્ચના પ્રારંભ સાથે ગુજરાતમાં પ્રવેશ કર્યો છે. કંપનીની સફરમાં આ મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે, જે દેશભરમાં ગ્રાહક-કેન્દ્રિત ગોલ્ડ-લોન ઉકેલો પ્રદાન કરવાના તેના અવિરત પ્રયાસો દર્શાવે છે. ઈન્ડેલ મની વિવિધ પ્રકારની નાણાકીય જરૂરિયાતો ધરાવતા ગ્રાહકોને ગોલ્ડ લોન સેવાઓની વિશાળ શ્રેણી પ્રદાન કરે છે. એનબીએફસીએ એક જ દિવસે રાજ્યમાં પાંચ વધુ બ્રાન્ચનું ઉદઘાટન કર્યું હતું, જેમાં અમદાવાદમાં નિકોલ, ધોળકા, બાલાસિનોર અને સુરતમાં હીરાબાગ સામેલ છે. રાજ્યમાં ઈન્ડેલ મનીનું ઝડપી વિસ્તરણ તેની વૃદ્ધિ માટે ગુજરાતની સમૃદ્ધ વ્યવસાયિક ક્ષમતાઓનો લાભ લેવાની કંપનીની રણનીતિને વધુ મજબૂત કરે છે. કંપની વર્તમાન નાણાકીય વર્ષમાં 26 બ્રાન્ચ શરૂ કરવાના મહાત્વાકાંક્ષી લક્ષ્યાંક સાથે રાજ્યમાં તેનો ગોલ્ડ લોન બિઝનેસ મજબૂત કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે તથા વર્તમાન નાણાકીય વર્ષમાં રૂ. 250 કરોડનો બિઝનેસ હાંસલ કરવાનું લક્ષ્ય છે. આ મહત્વપૂર્ણ સીમાચિહ્ન અંગે પ્રતિક્રિયા આપતાં ઈન્ડેલ મનીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અને સીઈઓ ઉમેશ મોહનને જણાવ્યું હતું કે, ગુજરાત ભારતના ટોચના ઔદ્યોગિક રાજ્યો પૈકીનું એક છે. રાજ્યના લોકો પાસે ઉદ્યોગ સાહસિકતાના કૌશલ્યો છે અને ધિરાણની માગ હંમેશા ઊંચી રહી છે.

નિયમનકારી પગલાંથી નફાશક્તિ પર અસર પડવા ચિંતા | નાણાંકીય શેરોમાં FIIની ચાર માસમાં રૂપિયા 46,000 કરોડની વેચવાલી

# નાણાંકીય શેરોમાં FIIની ચાર માસમાં રૂપિયા 46,000 કરોડની વેચવાલી


(એજન્સી) મુંબઇ | તા. 10



કેટલીક લિસ્ટેડ બેન્કો, નોન-બેન્કિંગ ફાઈનાન્સિઅલ કંપનીઝ (એનબીએફસીસ) તથા ફિનટેકસ સામે રિઝર્વ બેન્ક દ્વારા તાજેતરમાં લેવાયેલા પગલાંને પરિણામે નાણાંકીય ક્ષેત્રની કામગીરી પર અસર પડવાની ધારણાંએ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) આ ક્ષેત્રમાંથી પોતાના હોલ્ડિંગ ઘટાડી રહ્યા હોવાનું જોવા મળી રહ્યું છે. વર્તમાન વર્ષના પ્રથમ ચાર મહિનામાં વિદેશી રોકાણકારોએ નાણાંકીય ક્ષેત્રના કુલ રૂપિયા ૪૬૦૦૦ કરોડના શેરોનું વેચાણ કર્યું હોવાનું પ્રાપ્ત આંકડા જણાવે છે. ૨૦૨૪ના પ્રથમ ચારમાંથી ત્રણ મહિનામાં વિદેશી રોકાણકારો નાણાંકીય ક્ષેત્રના શેરોમાં નેટ વેચવાલ રહ્યા છે. જાન્યુઆરીમાં રૂપિયા ૩૦,૦૦૦ કરોડના શેરોનું ઓફફલોડિંગ બાદ એફઆઈઆઈએ ફેબ્રુઆરીમાં રૂપિયા ૧૦,૦૦૦ કરોડ અને એપ્રિલમાં રૂપિયા ૯૩૦૦ કરોડના શેરો ફૂંકી માર્યા હતા. માર્ચમાં જો કે તેમણે આ ક્ષેત્રમાં નેટ ખરીદી કરી હતી. તાજેતરના ભૂતકાળમાં રિઝર્વ બેન્કે કોટક મહિન્દ્રા બેન્ક, બેન્ક ઓફ બરોડા, ફેડરલ બેન્ક તથા આઈઆઈએફએલ, બજાજ ફાઈનાન્સ જેવી એનબીએફસીસ જ્યારે પેટીએમ જેવી ફિનટેક સામે નિયમનકારી પગલાં લીધા છે. નિયમનકારી પગલાંને પરિઁણામે આ ક્ષેત્રની કંપનીઓની નાણાંકીય સ્થિતિ લથડવાની ચિંતાએ રોકાણકારો માલ હળવો કરી રહ્યાનું જોવા મળી રહ્યું છે. બેન્કોની ધિરાણ વૃદ્ધિ પણ જોખમમાં મુકાઈ છે. ફરજપાલનના પગલાં અને વહીવટી પદ્ધતિમાં સુધારો લાવવાના દબાણથી નાણાંકીય ક્ષેત્રની કંપનીઓ પર ખર્ચનું વધારાનું દબાણ આવશે એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું.

## શેર બજારોમાં વોલેટીલિટી વધતાં INDIA VIX 6.56 ટકા વધ્યો

(એજન્સી) મુંબઇ | તા. 10



કેટલીક લિસ્ટેડ બેન્કો, નોન-બેન્કિંગ ફાઈનાન્સિઅલ કંપનીઝ (એનબીએફસીસ) તથા ફિનટેકસ સામે રિઝર્વ બેન્ક દ્વારા તાજેતરમાં લેવાયેલા પગલાંને પરિણામે નાણાંકીય ક્ષેત્રની કામગીરી પર અસર પડવાની ધારણાંએ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) આ ક્ષેત્રમાંથી પોતાના હોલ્ડિંગ ઘટાડી રહ્યા હોવાનું જોવા મળી રહ્યું છે. વર્તમાન વર્ષના પ્રથમ ચાર મહિનામાં વિદેશી રોકાણકારોએ નાણાંકીય ક્ષેત્રના કુલ રૂપિયા ૪૬૦૦૦ કરોડના શેરોનું વેચાણ કર્યું હોવાનું પ્રાપ્ત આંકડા જણાવે છે. ૨૦૨૪ના પ્રથમ ચારમાંથી ત્રણ મહિનામાં વિદેશી રોકાણકારો નાણાંકીય ક્ષેત્રના શેરોમાં નેટ વેચવાલ રહ્યા છે. જાન્યુઆરીમાં રૂપિયા ૩૦,૦૦૦ કરોડના શેરોનું ઓફફલોડિંગ બાદ એફઆઈઆઈએ ફેબ્રુઆરીમાં રૂપિયા ૧૦,૦૦૦ કરોડ અને એપ્રિલમાં રૂપિયા ૯૩૦૦ કરોડના શેરો ફૂંકી માર્યા હતા. માર્ચમાં જો કે તેમણે આ ક્ષેત્રમાં નેટ ખરીદી કરી હતી. તાજેતરના ભૂતકાળમાં રિઝર્વ બેન્કે કોટક મહિન્દ્રા બેન્ક, બેન્ક ઓફ બરોડા, ફેડરલ બેન્ક તથા આઈઆઈએફએલ, બજાજ ફાઈનાન્સ જેવી એનબીએફસીસ જ્યારે પેટીએમ જેવી ફિનટેક સામે નિયમનકારી પગલાં લીધા છે. નિયમનકારી પગલાંને પરિઁણામે આ ક્ષેત્રની કંપનીઓની નાણાંકીય સ્થિતિ લથડવાની ચિંતાએ રોકાણકારો માલ હળવો કરી રહ્યાનું જોવા મળી રહ્યું છે. બેન્કોની ધિરાણ વૃદ્ધિ પણ જોખમમાં મુકાઈ છે. ફરજપાલનના પગલાં અને વહીવટી પદ્ધતિમાં સુધારો લાવવાના દબાણથી નાણાંકીય ક્ષેત્રની કંપનીઓ પર ખર્ચનું વધારાનું દબાણ આવશે એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, વૈશાખ સુદ-04

# રંગભેદી ટિપ્પણી

હજુ તો કોંગ્રેસ સામ પિત્રોડાના વારસાઇ ટેક્સની તરફદારી કરતા નિવેદનના ઝટકામાંથી બહાર પણ નહોતી આવી કે પિત્રોડાએ ભારતની વિવિધતાનું વાહિયાત રીતે ચિત્રણ કરતાં એમ કહી દીધું કે દક્ષિણના લોકો આફ્રિકનો જેવા, પૂર્વોત્તરના ચીનાઓ જેવા, પશ્ચિમના આરબો જેવા અને ઉત્તર ભારતના ધોળિયા જેવા દેખાય છે. આના પહેલાં કદાચ જ કોઈએ વિભિન્ન રંગરૂપ ધરાવતા ભારતીયોને આવી ઉપમા આપી હોય. આ ઉપમા વાહિયાત જ નહીં, વાંધાજનક પણ છે. એમાં રંગભેદી માનસિકતા દેખાય છે, કારણ કે એ કોઈથી છૂપું નથી કે કઈ રીતે કેટલાક અણસમજુ લોકો પૂર્વોત્તર ભારતના લોકોને ચીની કહીને ચીડવે છે અથવા કાળા લોકોની મજાક ઉડાવે છે. એના પર આશ્ચર્ય નહીં કે સામ પિત્રોડાના નિવેદન પર ભાજપ કોંગ્રેસ પર આક્રમક થઈ ગઈ. કોંગ્રેસે ફરી એક વખત સામ પિત્રોડાના નિવેદનથી હાથ ખંખેરી નાખવા પડ્યા, જેવું વારસાઇ ટેક્સ નિવેદન વખતે કરવું પડ્યું હતું. એનાથી જોકે વાત બની નહીં અને એ જ કારણે સામ પિત્રોડાને ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના અધ્યક્ષ પદેથી રાજીનામું આપવું પડ્યું, જેને પાર્ટીએ તાત્કાલિક સ્વીકાર પણ કરી લીધું. એનાથી એ જ સ્પષ્ટ થાયછેકે તેઓ કોંગ્રેસ માટે મુસીબત બની ગયા હતા. કારણ કે તેમણે એમ પણ કહી નાખ્યું કે અયોધ્યામાં બનેલું રામ મંદિર ભારતના વિચારથી વિપરીત છે. વાત માત્ર સામ પિત્રોડાની જ નથી. ગત દિવસોમાં કોંગ્રેસના કેટલાક અન્ય નેતાઓએ પાર્ટીની ફજેતી કરાવે તેવાં નિવેદનો આપ્યાં છે. હાલમાં મહારાષ્ટ્ર વિધાનસભામાં કોંગ્રેસના નેતા પ્રતિપક્ષ વિજય વડેટ્ટીવારે મુંબઈ હુમલા દરમ્યાન બલિદાન થયેલા પોલીસ અધિકારી હેમંત કરકરે વિશે એ નિવેદન આપ્યું કે તેઓ પાકિસ્તાની આતંકી અજમલ કસાબની નહીં, પરંતુ આરએસએસના નજીકના પોલીસ અધિકારીની ગોળીનો નિશાનો બન્યા હતા. વિરોધ અને ફજેતી થયા બાદ તેમણે ભીનું સંકેલવાનો પ્રયત્ન કર્યો, પરંતુ શશિ થરૂર વચ્ચે કૂદી પડ્યા અને તેમણે એ માંગ કરી દીધી કે વિજય વડેટ્ટીવારના આરોપોની તપાસ થવી જોઈએ. આખરે તેઓ એ કેવી રીતે ભૂલી ગયા કે આ કેસની તપાસ પણ થઈહતી અને અજમલ કસાબને ફાંસી પણ થઈ હતી? એ સમયે મનમોહન સરકાર સત્તામાં હતી અને ખુદ શશિ થરૂર પણ એ સરકારમાં મંત્રી હતા. આખરે બહુશિક્ષિત ગણાતા શશિ થરૂર આટલું બેજવાબદાર નિવેદન કેવી રીતે આપી શકે, પરંતુ લાગે છે કે આ કોંગ્રેસના ડીએનએમાં જ છે કે જેને જે મનમાં ફાવે તેવું સમજ્યા-વિચાર્યા વિના બોલી નાખે. એની અવગણના ન કરી શકાય કે ગત દિવસોમાં પુંછમાં આતંકી હુમલાને લઈને પંજાબના પૂર્વ મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીએ એમ કહી દીધું હતું કે આ હુમલો ભાજપની ચૂંટણી નૌટંકી છે. બાદમાં તેમણે પણ પોતાના આ નિવેદન માટે સફાઈ આપવી પડી. કોંગ્રેસ એ સમજે તો બહેતર કે તેના નેતાઓના આવાં વાહિયાત નિવેદનો તેના પર તો ભારે પડે જ છે, સાથે જ દેશની સુરક્ષા પર પણ ભારે પડી જાય છે.

## 5 મહિના બાદ પણ રાજપીપળાની મુખ્ય પોસ્ટ ઓફિસમાં રૂ. 21 લાખની થયેલી ચોરીનો ભેદ ના ઉકેલાયો

ભરત શાહ | રાજપીપળા




સૂમસામ અને વેરાન જગ્યામાં આવેલી રાજપીપળા ની મુખ્ય પોસ્ટ ઓફિસની પાછળની ગ્રીલ કાપીને ચોરો પોસ્ટ ઓફિસમાં પ્રવેશ્યા હતા અને બાદમાં જ્યાં પૈસા મૂકવામાં આવ્યા હતા એ સ્ટ્રોંગ રૂમને પણ વેલ્ડીંગ કટરથી કાપીને અંદર મુકવામાં આવેલી રૂપિયા 21 લાખ કરતાં વધુ ની રોકડ ચોરી કરી પલાયન થયા હતા પણ આ ચોરીની ઘટનામાં કેટલીક ચોકાવનારી વિગતો પણ સામે આવી હતી નિયમ મુજબ પોસ્ટ ઓફિસમાં ત્રણ લાખ કરતા વધુની રકમ રાખી શકાય તેમ ન હતી છતાં પણ રૂપિયા 21 લાખ શા માટે ભેગા કરવામાં આવ્યા?? જે દિવસે ચોરીની ઘટના બની એ દિવસથી થોડા દિવસ પહેલા જ પોસ્ટ માસ્ટર કેટલાક દિવસોની રજા ઉપર ઉતરી ગયા હતા એમના સ્થાને અન્ય અધિકારી પાસે ચાર્જ હતો.

વર્ષ 2011માં પણ આ જ રીતે આ પોસ્ટ ઓફિસમાં ચોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ ચોરી નિષ્ફળ ગઈ હતી, તેમ છતાં પણ આ પોસ્ટ ઓફિસમાં સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા નહોતા જ્યારે કે સામાન્ય રીતે જિલ્લા કલેકટર દ્વારા જાહેરનામું બહાર પાડીને જાહેર સ્થળોએ હોટલ દુકાનો અને જ્યાં ખાસ કરીને આર્થિક વ્યવહારો થતા હોય એવી નાણાકીય એક્ટિવિટી ધરાવતી સંસ્થાઓમાં તો ફરજિયાત કરવામાં આવેલા છે તેમ છતાં આટલી ઘોર બેદરકારી શા માટે રાખવામાં આવી જેવા ઘણા પ્રશ્નો અહીંયા ઉઠ્યા છે.

અમે જ્યારે સીસીટીવી કેમ લગાડવામાં આવ્યા નથી એ બાબતે અધિકારીઓને પૂછપરછ કરતા તેમણે કહ્યું હતું કે તેમણે મહિનાઓ અગાઉ આ બાબતની લેખિત અરજી કરી હોવા છતાં પણ ઉપરથી કોઈ નિર્ણય લેવામાં આવતો નથી.

આમ પોસ્ટ વિભાગના ઉચ્ચ અધિકારીઓની ઘોર બેદરકારીને કારણે લોકોના 21 લાખ રૂપિયા ચોરી થવાની ઘટના બની છે અને પાંચ પાંચ મહિના વીતી જવા છતાં પણ હજુ આ ચોરીનો ભેદ ઉકેલાયો નથી.

## નર્મદા જિલ્લામાં અક્ષયતૃતિયાની ઠેર-ઠેર પૂજા અર્ચના કરાઇ




ભરત શાહ | રાજપીપળા

અક્ષય તૃતીયાનો તહેવાર 10 મે, ને શુક્રવારના રોજ ઉજવવામાં આવ્યો,અક્ષય તૃતીયા વર્ષના સૌથી પવિત્ર દિવસોમાંનો એક છે.અક્ષય તૃતીયાના દિવસે કોઈપણ શુભ કાર્ય સિદ્ધ થઈ શકે તેવી માન્યતાઓ છે, આ દિવસ નારાયણ-લક્ષ્મીની પૂજા અને નવી વસ્તુઓ ખરીદવા માટે પણ શ્રેષ્ઠ માનવામાં આવે છે.જેથી નર્મદા જિલ્લામાં ઠેર ઠેર આ દિવસે પૂંજા કરવામાં આવી હતી જેમાં જિતગઢ ખાતે એક ધરતીપુત્ર પૂંજા કરતા નજરે પડે છે.

## રાજપીપળા કરજણ નદી કિનારે રૂ.1.60 કરોડના બનાવેલા ઓવારાનું ધોવાણ થયું

ભરત શાહ | રાજપીપળા



રાજપીપળા શહેર કરજણ ઓવરા કિનારે વસેલું છે.અને કરજણ નદી કિનારે 400 વર્ષ પહેલા મહારાજા દ્વારા આ ઓવરો વિશેષ પથ્થરો દ્વારા બનાવવામાં આવ્યો હતો.અને જે બનાવવાથી એક પ્રવાસન ધામ તરીકે આ વિસ્તાર વિકાસ પામ્યો હતો.કરજણ નદીમાં પુરની પરિસ્થિતિને કારણે આ ઓવારો ઘણા સમયથી તૂટી જતા નગરજનો માટે ચિંતાનો વિષય બન્યો હતો, રોજ સવારે જોગિંગ માટે રાજપીપળા વાસીઓ આ કરજણ નદીના કિનારે આવતા હોય છે, તેમજ દર વર્ષે કરજણ નદીના પુરના કારણે ઓવરો વધુ ને વધુ તૂટી રહ્યો હતો,માટે આ ઐતિહાસિક ઓવારો 1.60 કરોડના ખર્ચે બનવવામાં આવ્યો હતો.

ત્યારે આ ઓવારો તો નવો બન્યો પરંતુ ઓવારા ના છેક નીચલા પગથિયાં ની નીચે મજબૂત પાયો નહિ બનતા હક માં આ પગથિયાં માં એક તરફ મોટો ગેપ જોવા મળી રહ્યો છે, જો ચોમાસા માં જોરદાર વરસાદ આવશે તો કદાચ આ ગેપ વધશે અને ઓવારા ના પગથીયા પાણીમાં ગરકાવ થશે તો જૂના જર્જરિત ઓવારા કરતા પણ આની હાલત ખરાબ બનશે.માટે પાલિકા તંત્ર પાણી આવતા પહેલા પાળ બાંધે તે જરૂરી છે.

## માણસામાં તબીબને મર્ડરની ધમકી

ગાંધીનગર | તા.10

માણસાની હીરાવાડી સોસાયટીમાં રહેતાં ડો. તુષાર સુમનપ્રસાદ જાની ઈટાદરા રોડ ઉપર યશ નામની મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પીટલ ચલાવે છે. ગત તા. ચોથી મેના રોજ ડોકટર જાની ઘરે હાજર હતા તે દરમિયાન છકડો રિક્ષા લઈ મિનરલ પાણીની બોટલો ઉતારવા ગયેલા ઈસમોએ ડોક્ટરની કારને ટક્કર મારી હતી. જે મુદ્દે ઠપકો આપતા બંને ઈસમોએ ડોક્ટરને આખી ગાડી તોડી નાખવાનું કહી જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપવામાં આવતા માણસા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પરશુરામ જ્યંતિ નિમિત્તે રાજપીપળા ચોર્યાસી વાડી ખાતે પૂજન કાર્યક્રમ યોજાયો



ભરત શાહ | રાજપીપળા

ભગવાનશ્રી પરશુરામના જન્મ દિને રાજપીપળા ચોર્યાસી ની વાડી ખાતે પૂંજન કાર્યક્રમ રાખવામાં આવ્યો, જેમાં રાજપીપળા બ્રાહ્મણ સમાજના સભ્યો હાજર રહ્યા હતા.બ્રહ્મ સમાજે ભગવાન પરશુરામ ની આરતી પૂંજન કરી વાડી મા જ શોભાયાત્રા કાઢી હતી.

## રાજપીપળા નગરપાલિકાના રોજમદારોને 3 મહિના બાદ એક મહિનાનો પગાર મળતા આર્થિક કટોકટી

ભરત શાહ | રાજપીપળા



રાજપીપળા નગર પાલિકા ની આર્થિક સ્થિતિ કંગાળ છે અને વર્ષો થી આ જ સ્થિતિ હોવાથી ત્યાં કામ કરતા રોજમદાર કર્મચારી ઓને મહિનાઓ સુધી પગાર માટે વલખાં મારવાં પડે છે, જોકે આ તરફ કોઈ ઈન્ડસ્ટ્રીઝ કે અન્ય વિકલ્પ નહિ હોવાથી મજબૂરીથી કર્મચારીઓ કામ કરતા હોય છે અને સફાઈ સૈનિકો તો અવાર નવાર હડતાળ નું શસ્ત્ર પણ ઉગામી ચૂક્યા છે છતાં હજુ પણ પગાર સમયસર મળતો નથી. હાલમાં જાણવા મળ્યા મુજબ રાજપીપળા નગરપાલિકા ના રોજમદાર કર્મચારીઓ ને ત્રણ મહિના પૂરા થયા અને ચોથો મહનો શરૂ થયા બાદ ગઈકાલે એક મહિના નો પગાર મળ્યો જેથી આર્થિક કટોકટી માંથી કર્મચારીઓ પસાર થઈ રહ્યા છે. જો પાલિકા કર્મચારીઓ ને નોકરી પર રાખે છે અને આ કર્મીઓ દરરોજ તેમનું કામ પણ કરે છે ત્યારે પાલિકા તેમનાં પગાર માટે આગવું આયોજન કરવું પડે. કર્મચારીઓના જણાવ્યા મુજબ કોઈપણ કરિયાણા દુકાનદાર કે શાકભાજી ની લારી વાળા વેપારીઓ એક બે મહિના ઉધાર આપતા હોય છે પરંતુ અહીંયા તો ત્રણ ચાર મહિને ફક્ત એકજ મહિના નો પગાર મળે તો કર્મચારીઓ કોનું દેવું ચુકવે અને ખાઈ શું..? એક બે મહિના બાદ તો વેપારીઓ ઉધાર આપવાનું પણ બંધ કરી દેતા હોય તેવી સ્થિતિ માં આ રોજમદારો ને અનાજ કે શાકભાજી નહિ મળતાં ભૂખે મરવાનો વારો આવે તે સ્વાભાવિક છે.માટે પાલિકા તંત્ર પગાર માટેનું કોઈ નક્કર આયોજન કરે તેવી માંગ ઉઠી છે.

**પાલિકાના મુખ્ય અધિકારી રાહુલ ઢોડીયા એ જણાવ્યું કે ત્રણ મહિના નો પગાર પૈકી ગઇકાલે એક પગાર કર્યો છે, અમારે વેરા સિવાય કોઇ બીજી આવક નથી અને હાલમાં વેરો વસુલાત ચાલુ થતા આવક થઇ જેમાંથી અમે એક પગાર આપ્યો છે.હવે વેરાની આવક આવશે તેમ તેમ પગાર કરીશું.**

## કણપોર ગામે રેતી હટાવવા બાબતે હુમલો કરનાર બે શખ્સોની ધરપકડ

ભરત શાહ | રાજપીપળા



નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના કણપોર ગામમાં નજીવી બાબતે હુમલો કરનાર બે ઈસમો વિરૂદ્ધ ફરિયાદ થતાં પોલીસે બંને ની અટક કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર પ્રફુલકુમાર રાયજીભાઇ વસાવા રહે. રાજપીપલા, ગુજરાત હાઉસીંગ બોર્ડ સોસાયટી, મકાન નં.-૮૦ તા.નાંદોદ જી.નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેઓ પોતાના મૂળ વતન કણપોર ગામે નવા મકાનનુ બાંધકામ ચાલુ હોય ત્યાં જોવા માટે ગયેલ તે વખતે રાકેશભાઇ ઉર્ફે કાજીયો કનુભાઇ વસાવા,હાલ રહે.કણપોર નાએ તેમની પાસે જઈ તમે તમારી રેતી અમારી જગ્યામાંથી ઉઠાવી લો તેમ કહી તેમને તથા તેમના પિતાને ગમે તેમ ગાળો બોલી એક ઇંટ લઇ આવી તેમને માથામાં ડાબા કાન પાસે ઇંટ મારી ઈજા પહોંચાડી તેમજ હિમ્મતભાઇ વેચાતભાઇ વસાવા, રહે.કણપોર નાએ ઘરમાંથી એક ડંડો લઇ આવી તેમને જમણા પગમાં ઘૂંટણથી નીચે ડંડાના ત્રણ-ચાર સપાટા મારી ફેક્ચર કરી તેમજ તેમને તથા તેમના પિતાને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા આમલેથા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## અખાત્રીજે ચાણસ્માના ખેડૂતોએ ધાન્યના કણનું વાવેતર કરી મૂહૂત સાચવ્યું



નિતીન ઠાકર | ચાણસ્મા

અખાત્રીજે ચાણસ્મા પંથક ગ્રામીણ વિસ્તારના ખેડૂતોએ સવારના શુભ મુરતમાં ઉત્તર દિશાએ કોઈ ખેડૂતો ટ્રેક્ટર મારફતે તો કોઇ ચાલતા જઈને ખેતરમાં જઈ પૂર્વ પશ્ચિમ ચાસ પાડી સાત ધાન્યના કણનું વાવેતર કરી ખેતીનું મુરત સાચવ્યું હતું જગતના તાત એવા ખેડૂતોએ ધરતીમાતાનું પુજન કરી હે મા અમે કણ તારા ખોળામાં પાથરીયે છીએ તમે તેને મણ કરીને આપજો તેવી પ્રાર્થના કરી હતી ખેતીનું સાધન એવા ટ્રેક્ટરની પણ પૂજા અર્ચના કરાઈ હતી આમ ચાણસ્મા સહિત પંથકમાં આખાત્રીજ હળોતરા નો તહેવાર જગતના તાતે ધામધુમથી ઉજવ્યો હતો.

## નાવરા ગામમાં પટેલ પરિવારો વચ્ચે કોઇક કારણોસર માથાકૂટ, એક શખ્સને ઇજા

ભરત શાહ | રાજપીપળા



નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના નાવરા ગામમાં પટેલ પરિવારો વચ્ચે માથાકૂટ થયા બાદ એક શખ્સ ને માર મારી બચકું ભરી ગળું પકડી મારી નાખવાની કોશિશ કરતા રાજપીપળા સિવિલ માં સારવાર અર્થે દાખલ કરાયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર નાવરા ગામમાં રહેતા રંકિતભાઈ રમેશભાઈ પટેલ એ આપેલી ફરિયાદ મુજબ તેઓ તારીખ ૯.૫.૨૪ ની રાત્રે લગભગ નવેક વાગે પોતાના ઘરે જમતા હતા ત્યારે ગામના પરેશભાઈ ઘનશ્યામભાઈ પટેલ એ તેમને ફોન કરીને નીચે આવવા જણાવ્યું હતું, તેઓ જમી ને નીચે ગયા ત્યારે ત્યાં પરેશભાઈ ઘનશ્યામભાઈ પટેલ સાથે કૌશિકભાઈ જશુભાઈ પટેલ, જીગ્નેશભાઈ બેચરભાઈ પટેલ અને રિતેશભાઈ કાંતિભાઈ પટેલ નાઓ ઊભા હતા અને રંકિતભાઈ ત્યાં પહોંચતા જ આ ચારેય વ્યક્તિઓ ગમે તેમ ગાળો આપી ઝપાઝપી કરી ઢીકાપાટું નો માર મારેલ ત્યારબાદ પરેશભાઈ પટેલે તેમને હાથે બચકું ભરી ઈજા પહોંચાડી અને ગળા માંથી પકડી મારી નાંખવાની પ્રયાસ કર્યો હતો.

જેથી ગંભરાયેલા રંકિત ભાઈ ત્યાંથી ભાગી ગયા અને આમલેથા પોલીસ મથકે પહોંચી આ બાબતની જાણ કરી.ત્યાંથી રાજપીપળા સિવિલ હોસ્પિટલ માં સારવાર અર્થે દાખલ થયા હતા. આ ઝપાઝપી દરમિયાન તેમના ગળા માં પહેરેલ સોનાની ચેઈન તૂટી ક્યાંક પડી ગયેલ અને તેમના ખિસ્સા માં મુકેલા રૂ.૨૦.૦૦૦ રોકડા પણ ગાયબ છે. આમ કોઈક કારણોસર થયેલી આ મારમારી બાબતે આમલેથા પોલીસે કાયદેસર કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

**મારામારીનો ભોગ બનનાર નું ગળું પકડી મારી નાખવાનો પ્રયાસ કર્યો**

## નખત્રાણાનાં મથલ ખાતે કડવા પાટીદાર સમાજનો 16મો સમૂહલગ્ન યોજાયો

મહેશ એલ.સોની | નખત્રાણા



નખત્રાણા તાલુકાના મથલ ખાતે શ્રી પાટીદાર સેવા સંઘ અને ગૌશાળા ખાતે ૨૪ ગામોના સભ્યોની શ્રી ઉમિયા માતાજી સમુહ લગ્ન અયોજન સમિતિ દ્વારા આયોજીત ૧૬ મો સમૂહ લગ્ન તારીખ ૧૦/૫/૨૦૨૪ શુક્રવારને અખાત્રીજના રોજ યોજાઈ ગયો જેમાં ૭ જેટલાં યુગલોએ લગ્ન ગ્રંથીથી જોડાઈ પ્રભુતામાં પગલાં માંડ્યાં હતાં.

છેલ્લા ૧૬ વર્ષથી દર વર્ષે અખાત્રીજના રોજ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આજે યોજાયેલા સમુહલગ્નમાં અબડાસા મત વિસ્તારના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજા ખાસ ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા. શ્રી નખત્રાણા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી ભાવનાબેન પટેલ સહિત સમાજના મહાનુભાવો મંચસ્થ રહયા હતા. આ પ્રસંગે ભારતના અન્ય રાજ્યોમાં ધંધાર્થે બહાર વસતા પાટીદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા .

## ચાણસ્મા કે એ.પટેલ નદાસીયા ગર્લ્સ હાઇસ્કુલનું ધો 12.સા.પ્રવાહનું પરિણામ 98,41% આવ્યું



**ગ્રામીણ વિસ્તારની ખેતમજુરની દિકરી મુશ્કાનબેને વગર ટ્યુશને 83,28% મેળવી સ્કુલનું ગૌરવ વધાર્યું**

નિતીન ઠાકર ચાણસ્મા

**જીનલબેન જાનીએ ધો.12 સા.પ્રવાહમાં 87,14% મેળવ્યા**

ગુરુવારે ૯ મે ના રોજ ધો-૧૨ સાયન્સ અને ધો-૧૨ સા.પ્રવાહનું પરીણામ જાહેર થયું હતું જેમાં ચાણસ્માની કે એ નદાસીયા ગલ્સ હાઈસ્કૂલના ૧૨૬ વિદ્યાર્થીનીઓએ ધો ૧૨ સા પ્રવાહની પરીક્ષા આપી હતી જેમાંથી ૧૨૪ વિદ્યાર્થીનીઓ પાસ થતાં અને ૨ વિદ્યાર્થીનીઓ નાપાસ થતાં કે.એ.નદાસીયા ગલ્સ સ્કુલનું પરીણામ 98,41% આવ્યું છે. જેમાં જાની જીનલબેન ભરતભાઈ એ 87,14% મેળવી સ્કૂલનું ગૌરવ વધાર્યું છે. જ્યારે ચાણસ્મા તાલુકાના ખોરસમ ગામના ખેતમજૂરી કરી પરીવારનું પોષણ કરતા હબીબભાઈની પુત્રી મુશ્કાનબેને 83,42% જાતમહેનતથી વગર ટ્યુશને મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ છે.

## રાજપીપળા એસટી ડેપો પાસે પોલીસ દ્વારા વાહન ચેકીંગ હાથ ધરાતાં ફફડાટ

ભરત શાહ | રાજપીપળા



રાજપીપળા શહેર માં ટુ વ્હીલર લઈ ફરતા કેટલાક યુવાનો પોતાની પાસે જરૂરી દસ્તાવેજો નહિ રાખી બિન્દાસ ફરતા હોય ક્યારેક આવી સવારી જોખમી કહી શકાય, રાજપીપળા પોલીસ દ્વારા આજરોજ રાજપીપળા એસટી ડેપો પાસે પોલીસે વાહન ચેકીંગ હાથ ધરી પગલાં લેતા લબરમુછીયા બાળકો કે જેમની લાઇસન્સ ની ઉમ્મર પણ નહિ હોવા છતાં બાઈકો લઈ ફરતા હોવાથી પોલીસ ને જોઈ ફફડાટ ફેલાયો હતો.

રાજપીપળા પોલીસ એસટી ડેપો પાસે વાહન ચેકીંગ કરે એ જરૂરી છે પરંતુ ખાસ તો દરબાર રોડ સહિત કેટલીક જગ્યાઓ પર ચાલતા ટ્યુશન ક્લાસો તેમજ સ્કૂલો પર આવતા નાના નાના બાળકો કે જેઓ બાઈક લઈ પૂરપાટ જતા હોય છે માટે ત્યાં પણ પોલીસ ચેકીંગ જરૂરી બન્યું છે. આજે એસટી ડેપો પાસે ચેકીંગ માં ઊભેલી પોલીસે કેટલાક યુવકો ને પકડી કાયદેસર પગલાં લીધા હતા.

## તિલકવાડાના ગંભીરપુરા પાટીયા પાસે ઉભેલી બાઇક ઉપર હાઇવા ટ્રકના તોતિંગ પૈડાં ચઢી જતાં કચ્ચરઘાણ

ભરત શાહ | રાજપીપળા




પ્રાપ્ત વિગત અનુસાર ગત રોજ રાત્રિના અંદાજિત 9:00 વાગ્યા ના સમય દરમિયાન તિલકવાડા તાલુકાના ગંભીરપુરા ગામનો યુવક પોતાની મોટરસાયકલ લઈ ગામ માં નીકળ્યા હોય દરમ્યાન દેવલિયા તરફથી એક હાઈવા ટ્રક ના ચાલકે રોડની સાઈડમાં ઊભેલી યુવકની મોટરસાયકલ ઉપર હાઈવા ટ્રક ચડાવી દેતા ગંભીર અકસ્માત થયો હતો આ અકસ્માતમાં મોટરસાયકલ ગાડી માં ભારે નુકસાન થયુ હોવાનું જાણવા મળેલ છે.સદનસીબે યુવકને કોઈ ઈજા થઈ નથી

ઉલ્લેખનીય છે કે આજના આધુનિક સમયમાં જ્યારે ટેકનોલોજી વધારો થઈ રહ્યો છે ત્યારે વાહનો નું પ્રમાણ પણ વધી રહ્યું છે, ઘણીવાર અકસ્માતની ઘટનાઓ પણ બનતી હોય છે ત્યારે તિલકવાડા તાલુકામાં પણ અવાર નવાર અકસ્માતની ઘટના સામે આવતી હોય છે જેમાં ગતરોજ રાત્રિના સમય દરમિયાન તિલકવાડા તાલુકાના ગંભીરપુરા ગામના રહેવાસી દર્શનભાઈ રાજુભાઈ ભીલ જેઓ જમીને પોતાની GJ 22 N 9808 નંબર ની મોટર સાયકલ લઈ ગામના ભાગોળે લટાર મારવા નીકળ્યા હતા આને રોડની સાઈડમાં પોતાની મોટરસાયકલ ઉભી રાખી સાથી મિત્રો સાથે બેઠા હતા તે દરમિયાન એક GJ 17 XX 0792 નંબરની હાઈવા ટ્રક ના ચાલકે પોતાના કબજા ની ટ્રક દેવલીયા ચોકડી તરફથી પુર ઝડપે હકારી લાવી ગંભીરપુરા પાટીયા નજીક આવતા રોડની સાઈડમાં ઊભેલી દર્શનભાઈ ભીલની મોટરસાયકલ ને ટક્કર મારી મોટરસાયકલ ઉપર ગાડીના તોતિંગ ટાયર ચડાવી દેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.

સદનસીબે આ અકસ્માત માં કોઈ જાનહાની થવા પામી નથી પરંતુ રોડ ની સાઈડ માં ઉભેલી હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાયકલ નો કચ્ચરઘાણ થઈ જતા નુકસાન થયું છે. ઘટનાને પગલે દર્શનભાઈ રાજુભાઈ ભીલ તિલકવાડા પોલીસ મથકે જાણ કરી છે અને તિલકવાડા પોલીસે હાઈવા ડમ્પર પોલીસ મથકે લાવી આગળ ની કાર્યવાહી હાથ ધરી છે.

# સૂવાના ઠીક પહેલા પાણી પીવું જોઈએ કે નહીં?



શરીરને હાઈડ્રેટ રાખવા માટે પાણી પીવું ખૂબ જ જરૂરી છે. વ્યક્તિએ આખા દિવસમાં 3-4 લિટર પાણી પીવું જોઈએ. પાણી પીવાની સાથે સાથે યોગ્ય સમયે પાણી પીવું પણ જરૂરી છે. તમે ઘણીવાર સાંભળ્યું હશે કે સવારે ઉઠ્યા પછી પાણી પીવું જોઈએ. પરંતુ રાત્રે સૂવાના ઠીક પહેલા પાણી પીવું જોઈએ કે નહીં? સ્વાસ્થ્ય માટે પાણી પીને તરત સૂઈ જવું છે યોગ્ય, જાણો અહીં જો તમે સૂતા પહેલા પાણી પીતા હોવ તો તે સ્વાસ્થ્ય માટે સારું નથી. જેના કારણે તમારે વારંવાર વોશરુમ જવું પડી શકે છે. જેના કારણે ઊંઘ પૂરી નથી થતી. સૂતા પહેલા એટલેકે બેડ પર જવાના જસ્ટ પહેલા પાણી પીવાની આદત તમારું વજન વધારી શકે છે. જેના કારણે વ્યક્તિ સ્થૂળતાનો શિકાર બની શકે છે. તેનાથી બચવા માટે રાત્રે સૂતા પહેલા પાણી ન પીવો. પાણી પીને તરત સૂવાથી રાત્રે ઊંઘ જલદી આવતી નથી અને ઓછી ઊંઘને કારણે તમે હાઈ બીપી અને ખરાબ કોલેસ્ટ્રોલનો શિકાર બની શકો છો. તમારું વજન પણ વધી શકે છે. સૂવાના જસ્ટ પહેલા પાણી પીવું સ્વાસ્થ્ય માટે ખતરનાક બની શકે છે, પણ જો સૂવાના અડધો કલાક કે કલાક પહેલા પીવો છો તો તે તમારા માટે ફાયદાકારક થશે. તમે સૂવાના અડધા કલાક કે કલાક પહેલા પાણી પીવો છો તો તે તમારા બોડીને જેરી તત્વોને બહાર કાઢી છે અને શરીર ડિટોક્સ કરે છે. આથી સૂવાના કલાક પહેલા પાણી પીવું જોઈએ


# દોડતી વખતે ન કરો આ 4 ભૂલો થઈ શકે છે સાંધાની સમસ્યા

**વાર્મઅપ કરો |** કોઈપણ અન્ય વર્કઆઉટની જેમ દોડતી વખતે ગરમ થવું મહત્વપૂર્ણ છે. જો તમે વોર્મ અપ કર્યા વિના દોડતા હોવ તો શરીરના સ્નાયુઓમાં દુખાવો શરૂ થઈ શકે છે. આવી સ્થિતિમાં તરત જ દોડવાનું શરૂ ન કરો. સૌ પ્રથમ નાના પગલાઓ લઈને વાર્મઅપ કરવું.

**યોગ્ય શૂઝ |** જ્યારે પણ તમે દોડો ત્યારે તમારા પગના આરામનું ધ્યાન રાખો. એવા જૂતા પહેરો જે પગને આધાર આપે. જો તમે ચપ્પલ, સેન્ડલ અથવા જૂના જૂતા પહેરીને દોડી રહ્યા છો, તો આવું કરવાનું ટાળો. તેનાથી થોડો સમય દોડ્યા પછી સાંધામાં દુખાવો થઈ શકે છે. પગરખાં પહેરતી વખતે એ વાતનું ધ્યાન રાખો કે હિપમાં દુખાવો કે પગમાં દુખાવો ન થાય.

**અંતરનું ધ્યાન રાખો |** ઘણી વખત જ્યારે લોકોને દોડવાની આદત ન હોય ત્યારે તેઓ અચાનક ઝડપથી દોડવા લાગે છે અને લાંબા અંતરને કાપે છે. તેનાથી સાંધામાં સમસ્યા થઈ શકે છે. આવી સ્થિતિમાં અંતર અને દોડવાની ગતિ ધીમે-ધીમે વધારવી પડશે. ઝડપી વોક કરીને દોડવાની શરૂઆત કરવી જોઈએ

**સ્નાયુની મજબુતી |** દોડતી વખતે મસલ્સનું ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે. સાંધાઓની આસપાસના સ્નાયુઓને મજબૂત રાખવા જોઈએ. દોડવાની સાથે પુશ-અપ્સ, સ્ક્વોટ્સ અને પ્લેન્ક જેવી કસરત કરવાનું ભૂલશો નહીં.



# શું તમને પણ વારંવાર હાથ-પગમાં ખાલી ચડી જાય છે?

**ઘણી વખત એવું બને છે કે હાથ કે પછી પગમાં ખાલી ચડી જાય છે. તે સમયે પગ કે હાથ સુન પડી જાય છે અને તે હોય જ નહી તેવો અનુભવ થાય છે. આ સમયે જો હાથ અને પગને હલાવા કે ખસેડવામાં આવે તો કઈ અનુભવ થતો નથી અને હાથ કે પગને જલદી ખસેડી સકાતો નથી. જો કે, મોટાભાગના લોકો ખાલી ચડવાની સમસ્યાને અવગણે છે અને ફરીથી તેમના કામમાં વ્યસ્ત થઈ જાય છે. પરંતુ શું તમે જાણો છો કે હાથ-પગમાં ખાલી ચડવાની સમસ્યાને અવગણવાથી તમારા સ્વાસ્થ્યને નુકસાન થઈ શકે છે. ખાલી ચડવા પાછળનું કારણ શું છે તે તમને જણાવી દઈએ તો શરીરની નબળાઈ, વીટામિન અને લોહીની ઉણપ સાથે લોહીનું શરીરમાં પરીભ્રમણ અને આ સાથે શરીરમાં થાકની સહિત અનેક કારણો જવાબદાર છે ત્યારે આ સમસ્યાથી રાહત મેળવવા આ ઘરેલુ ઉપચાર કરી શકો છો જે તમારા હાથ અને પગમાં ખાલી ચડી જવાની સમસ્યાને દૂર કરી દેશે.**



**તજ અસરકારક |** તજ શરીરમાં ખાલી ચડવાની સંવેદનાને દૂર કરવામાં અસરકારક છે. તેમાં ભરપૂર માત્રામાં પોષક તત્વો હોય છે જે શરીરમાં લોહીના પ્રવાહને વધારવામાં મદદ કરે છે. જેના કારણે શરીરનો કોઈ પણ ભાગ સુન્ન થવાની સંભાવના ઘટી જાય છે.

**દરરોજ યોગ કરો |** યોગ દ્વારા શરીરમાં લોહીનો પ્રવાહ પણ સારો રહે છે. આથી શરીરના કોઈ ભાગમાં ખાલી ચડી જવાની સમસ્યાથી રાહત મળે છે.

**આ રીતે હૂંફાળા પાણીનો ઉપયોગ કરો |** જો તમારા હાથ કે પગમાં ખાલી ચડી ગઈ હોય અને તે સુન્ન થઈ ગયો હોય તો તેને હુંફાળા પાણીમાં લગભગ 2 થી 5 મિનિટ રાખો. આમ કરવાથી તમને તરત જ રાહત મળશે.

**યોગ્ય આહાર લો |** શરીરમાં મોટા ભાગે ખાલી ચડી જવાની સમસ્યા પણ આહાર યોગ્ય ન હોવાને કારણે થાય છે. આ વિટામિન બી અને ડી કોમ્પ્લેક્સ, મેગ્નેશિયમ અને પ્રોટીન અને આયર્નની ઉણપને કારણે છે. આથી એવી વસ્તુઓ ખાવ કે જેથી તમને ભરપુર વિટામીન મળી રહે તેના માટે મુઠ્ઠીભર ડ્રાયફ્રુટ, સિઝનલ ફ્રુટ અને શાકભાજી સહિત મકાઈ, બાજરી જવ જેવા અનાજ પણ ફાયદા કારક છે તે શરીરની નબડાઈ પણ દૂર કરે છે.

## હળદરવાળું દૂધ પીવો

કોરોના વાયરસના પ્રકોપથી પોતાને બચાવવા અને રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે લોકોએ થોડા સમયથી હળદરવાળા દૂધનું વધુ સેવન કરવાનું શરૂ કર્યું છે. પરંતુ શું તમે જાણો છો કે હળદરવાળું દૂધ તમારા ખાલી ચડી જવાની સમસ્યાને દૂર કરવામાં પણ અસરકારક છે. હળદરવાળા દૂધમાં ભરપૂર માત્રામાં એન્ટી-ઓક્સીડેન્ટ હોય છે. તે શરીરમાં લોહીનું પરિભ્રમણ કરવામાં મદદ કરે છે. જેના કારણે લોહીનો પ્રવાહ નસોમાં હંમેશા રહે છે.



# પગ પર પગ ચડાવીને બેસતા હોવ તો સાવધાન! High BP સહિત આ સમસ્યાઓનું જોખમ

**અનેક લોકોને બેસતી વખતે પગ પર પગ ચડાવીને બેસવાની આદત હોય છે. આ રીતે બેસવાથી તેમને આરામદાયક લાગે છે. પરંતુ શું તમને ખબર છે કે આ આદત તમારા સ્વાસ્થ્ય માટે કેટલી હાનિકારક છે? ડોક્ટરોનું કહેવું છે કે પગને ક્રોસ કરીને બેસવું વેરિકઝ વેન્સ (નસોમાં સોજા) અને ગર્ભવતી મહિલાઓમાં જન્મ સંબંધિત જટિલતાઓનું કારણ બની શકે છે તથા હાઈ બ્લડ પ્રેશરનું જોખમ પણ વધે છે.**

## પગ પર પગ ચડાવીને બેસવાથી થતું નુકસાન...



**હાઈ બ્લડ પ્રેશનરની સમસ્યા |** અભ્યાસથી ખબર પડે છે કે પગને ક્રોસ કરીને બેસવાથી બ્લડ પ્રેશર 8% સુધી વધી શકે છે. આવું એટલા માટે કારણ કે તે પોશ્ચર ધમનીઓ પર દબાણ નાખે છે. જેનાથી હૃદયે વધુ મહેનત કરવી પડે છે. આવામાં જો તમને પહેલેથી જ હાઈ બ્લડ પ્રેશરની સમસ્યા છે, તો ક્રોસ લેગ્ડ બેસવાથી ખાસ બચવું જોઈએ.

**પીઠનો દુખાવો અને માંસપેશીઓમાં ખેંચાણ |** પેગને ક્રોસ લેગ કરીને બેસવાથી પીઠની માંસપેશીઓ પર તણાવ વધી જાય છે. જેનાથી પીઠ દુખાવો અને માંસપેશીઓમાં ખેંચાણ હોઈ શકે છે. તે ગળા અને ખભામાં દર્દ પણ પેદા કરી શકે છે.

**સાઈડ ઈફેક્ટ્સથી બચવાની રીત |** જ્યારે તમે બેસો તો તમારી પીઠ સીધી રાખો અને તમારા પેરોને જમીન પર સપાટ રાખો. જો તમારે લાંબા સમય સુધી બેસવાનું હોય તો દર 30 મિનિટે તમારી સ્થિતિ બદલતા રહો. દર કલાકે કેટલીક મિનિટો માટે ઊભા થાઓ અને ફરો. આ સિવાય નિયમિત વ્યાયામ કરો તેનાથી માંસપેશીઓને મજબૂત બનવામાં અને લચીલાપણું વધારવામાં મદદ મળે છે.

## વેરિકોઝ વેન્સ અને ગર્ભાવસ્થામાં મુશ્કેલીઓ

પગને ક્રોસ કરીને બેસવાથી લોહીના પ્રવાહમાં સમસ્યા ઊભી થઈ શકે છે. જેનાથી વેરિકોઝ વેન્સ (નસોમાં સોજા)નું જોખમ વધે છે. ગર્ભવતી મહિલાઓ માટે પણ ખાસ કરીને હાનિકારક હોય છે. કારણ કે ગર્ભાવસ્થા દરમિયાન લોહીનો પ્રવાહ પહેલેથી જ ધીમો હોય છે. તેનાથી પગોમાં સોજા, દુખાવો, અને થાક થઈ શકે છે. આ ઉપરાંત ગર્ભવતી મહિલાઓમાં ક્રોસ લેગ કરીને બેસવાથી ભ્રૂણની સ્થિતિ ઉપર પણ પ્રભાવ પડી શકે છે. તેનાથી પ્રસવમાં વિલંબ કે મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે.



# ગોપીઓની વિરહ વેદના વ્યક્ત કરતી રચના એટલે ભ્રમર ગીત

**"અતિ રે આનદ ભયો આવો મારે અંગે,**
**શ્યામ સુંદીરવર બેઠા છો સંગે,**
**મુખડું જોયા વિના પાણી નહિ પીવ રે,**
**રસિક સુંદીરવર જોઇ જોઇ જીવું રે.."..**

ભ્રમર ગીત શું છે? ભ્રમર ગીત એ ગોપીઓની વિરહ વેદના વ્યક્ત કરતી રચના છે. કૃષ્ણ ના પ્રેમમાં રંગાયેલ ગોપીઓ એના પ્રાણ સખા ને પોતાનાથી ક્ષણ પણ દૂર કરવા માંગતી નથી.વૃંદાવન માં શ્રી કૃષ્ણ ની હાજરી થી વનના પ્રાણીઓ,લતા,પાતા, ગાયો, ગોપ, ગોપીઓનું મન હદય કૃષ્ણ રંગ માં નિત્ય રંગાયેલું રહેતું હતું. અચાનક એક દિવસ અક્રૂરજી વૃંદાવન પધાર્યા ને ભગવાન શ્રી કૃષ્ણ બલરામ ને પોતાની સાથે મથુરા લઈ ગયા ત્યારે ગોપીઓની દશા અસહ્ય બની હતી. ગોપીઓ એ રડતા રડતા કહ્યું હતું કે ભગવાન અમને એવું કેમ લાગે છે? કે તમે ફરીવાર ક્યારેય વૃંદાવન પધારશો જ નહીં. ત્યારે ભગવાન એ ગોપીઓ ને સાંત્વના આપતા કહ્યું હતું કે જરૂર વૃંદાવન પધારીશ પરંતુ ભગવાન સંપૂર્ણ અવતાર કાળ દરમ્યાન વૃંદાવન માં ક્યારેય પગ મૂક્યો નથી. છતાંય ગોપીઓ સાથે નિત્ય લીલા માં રહેતા હતા.આવું કેમ? ગોપીઓની કૃષ્ણ ભક્તિ એટલી હતી કે સવારે દૂધ દોહવા થી લઈને નિત્ય સંધ્યા વેળા એ ગોધુલી સમયે કૃષ્ણ દર્શન લાલસા થી વૃંદાવન ના ચોક માં ઉભી રહેતી હતી.ભગવાન એના નિજ સ્વરૂપે પ્રગટ થઈ ને ગોપીઓ ને એની ગોપ વૃંદો વચ્ચે હાજરી અનુભવ કરાવતા હતા. આમપણ આત્મા સ્વરૂપે ભગવાન



બધાના હદય માં નિત્ય ધબકે જ છે.

ભ્રમર ગીત એ ગોપીઓ દ્વારા એના પ્રિયતમ ભગવાન શ્રી કૃષ્ણ પ્રત્યે નો રોષ પ્રગટ કરતું ગીત છે.કથા અનુસાર ભગવાન શ્રી કૃષ્ણ નિત્ય મથુરા ના મહેલ ની અટારી પર ઊભા રહીને અશ્રુઓ સાથે દૂર દૂર વૃંદાવન તરફ નજર કરી ને નિહાળતા હતા.એકવાર ભગવાન ના સખા અને મંત્રી ઉધ્વજી ની નજર ભગવાન પર પડતાં એણે ભગવાનને પૂછ્યું કે શું થયું પ્રભુ? આમ ઉદાસ કેમ છો?ત્યારે ભગવાન એ રડતા રડતા કહ્યું કે "ઉધ્ધો મોહે વ્રજ નહિ બિસરત" હું મહેલ ની અટારી પરથી નિહાળી રહ્યો છું કે માતા યશોદા પારણાં આગળ બેઠી બેઠી આંસુ સાર્યા કરે છે,મારા બાબા ના મુખ પરનું હાસ્ય ખોવાઈ ગયું છે. ગાયો ની આંખ માંથી આંસુઓ સરતા બંધ નથી થતા એની જીભ પરની વાચા પણ હરાઈ ચૂકી છે.મારી ગોપીઓ વિરહ વેદના માં મને યાદ કરીને રડી રહી છે.ઉદ્ધવ મારું વ્રજ મારા વિરહ મા નિરાશ,દુ:ખી છે તો હું ક્યાંથી ખુશ થઈ શકું.ઉદ્ધવજી એ બ્રહ્માજી ના પુત્ર છે એટલે વિદ્વતા અને જ્ઞાન ની દ્રષ્ટિ એ પ્રખર છે.એને ભગવાન ની વાત સાંભળી ને સમજાઈ નહિ ને અનેક તર્કો કર્યા. ઉદ્ધવજી એ પોતાની વિદ્વતા પ્રગટ કરતા ભગવાન ને કીધું કે પ્રભુ,ક્ષમા કરજો વૃંદાવન માં ખુલ્લા પગે કાટા કાકરા માં ગાયો ચરવતાં હતા. નંદ બાબા નું ઘર એ સામન્ય અસગવડતા થી ભરપુર હતું.યશોદા માં તોફાન કરતા ત્યારે ઘણીવાર આપને મારતી પણ હતી, છુંલ્લું ભર છાશ માટે ગોપીઓ નાચ નચાવતી હતી.આપ મથુરા માં રાજા જેવો ભવ્ય ઠાઠ માઠ થી જીવો છો,માન્યું કે આપના નાનજી એ મથુરા ના રાજા છે.પરંતુ યયાતિ રાજા ના શાપ ને લીધે યાદવો ગાદીપતિ બની શકતા નથી. પરંતુ મથુરા ના લોકોના હદયના રાજા તો આપ જ છો. આપના માતા પિતા દેવકી વાસુદેવનો નિત્ય પ્રેમ પ્રાપ્ત કરો છો.આપના આલીશાન મહેલ મા નોકર ચાકરો નિત્ય આપની સેવા કરે છે છતાંય દુ:ખી કેમ છો? ભગવાન એ જોયું કે ઉદ્ધવ ની ભક્તિ એ સમુદ્ર ના છીછરા પાણી જેવી છે એમાં ઊંડાણ લાવવું પડશે.ભક્તિ કોને કહેવાય? ભક્તિ એટલે શું? જ્યાં સુધી ઉદ્વવ ગોપીઓ ને મળશે નહિ ત્યાં સુધી એ "ભક્તિ પ્રેમ શું?" એ સમજાશે નહિ. ભગવાન શ્રી કૃષ્ણ એ ઉદ્વવ ને ગોપીઓ અને માતા પિતા માટે સંદેશો લઈ ને વૃંદાવન મોકલાયા..

કૃષ્ણ વિરહ મા સુદ બુધ ગુમાવેલ ગોપીઓ એ જોયું કે નંદ બાબા ના દરવાજે સોના નો રથ ઊભો છે.કોણ આવ્યું હશે? કંસ નો મનસૂબો સિદ્ધ કરનાર અક્રૂર ફરી આવ્યો લાગે છે. ગોપીઓ અંદર અંદર વાતચીત કરી રહી હતી ત્યારે ઉદ્ધવજી રથ આગળ આવ્યા ને કહ્યું કે હું તમારા પ્રિય શ્રી કૃષ્ણ નો દૂત છું તમારા માટે એનો સંદેશો લઈ ને આવ્યો છું. સંસ્કૃત સાહિત્ય માં "દૂત" શબ્દ ની વ્યાખ્યા પ્રત્યેક ઘટના માં અલગ અલગ કરવામાં આવી છે.ભ્રમર ગીત માં "દૂત" એટલે કપટી નો સાથ આપનાર પ્રપંચ લીલા માં માહેર એવો કર્યો છે. ગોપીઓ એ ઉદ્વવજી ને જવાબ આપવા ને બદલે ગોપીઓ ની ગોળ ફરતે ગુંજરવ કરતા ભમરા ને સંબોધી ને કહ્યું કે અરે!! ઓ,કપટી ના મિત્ર આઘો જા ભાગી જા અહીંયા થી,આમ ખોટે ખોટું પ્રદક્ષિણા ફરવાનું બંધ કર અમે ફરી તારા જાસા માં આવવાના નથી.અમ ગામડાની ગોવાલણો તને સમજી ગઈ છીએ.જા ભ્રમર ભાગ અહીયા થી અમને કાળી વસ્તુઓ પ્રત્યે નફરત થઈ ગઈ છે.જા તું તારે મથુરા ની માનુનીઓ ના મન બહેલાવ એનાથી અમારે શું આપતી? તું મથુરા નો રાજા બની બેઠો છે અમ વૃંદાવન વાસીઓ તારા સેવક એટલે મન પડે એ કર..ઉદ્ધવજી સામુ નજર કરતા ની સાથે રુદન માં ને દર્દ માં કૃષ્ણ પ્રેમ માટે તરસતી ગોપીઓ એ સમૂહ માં ગાયું કે:

**હે!!ઓધાજી એમ મારા**
**વહલા ને વઢી ને કેજો રે,**
**માને તો મનાવી લેજો રે,**
**એકવાર ગોકુળ આવો**
**માતાજી ને મોઢે થાવો રે,**
**ગાયો ને હમભરી જાજો ને**
**મારા વાહલા ને વઢી ને,**
**કહેજો રે...**




ભ્રમર ગીત
- રુપાલી દવે

ગોપીઓની કૃષ્ણ દર્શન ની લાલસા માં ગોપીઓને રડતી નિહાળી ને ઉદ્ધવજી ને સમજાયું કે ભક્ત અને ભગવાન નો સબંધ શું છે? ઉધ્વજી ને ભગવાન નું નિત્ય મહેલ ની અટારી પરથી વૃંદાવન તરફ નિહાળી ને ઉદાસીમાં રડવું સમજાયું.ગોપીઓની કૃષ્ણ ભક્તિ ની તાકાત એવી હતી કે જેના લીધે ભગવાન નું વૃંદાવન માં ગોપીઓ સાથે નિત્ય લીલામાં પ્રવેશવું નિયમિત બન્યું છે. ઉદ્વવ વ્રજ માં પધાર્યા ત્યારે એના મુખ માં કૃષ્ણ..કૃષ્ણહતું. વ્રજ માંથી વિદાઈ લીધા બાદ ઉદ્વવ નું નિત્ય સ્મરણ ગોપીઓનું બની ગયું.ભ્રમર ગીત એ સામાન્ય ગીત નથી એ ગોપીઓની શ્રી કૃષ્ણ પરત્વે ની ભક્તિ સુધા રસ છે. ભ્રમર ગીત માં ગોપીઓ ઉદ્ધવજી ને કૃષ્ણ પ્રત્યે નફરત થઈ ગઈ છે એવું ઘણું બોલ્યા કર્યું પરંતુ અંત મા રડતા રડતા બોલી કે કૃષ્ણ તુ કપટી છો પણ અમે તારા કપટી વેશ ની પાછળ ઘાયલ છીએ.તારા પર ગમે તેટલી નફરત તિરસ્કાર કરીએ તોય "પ્રેમ" શબ્દ થી તે અમને બાંધી દીધા છે. શું કરીએ? અંત સુધી તારા દર્શન ની આતુરતા થી અમ વ્રજ નંદિની રાહ જોઈશું.

**કાગા ઓ કાગાં તુમ ચૂંન**
**ચુંન ખાઇઓ માસ,**
**દો નૈના મત ખાઇ ઓ મોહે**
**પિયા મિલન કી આસ.**

ભ્રમર ગીત એ પ્રેમ વિરહ મા ઝૂરતી પ્રેમિકા નું ગીત છે આમા વસના ને દુર દુર સુધી સબંધ નથી એનું કારણ છે કે ભાગવત કથા ના વકતા શુક દેવજી એ જન્મતા ની સાથેજ કૃષ્ણ સ્મરણ સિવાઈ અન્ય સ્મરણ કર્યું જ નથી અન્ય દર્શન પણ કર્યું નથી.ભ્રમર ગીત નું વર્ણન કરતાં ગોપીઓની દશા માં "ભક્ત અને ભગવાન" ના સબંધ નું દર્શન કરાવ્યું છે.ભક્ત નું મન ભગવાનનું સ્મરણ ભુલાશે તો એ વાતથી વારંવાર ભય અનુભવતું હોય છે.આ "ભય ની દશા" એટલે ભ્રમર ગીત નું સર્જન



# જસ્ટિન બીબરના ઘરે ગૂંજશે કિલકારી

## બેબી બમ્પ સાથે પત્નીના ફોટા શેર કરીને પ્રેગ્નન્સીની જાહેરાત કરી, 6 વર્ષ પહેલાં કર્યાં હતાં લગ્ન...

(એજન્સી) મુંબઇ | કેનેડિયન સિંગર જસ્ટિન બીબર પિતા બનવા જઈ રહ્યો છે. સિંગરે પત્ની હેલીના બેબી બમ્પ સાથેના ફોટા શેર કરીને ગર્ભાવસ્થાની જાહેરાત કરી છે. લગ્નના 6 વર્ષ બાદ આ કપલ પોતાના પહેલા બાળકનું સ્વાગત કરવા જઈ રહ્યું છે. બંને આ ક્ષણ માટે ખૂબ જ ઉત્સાહિત પણ છે.
જસ્ટિને આજે તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક વીડિયો અને કેટલીક તસવીરો શેર કરી છે. શેર કરેલી તસવીરોમાં તેની પત્ની હેલીનો બેબી બમ્પ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. આ વીડિયો અને તસવીરો સાથે તેણે આ ખુશખબર ફેન્સ સાથે શેર કરી છે. નાનું મહેમાન દુનિયામાં ક્યારે આવશે તે અંગે કપલે કોઈ માહિતી આપી ન હતી. જો કે, TMZ રિપોર્ટ અનુસાર, હેલી પ્રેગ્નેન્સીના છેલ્લા તબક્કામાં છે. પીપલ મેગેઝિનના રિપોર્ટ અનુસાર, જસ્ટિન બીબરે 7 જુલાઈ, 2018ના રોજ મોડલ હેલી બાલ્ડવિન સાથે સગાઈ કરી હતી. દરમિયાન, એવા રિપોર્ટ આવ્યા હતા કે બંને 2015થી રિલેશનશિપમાં હતા, પરંતુ 2016માં તેમનું બ્રેકઅપ થઈ ગયું. નવેમ્બર 2018માં લગ્ન કર્યા પછી કપલે 2019માં પરિવાર અને મિત્રો માટે સાઉથ કેલિફોર્નિયામાં લગ્ન સમારોહ રાખ્યો હતો.
હેલી પહેલાં જસ્ટિનનું સિંગર અને એક્ટ્રેસ સેલેના ગોમેઝ સાથે અફેર હતું. બંનેની મુલાકાત 2010માં થઈ હતી. જો કે, આ સંબંધ 2 વર્ષ ટક્યો હતો. 2 વર્ષ અલગ રહ્યા બાદ બંનેએ ફરી પોતાના સંબંધોને તક આપી અને સાથે રહેવા લાગ્યા. વર્ષ 2016માં એવા સમાચાર આવ્યા હતા કે સેલેના પ્રખ્યાત સિંગર ચાર્લી પુથને ડેટ કરી રહી છે. ઘણા ઉતાર-ચઢાવ બાદ આખરે 2018માં બંનેનું બ્રેકઅપ થઈ ગયું.

# મનોજ બાજપેયી સ્ટારર ફિલ્મ 'ભૈયાજી'નું ટ્રેલર રિલીઝ કરાયું





કેન્સરનો પહેલો કેસ આવ્યાના લગભગ 200 વર્ષ પછી, એ હજુ પણ લાઈલાજ બનેલું છે. ઈલાજ અને તેને સમજવા માટે સતત શોધ થઈ રહી છે. પણ જેટલું વધુ તેને સમજી શકીએ છીએ, નવી જાણકારી અમને એટલી જ મૂંઝવણમાં મૂકે છે. તેમ છતાં વિતેલા એક દાયકામાં અમે કેન્સર ક્ષેત્રે અભૂતપૂર્વ ઉપલબ્ધિઓ પ્રાપ્ત કરી છે. કેન્સરની ગંભીરતા અને વધતા દર્દીઓને જોતા છેલ્લા દાયકામાં યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા 59 કેન્સરની દવાઓને ઉતાવડમાં મંજૂરી આપવામાં આવી છે. આ સંબંધે કરાયેલા સંશોધનથી જાણવા મળ્યું છે કે 2013થી 2017 વચ્ચે એફડીએ દ્વારા ફાસ્ટ-ટ્રેક મંજૂરી અપાયેલી કેન્સરની 43% દવાઓ અપ્રભાવી જોવા મળી. આ દાવો અમેરિકી હેલ્થ જર્નલ જામામાં હાર્વર્ડ મેડિસિન અને બોસ્ટન મહિલા હોસ્પિટલના 59 કેન્સર દવાઓમાંથી 46ને 2013 અને 2017 વચ્ચે ફાસ્ટ-ટ્રેક મંજૂરી અપાઈ હતી. સંશોધનથી જાણવા મળ્યું કે આ 46 દવાઓમાંથી 19 દવાઓ 5 વર્ષના રહી. આ દવાઓથી ન તો કેન્સરથી થતી મોતોની સંખ્યામાં સુધાર થયો અને ન ઈલાજમાં કોઈ દવાઓને પરત ખેંચવામાં આવી. સંશોધન સાથે જોડાયેલા ઈયાન કેન્સર જેવી બીમારીમાં દવાને ફાસ્ટ-ટ્રેક મંજૂરી આપવી મજબૂરી હોય છે.

**ન્યૂઝ ટ્રેક**

## બે પત્ની હશે તો કોંગ્રેસ બે લાખ રૂપિયા આપશેઃ કાંતિલાલ ભુરિયા

રતલામ | એમપીની રતલામ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી કાંતિલાલ ભુરિયાએ પણ વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. ભુરિયાએ ગુરુવારે એક સભામાં દાવો કર્યો હતો કે જે પણ પુરુષોને બે પત્નીઓ છે તેઓને કોંગ્રેસ "મહાલક્ષ્મી યોજના" હેઠળ બે લાખ રુપિય આપશે. આ નિવેદનથી વિવાદ ઉભો થતા કોંગ્રેસ નેતાએ પાછળથી ફેરવી તોળ્યું હતું. રાજ્યસભાના સાંસદ અને ભાજપના નેતા માયા નરોલિયા વિવાદિત નિવેદનને લઈને કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું હતું કે કોંગ્રેસના નેતાઓ સતત મહિલાઓ માટે અયોગ્ય ભાષાનો ઉપયોગ કરીને મહિલાઓનું અપમાન કરી રહ્યાં છે.

## બંધારણ બદલી નથી શકાતું, માત્ર ફેરફાર શક્ય છે : ગડકરી

મુંબઇ | : હાલ દેશમાં ચૂંટણીની મોસમ ચાલી રહી છે. અત્યાર સુધીમાં ત્રણ તબક્કા દરમિયાન ઘણા રાજ્યોમાં મતદાન થયું છે અને હજુ ઘણા રાજ્યોમાં મતદાન થવાનું બાકી છે. આ સાથે ચૂંટણી પ્રચાર પણ જોરશોરથી ચાલી રહ્યો છે. મતદારોને એકત્ર કરવા માટે વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ વિવિધ રાજ્યોની મુલાકાત લઈ રહ્યા છે અને તેમના વિરોધીઓ વિરુદ્ધ નિવેદનો કરીને એકબીજાને ખુલ્લા પાડવામાં વ્યસ્ત છે. આ ક્રમમાં શુક્રવારે બીજેપી નેતા નીતિન ગડકરીએ વિપક્ષી પાર્ટી પર નિશાન સાધ્યું હતું.

## આવતા વર્ષે RBI રૂ.1 હજાર બિલિયન સરકારને આપે તેવી શક્યતા

મુંબઇ | યુનિયન બેંક ઓફ ઈન્ડિયા (UBI) ના એક અહેવાલ મુજબ, ભારતીય રિઝર્વ બેંક (RBI) નાણાકીય વર્ષ 2025 માં સરકારને આશરે રૂ.1,000 બિલિયન ટ્રાન્સફર કરી શકે છે. અહેવાલમાં જણાવાયું છે કે આરબીઆઈ નાણાકીય વર્ષ 2025 (FY25) માં પણ મજબૂત ડિવિડન્ડ ચૂકવણી જાળવી રાખે તેવી અપેક્ષા છે. આ અંદાજ પાછલા નાણાકીય વર્ષમાં ટ્રાન્સફર કરાયેલા રૂ. 874 બિલિયનથી થોડો વધારો દર્શાવે છે. અહેવાલ મુજબ, સરકારે આરબીઆઈ, જાહેર ક્ષેત્રની બેંકો અને નાણાકીય સંસ્થાઓ માટે નાણાકીય વર્ષ 2025નું ડિવિડન્ડ 1020 અબજનું બજેટ કર્યું છે. તે નાણાકીય વર્ષ 2024માં રૂ.1044 અબજ હતું. અમારા મતે, ગયા વર્ષના કુલ ડિવિડન્ડ માટે પ્રારંભિક અંદાજ છે.

## જેલોમાં કેદીઓની ભીડ ઘટાડવાનો ઉકેલ ખુલ્લી જેલો : સુપ્રીમ

(એજન્સી) નવી દિલ્હી | તા.10

જેલોમાં કેદીઓની વધતી સંખ્યા અને કેદીઓના પુનર્વસનના ઉકેલ માટે ખુલ્લી જેલોની રચના કરવાની જરૂર છે તેમ સુપ્રીમ કોર્ટે એક નિવેદનમાં જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે ઓપન જેલોમાં કેદીઓ દિવસના સમયે જેલની બહાર જઈ કામ કરે છે અને સાંજે જેલમાં પરત ફરે છે. આમ કરવાથી તેમને આજીવિકા કમાવવામાં મદદ મળી શકે છે. કોર્ટે આ સલાહ એટલા માટે આપી છે કે જેથી કેદીઓ પણ સમાજ સાથે જોડાઇ શકે અને તેમનું મનોવૈજ્ઞાનિક દબાણ ઘટી શકે. કેદીઓની એક અરજી પર સુનાવણી કરતા ન્યાયમૂર્તિ બી આર ગવઇ અને ન્યાયમૂર્તિ સંદીપ મહેતાની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં ખુલ્લી જેલોનો પ્રસાર કરવાની જરૂર છે. ખંડપીઠે જણાવ્યું હતું કે રાજસ્થાનમાં આ પ્રકારની વ્યવસ્થા છે અને ત્યાં અસરકારક રીતે તેના પર કામ કરવામાં આવી રહ્યું છે.

### CM ધામીએ પત્ની સાથે દર્શન કર્યાં, ઝીરો ડિગ્રી તાપમાન વચ્ચે 10 હજાર શ્રદ્ધાળુઓના જયકારથી ગુંજી ઊઠી દેવભૂમિ

# હર હર મહાદેવના નાદ સાથે કેદારનાથના કપાટ ખૂલ્યા


(એજન્સી) દેહરાદૂન | તા.10

ઉત્તરાખંડની ચારધામ યાત્રા આજથી શરૂ થઈ ગઈ છે. કેદારનાથના દરવાજા સવારે 6:55 વાગ્યે ખોલવામાં આવ્યા હતા. હજારો શ્રદ્ધાળુઓની સાથે સીએમ પુષ્કર સિંહ ધામી પણ તેમની પત્ની સાથે દર્શન માટે પહોંચ્યા હતા. કેદારનાથમાં પહેલા જ દિવસે ભારે ભીડને કારણે અરાજકતા જોવા મળી હતી. એકસાથે યાત્રાળુઓ આવવાના કારણે વહીવટીતંત્રને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

કેદારનાથ ઉપરાંત ગંગોત્રી અને યમુનોત્રીના દરવાજા પણ આજે ખૂલશે. જ્યારે બદ્રીનાથ મંદિરમાં 12 મેથી દર્શન શરૂ થશે. આ સ્થળોએ દિવસનું તાપમાન 0 થી 3 ડિગ્રી નોંધાઈ રહ્યું છે. આ સાથે જ રાત્રે તાપમાનનો પારો માઈનસ પર પહોંચી રહ્યો છે. આમ છતાં લગભગ 10 હજાર શ્રદ્ધાળુઓ કેદારનાથ ધામ પહેલાં 16 કિમી દૂર ગૌરીકુંડ પહોંચી ગયા છે.

ગયા વર્ષે આ આંકડો 7 થી 8 હજારની વચ્ચે હતો. અહીં લગભગ 1500 રૂમ છે, જે હાઉસફુલ થઈ ગયા છે. રજિસ્ટર્ડ 5,545 ખચ્ચર બુક કરવામાં આવ્યા છે. 15 હજારથી વધુ મુસાફરો હરિદ્વાર અને ઋષિકેશ પહોંચ્યા છે. ચારધામ યાત્રા માટે અત્યાર સુધીમાં 22.15 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ રજિસ્ટ્રેશન

કેદારનાથ-બદ્રીનાથ મંદિર સમિતિના અધ્યક્ષ અજયેન્દ્ર અજયના જણાવ્યા અનુસાર, જ્યારે બાબાની પંચમુખી ડોલી 9 મેના રોજ સાંજે 4 વાગ્યે કેદારધામ પહોંચી ત્યારે 5 હજાર લોકો હાજર હતા. ચારધામ યાત્રા માટે અત્યાર સુધીમાં 22.15 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ગયા વર્ષે રેકોર્ડ 55 લાખ લોકોએ મુલાકાત લીધી હતી.



### 256 નિષ્ણાતો સહિત 400 ડૉક્ટરો તૈનાત

ચારધામ યાત્રાના રૂટ પર પ્રથમ વખત 400થી વધુ તબીબોની તૈનાતી. જેમાં 256 ઈમર્જન્સી મેડિકલ ઓફિસર અને નિષ્ણાત ડોક્ટરોનો સમાવેશ થાય છે. તેમ છતાં, ભક્તોએ મુસાફરી દરમિયાન ઓછામાં ઓછા 7 દિવસનું આયોજન કરવું જોઈએ, જેથી શરીર વધતા અને ઘટતા તાપમાનને અનુરૂપ રહે. ઉત્તરાખંડના આરોગ્ય વિભાગે એડવાઈઝરીમાં કહ્યું છે કે ચારેય ધામ 3 હજાર મીટરથી ઉપર છે અને પર્વતો પર હિમવર્ષા થઈ રહી છે. તેથી ભક્તોએ 7 દિવસનું આયોજન કરવું જોઈએ.

### કેદારનાથ સુધી સુપરફાસ્ટ નેટવર્ક

કેદારનાથના સમગ્ર ટ્રેક પર 4G અને 5G નેટવર્ક ઉપલબ્ધ રહેશે. આ માટે 4 ટાવર લગાવવામાં આવ્યાં છે. ગયા વર્ષે, આ ટ્રેક પર માત્ર અમુક સ્થળોએ જ નેટવર્ક ઉપલબ્ધ હતું. જો તમે મંદિરમાં Wi-Fiનો ઉપયોગ કરવા માંગતા હોવ તો તમારે સરકારી સ્લિપ લેવી પડતી હતી, પરંતુ હવે ત્યાં પણ સુપરફાસ્ટ નેટવર્ક હશે.

બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના મુખ્ય કાર્યકારી અધિકારી યોગેન્દ્ર સિંહના જણાવ્યા અનુસાર, આ વખતે ઓનલાઈન પૂજા 30 જૂન સુધી જ થશે. જેમાં શ્રીમદ્ ભાગવત પાઠ માટે 51 હજાર રૂપિયા તો મહાભિષેક માટે રૂ.12 હજાર નક્કી થયા છે.

### સૌથી વિશેષ-સામાન્ય દર્શનના 6 કલાક પહેલાં ગર્ભગૃહમાં જાય છે મુખ્ય પૂજારી

કેદારનાથ ધામના સંત અવિરામદાસ મહારાજે જણાવ્યું કે દર વર્ષે રાત્રે 12 વાગ્યે દરવાજા ખૂલતા પહેલાં મુખ્ય રાવલ 5-6 વેદપતિ બ્રાહ્મણો સાથે મંદિરમાં પ્રવેશ કરે છે. મંદિર બહારથી બંધ છે. પછી ગર્ભગૃહમાં પંચમુખી વિગ્રહમાંથી મંત્રો દ્વારા જ્યોતિર્લિંગમાં જીવન પુનઃસ્થાપિત થાય છે. ગર્ભગૃહની સફાઈ કરવામાં આવે છે. ભગવાનની ષોડશોપચાર પૂજા બાદ જાહેર દર્શન માટે દરવાજા ખોલવામાં આવે છે. ગયા વર્ષે રેકોર્ડ 55 લાખ લોકો પહોંચવાને કારણે વ્યવસ્થા ખોરવાઈ હતી. આમાંથી બોધપાઠ લઈને ઉત્તરાખંડ પોલીસ અને પર્યટન વિભાગે પ્રથમ વખત ચારધામ યાત્રામાં શ્રદ્ધાળુઓની દૈનિક સંખ્યા મર્યાદિત કરી છે. ગત વર્ષે ચારે ધામોમાં દરરોજ 60 હજારથી વધુ યાત્રિકો દર્શન માટે આવતા હતા.

પ્રવાસન સચિવ સચિન કુર્વેના જણાવ્યા અનુસાર, એક દિવસમાં 15 હજાર શ્રદ્ધાળુઓ કેદારનાથ ધામનાં દર્શન કરી શકશે, 16 હજાર લોકો બદ્રીનાથ ધામનાં દર્શન કરી શકશે, 9 હજાર શ્રદ્ધાળુઓ યમુનોત્રીનાં દર્શન કરી શકશે અને 11 હજાર લોકો ગંગોત્રીનાં દર્શન કરી શકશે. એટલે કે દરરોજ 51 હજાર લોકો ચારધામની મુલાકાત લેશે.

# રાહુલ ગાંધીએ ફરી ચોંકાવ્યા, મુસાફરોથી ભરેલી બસમાં યાત્રા કરી લોકો સાથે કરી 'રૂબરૂ ચર્ચા'

(એજન્સી) મુંબઇ | તા.10

લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે રાત્રે તેલંગાણાના ગ્રેટર હૈદરાબાદમાં એક જનસભાને સંબોધી હતી. ત્યારપછી રાહુલ ગાંધીએ રાજ્યની રોડવેઝ બસમાં મુસાફરી કરી સૌને ચોંકાવી દીધા હતા. મુસાફરોથી ભરેલી બસમાં મુસાફરી કરી તેમણે લોકો સાથે વાતચીત કરી હતી. બસમાં સવાર મુસાફરો પણ રાહુલ ગાંધીને તેમની વચ્ચે જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

બસમાં રાહુલની સાથે રાજ્યના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડી પણ હાજર હતા. મલ્કાજગીરી



લોકસભા મતવિસ્તારના સરૂરનગરમાં જાહેર સભાને સંબોધિત કર્યા પછી રાહુલ તેલંગાણા સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (TSRTC)ની બસમાં સવાર થયા. આ દરમિયાન રાહુલ ગાંધીએ મુસાફરોમાં 'પંચ ન્યાય' બ્રોશરનું વિતરણ કર્યું હતું અને રાજ્યમાં કોંગ્રેસ સરકાર દ્વારા મફત બસ મુસાફરી યોજનાના અમલીકરણ અંગે લોકો પાસેથી માહિતી લીધી હતી.

મુસાફરો સાથે વાતચીત કરતી વખતે, રાહુલ ગાંધીએ કોંગ્રેસ દ્વારા તેમના રાષ્ટ્રીય ચૂંટણી ઢંઢેરામાં મહિલાઓ, યુવાનો, ખેડૂતો અને કામદારો જેવા વિવિધ વર્ગો માટે આપેલા વચનોથી વાકેફ કરાવ્યા હતા. રાહુલ ગાંધીને તેમની સાથે મુસાફરી કરતા જોઈને મુસાફરો આશ્ચર્યચકિત થઈ ગયા હતા અને ઘણાએ તેમની સાથે સેલ્ફી લીધી હતી.

# JKના પુંછમાં એરફોર્સ પર થયેલા હુમલામાં PAKનો હાથ, 3 આતંકવાદીની તસવીર જાહેર

(એજન્સી) નવી દિલ્હી | તા.10

4 મે, 2024 ના રોજ એરફોર્સના કાફલા પર હુમલો કરનારા ત્રણ લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓની ઓળખ કરવામાં આવી છે. આ આતંકવાદીઓની ઓળખ પાકિસ્તાનના અબુ હમઝા, હદૂન અને ઈલ્યાસ ફૌજી તરીકે થઈ છે. ગયા અઠવાડિયે જમ્મુ-કાશ્મીરના પુંછ વિસ્તારમાં ભારતીય વાયુસેના (IAF)ના કાફલા પર થયેલા હુમલામાં પાકિસ્તાનની સંડોવણી બહાર આવી છે. હુમલાના આરોપી શંકાસ્પદ આતંકવાદીઓના CCTV ફૂટેજ બુધવારે સામે આવ્યા હતા. લશ્કરના આતંકવાદીઓની ઓળખ અબુ હમઝા, હદૂન અને ઈલ્યાસ ફૌજી તરીકે થઈ છે. આ તમામ લશ્કર-એ-તૈયબાના આતંકવાદી હોવાનું કહેવાય છે. તમને જણાવી દઈએ કે એરફોર્સ પર થયેલા આતંકી હુમલામાં એક જવાન શહીદ થયો હતો અને ચાર ઘાયલ થયા હતા. સુરક્ષાદળોએ આતંકીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. 3 પાકિસ્તાની આતંકવાદીઓની તસવીરો છે, જેમણે 4 મે 2024ના રોજ એરફોર્સના કાફલા પર હુમલો કર્યો હતો. તેઓ લશ્કર-એ-તૈયબા (LET) જૂથ સાથે સંકળાયેલા છે અને રાજૌરી પુંછ વિસ્તારમાં સક્રિય છે. સૂત્રોનું કહેવું છે કે આ તસવીરોમાંનો એક આતંકી પાકિસ્તાની સેનાનો પૂર્વ કમાન્ડો છે. આમાંની એક તસવીર અબુ હમઝાની છે, જે એલઈટીનો કમાન્ડર છે.

# ડિજિટલ એક્સપર્ટ બનવા માટેના બે નવા સર્ટિફિકેટ કોર્સ કાનપુર વિશ્વવિધાલયે શરૂ કર્યા

(એજન્સી) કાનપુર, તા.10

સોશિયલ મીડિયા લોકો માટે કારકિર્દીની નવી તકો માટે ઉભરી આવ્યું છે. જેના થકી લોકો કન્ટેન્ટ બનાવીને લાખો રૂપિયાની કમાણી કરી રહ્યા છે. સોશિયલ મીડિયાનો ઉપયોગ જાહેરાત, ચૂંટણી પ્રચાર અને અન્ય ઘણા હેતુઓ માટે થઈ રહ્યો છે. આ વિશેષતાઓને લીધે, સોશિયલ મીડિયા રોજગારની નવી તક તરીકે ઉભરી આવ્યું છે. જેને ધ્યાનમાં રાખીને કાનપુર યુનિવર્સિટીએ હવે સોશિયલ મીડિયા એક્સપર્ટ્લ તૈયાર કરવા માટે એક ખાસ કોર્સ ડીઝાઈન કર્યો છે. ડિજિટલ એક્સપર્ટ માટેના સર્ટિફિકેટ કોર્સ કાનપુરની છત્રપતિ શાહુજી મહારાજ યુનિવર્સિટીના જર્નાલિઝમ અને માસ



કોમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટ દ્વારા ઘણા બધા અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે, પરંતુ ડિજિટલ જમાનાને ધ્યાનમાં રાખીને બે વિશેષ સર્ટફિકેસ કોર્સના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે. આ બે કોર્સના નામ સર્ટિફિકેટ ઈન સોશિયલ મીડિયા અને સર્ટિફિકેટ ઈન ટીવી જર્નાલિઝમ છે. આ કોર્સમાં સોશિયલ મીડિયા કન્ટેન્ટ બનાવવા, કન્ટેન્ટ માર્કેટીંગ , કન્ટેન્ટ સ્ક્રિપ્ટ તૈયાર કરવા, વીડિયો શૂટ કરવા વગેરે બાબતોને ડીટેલથી શીખવવામાં આવશે.

આ કોર્સ વિદ્યાર્થીઓ માટે વિવિધ ઓર્ગેનિક મેથડથી પોસ્ટની રીચ વધારવા, સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ વગેરેને હેન્ડલ કરવા વિશે પણ શીખવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે. લાયકાત અને ફી ધોરણ આ કોર્સમાં એડમિશન લેવા માટે કોઈ ખાસ લાયકાતની જરૂર નથી. હાઈસ્કૂલ કે ઈન્ટરમીડિયેટ પાસ કરેલા કોઈપણ વિદ્યાર્થી આ સર્ટિફિકેટ કોર્સમાં પ્રવેશ મેળવી શકે છે. આ 6 મહિનાનો સર્ટિફિકેટ કોર્સ છે અને તેની ફી 10,000 રુપિયા છે. હાલમાં કોર્સમાં એડમિશન માટે યુનિવર્સિટીમાં માત્ર 30 સીટો રાખવામાં આવી છે. વધારશે રોજગારીની તકો કાનપુર યુનિવર્સિટીના જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટના વડા ડૉ. યોગેન્દ્ર પાંડેએ જણાવ્યું હતું કે સમયની માંગને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટી દ્વારા આ વિશેષ સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવામાં આવ્યો છે. જેના દ્વારા સોશિયલ મીડિયા એક્સપર્ટ તૈયાર કરવામાં આવશે. રોજગાર વિશે વાત કરીએ તો, સોશિયલ મીડિયા એક્સપટ્ર્સ કોન્ટેન્ટ થકી જાતે રોજગારી મેળવી શકશે. આ કોર્સથી જાહેરાત, ચૂંટણી પ્રચાર, સોશિયલ મીડિયા એકાઉન્ટ હેન્ડલિંગ સહિત વિવિધ પ્લેટફોર્મ પર રોજગારીની તકો મળશે.

# નવો ટ્રેન્ડ:દેશમાં નાના શહેરો અને નગરોમાં લક્ઝરી હોટલો ખુલી રહી છે

(એજન્સી) નવી દિલ્હી તા. 10

જમ્મુ-કાશ્મીરના કટરા, મધ્યપ્રદેશના મહુ-રીવા, ઉત્તર પ્રદેશમાં મથુરા-વૃંદાવન, હરિયાણામાં સોનીપત, હિમાચલમાં ચેઈલ જેવા દેશના નાના શહેરો અને નગરોમાં મોટી હોટેલો હવે નવો ટ્રેન્ડ બની ગયો છે. મેરિયોટ ઈન્ટરનેશનલ, ટાટાની આઈએચસીએલ, રેડિસન હોટેલ્સ જેવી દેશ અને દુનિયાની મોટી હોટેલ ચેઈન્સ હવે નાના શહેરો અને નગરોમાં લક્ઝરી હોટેલ્સ ખોલી રહી છે.

અત્યાર સુધી આ મોટી હોટેલો દેશના માત્ર ટિયર-1 અને ટિયર-2 શહેરોમાં જ હતી, પરંતુ હવે તે ઝડપથી ટિયર-3 અને ટિયર-4 શહેરો તરફ આગળ વધી રહી છે. સરોવર હોટેલ ચેઈનના મેનેજિંગ ડિરેક્ટર અજય કે બક્યાએ જણાવ્યું હતું કે- નાના શહેરો અને નગરોમાં રૂ. 6 હજારથી રૂ. 14 હજાર સુધીના રૂમ ઉપલબ્ધ છે. અને આ હોટલોમાં ગેસ્ટ પણ આવી રહ્યા છે. તેનો અર્થ એ થયો કે અહીં માર્કેટમાં વધારો થયો છે. શહેરોના હોટેલ માર્કેટમાં સ્પર્ધા ઝડપથી વધી છે. અજયએ જણાવ્યું હતું કે- હોટલનો સૌથી મોટો ખર્ચ જમીન છે. ટિયર-3-4 શહેરોમાં જમીન સસ્તી મળી રહે છે. ટિયર-1 અને 2 શહેરો કરતાં ઓપરેશન કોસ્ટ ઘણી ઓછી છે. તેઓએ જણાવે છે કે- હવે આ શહેરોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો થયો છે. મેરિયટે કટરામાં તેની 150મી હોટેલ ખોલી છે. રેડિસને હાલમાં જ ઓડિશાના ગોપાલપુરમાં તેની એક હોટલ ખોલી છે.


**JM FINANCIAL**

**જે એમ ફાઈનાન્સિયલ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

CIN:- U67190MH2007PLC74287

રજિસ્ટર્ડ ઓફિસ સરનામું :- 7 મો માળ, સેનર્જી, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ 400025.

સંપર્ક વ્યક્તિ :- 1. જવલ બેલાની - 9825263665 2. વિશાલ કેટલે - 9584966653 3. જ્યોતિ સાવંત - 022-62241676

ઈમેલ :- www.jmfinancialarc.com

**ઈ-ઓક્શન સેલ નોટિસ - નવું વેચાણ**

પિરામલ કેપિટલ અને હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ દીવાન હાઉસિંગ એન્ડ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ તરીકે ઓળખાતું હતું) એ કલમ 5 હેઠળ તેના પરના તમામ હકો, શીર્ષક અને વ્યાજ સાથે તેના પર બનાવેલ અંતર્ગત સુરક્ષા વ્યાજ સાથે લોનનો એક પૂલ (નીચે દર્શાવેલ લોન સહિત) સોંપ્યો છે. JMFARC (JM) ની તરફેણમાં તારીખ 29-03-2023 ના અસાઈનમેન્ટ કરાર દ્વારા (1)(b) નાણાકીય અસ્કયામતોનું સિક્યોરિટાઇઝેશન અને પુનઃનિર્માણ અને સુરક્ષા હિત અધિનિયમ 2002 (SARFAESI એક્ટ) નો અમલ (અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ) (અહીં ઉલ્લેખિત અસાઈની તરીકે) જેએમએફએઆરસી-આરન્ય-ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરે છે. તે સૂચિત કરવામાં આવે છે કે PCHFL એ અસાઈનમેન્ટ/સર્વિસ એજન્ટ દ્વારા તમામ ઓપરેશનલ અને પ્રક્રિયાઓની પ્રક્રિયાને સરળ બનાવવા માટે સેવા પ્રદાતા/સંગ્રહ એજન્ટ તરીકે કાર્ય કરવા માટે અધિકૃત અને નિયુક્ત કરવામાં આવી છે. **SARFAESI અધિનિયમ 2002** હેઠળ સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારીઓ દ્વારા અહીં ઉલ્લેખિત સુરક્ષિત અસ્કયામતોનો કબજો લેવાના અનુસંધાનમાં, ઉધાર લેનારા/ઓ પાસેથી બાકી રકમની વસૂલાત માટે, નીચે દર્શાવેલ સ્થાવર મિલકતની ખરીદી માટે નીચે સહી કરનાર દ્વારા ઓફર આમંત્રિત કરવામાં આવે છે, જે છે. ભૌતિક કબજામાં, 'જેમ છે ત્યાં છે', 'જેમ છે તે આધાર છે' અને 'જે છે ત્યાં આધાર છે', જેની વિગતો નીચે આપેલ છે.

| લોન કોડ / શાખા / ઉધાર લેનાર(ઓ)/ સહ-ઉધાર લેનારા (ઓ)/ જામીનદાર (ઓ) | ડિમાન્ડ નોટીસ તારીખ અને રકમ | સંપત્તિનું સરનામું_અંતિમ | અનામત રકમ | અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી)(આરપી ના 10%) | બાકી નિકળતા લેણાં (07-05-2024) |
|---|---|---|---|---|---|
| લોન કોડ નંબર :- 03100014372 શાખાનું નામ :- અમદાવાદ ઉધાર લેનાર :- સિધ્ધિ વિનાયક હોસ્પિટલ સહ-ઉધાર લેનાર 1 :- સિધ્ધિ વિનાયક હોસ્પિટલ સહ-ઉધાર લેનાર 2:- મનોજ એસ સિંહ જામીનદાર 1:- વંદિતાબેન એમ સિંહ જામીનદાર 2:- શિવશંકરસિંહ રામબિહારીસિંહ | તારીખ 20-03-2020 રૂ: 1,05,30,078/- (એક કરોડ પાંચ લાખ ત્રીસ હજાર ઈઠોતર રૂપિયા માત્ર) | મિલકતના તમામ ટુકડા અને પાર્સલ હદ ધરાવે છેઃ- દુકાન નં 21 થી 25 અને 26 થી 30, 2 જો માળ , શિલાલેખ , હોટલ માટેલ પાસે , ખેરાલુ રોડ , વિસનગર ખાતે , મહેસાણા ગુજરાત 384001 | રૂ:- 7650000/- (રૂપિયા છોંતેર લાખ પચાસ હજાર માત્ર ) | રૂ: 765000/- (સાત લાખ પાસઠ હજાર રુપિયા માત્ર ) | રૂ: 18268044/- (એક કરોડ બ્યાસી લાખ અડસઠ હજાર ચુમ્માલીસ રૂપિયા માત્ર ) |

**ઈ-ઓક્શન ની તારીખ :- 19-06-2024, સવારે 11:00 વાગ્યા થી બપોરે 02:00 વાગ્યા સુધી ( અનિશ્ચિત 5 મિનિટના અંતરાળ સાથે ),**
**બિડ સબમિશનની છેલ્લી તારીખ :- 18-06-2024, સાંજે 04:00 વાગ્યા પહેલાં**

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને **https://www.jmfinancialarc.com/Home/Assets for sale** માં આપેલી લિંકનો સંદર્ભ લો અથવા **https://bankauction.in** પર ઈમેઈલ કરો.

**ઉધાર લેનારા/જામીનદારો/ગીરોને SARFAESI અધિનિયમ હેઠળ વૈધાનિક 30 દિવસની વેચાણ નોટિસ.**

ઉપરોક્ત ઉધાર લેનારાઓ/બાંયધરી આપનારને આથી સૂચિત કરવામાં આવે છે કે કલમ 13(2) નોટિસમાં ઉલ્લેખિત રકમની તારીખ પહેલાંની તારીખ સુધી સંપૂર્ણ ઉપાર્જિત વ્યાજ સાથે ચૂકવવામાં આવે. હરાજી, નિષ્ફળ જવાથી કઈ મિલકતની હરાજી/વેચવામાં આવશે અને બાકી લેણાં જો કોઈ હોય તો તે વ્યાજ અને ખર્ચ સાથે ઉધાર લેનારા/જામીનદાર પાસેથી વસૂલ કરવામાં આવશે.

તારીખ :- 11-05-2024
સ્થાન :- ગુજરાત

Sd/-(અધિકૃત અધિકારી)
(અરણ્ય - ટ્રસ્ટ)



**ઉત્તર મધ્ય રેલવે**

ઈ-ટેન્ડર સૂચના નંબર :- JHS-N-GSU-02-24 તારીખ :- 06-05-2024

**ટેન્ડર નોટિસ**

ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર (ગતિ શક્તિ યુનિટ), ઉત્તર મધ્ય રેલવે, ઝાંસી નીચેના કામ માટે ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે.

| કાર્યનું અંદાજીત ખર્ચ:- રૂ: 172348588.46 | બાના રકમ :- રૂ: 1011800/- |
|---|---|

**કામનું નામ:-** વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસીથી ઝાંસી ડિવિઝનના બીના સેક્શન (17 સ્ટેશનો) સુધી અપ/ડાઉન મેઈન લાઈનમાં એક્સલ કાઉન્ટર સાથે ટ્રેક સર્કિટના ડ્યુઅલ ડિટેક્શનની જોગવાઈ.

**ટેન્ડર ફોર્મ કિંમત :-** શૂન્ય **ટેન્ડર ખુલવાની તારીખ :- 06-05-2024 સમય :- 15:00 કલાક** સ્વીકૃતિ પત્ર મળ્યાથી કાર્ય પૂર્ણ કરવાની અવધિ :- 18 મહિના • ટેન્ડર 06-06-2024ના રોજ 15:00 વાગ્યે સુધી ઓનલાઈન જમા કરી શકાશે • પૂર્ણ માહિતી તેમજ ટેન્ડર પ્રસ્તુતિ માટે કૃપા કરીને ભારતીય રેલવે ની વેબસાઈટ www.ireps.gov.in (ઝાંસી વિભાગ- ગતિ શક્તિ - ઉત્તર મધ્ય રેલવે )પર જુઓ.

821/24 (AN)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @CPRONCR



**ઉત્તર મધ્ય રેલવે**

**ઈ-ટેન્ડર સૂચના**

ભારતના રાષ્ટ્રપતિ વતી, ડેપ્યુટી ચીફ એન્જિનિયર/બાંધકામ/નોર્થ સેન્ટ્રલ રેલ્વે, કાનપુર-208001, નીચેના બાંધકામ કામો માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે અને બિડરોએ નીચે દર્શાવેલ તારીખ અને સમય સુધી તેમની મૂળ/સંશોધિત બિડ સબમિટ કરવાની રહેશે. ડિપોઝીટ માત્ર તારીખ અને સમય સુધી જ કરી શકાશે. આ ટેન્ડર સામે મેન્યુઅલ ઑફર્સની પરવાનગી નથી અને આવી કોઈપણ મેન્યુઅલ ઑફર્સ પ્રાપ્ત થશે તેને અવગણવામાં આવશે.

**કાર્યનું વર્ણનઃ** ઉત્તર મધ્ય રેલવેના પ્રયાગરાજ ડિવિઝનમાં અલીગઢ ખાતે ભદાન રેલવે સ્ટેશન પર SWS બિલ્ડિંગ અને 11KV સબસ્ટેશનનું નિર્માણ.

| ટેન્ડર નંબર | અંદાજીત ખર્ચ | બાના રકમ | કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો |
|---|---|---|---|
| CNB2024202501 | રૂ: 3.11 કરોડ | રૂ. 3,05,400/- | 08 મહિના |

**કાર્યનું વર્ણન** ઉત્તર મધ્ય રેલવેના ઝાંસી વિભાગ હેઠળના વરિષ્ઠ ડિવિઝનલ એન્જિનિયર (પૂર્વ)/પરચુરણ પી-વે ઝાંસી હેઠળના ADEN/બાંદા વિભાગમાં રાગૌલ - યમુના દક્ષિણ કાંઠા વચ્ચે નવી ડબલ લાઈનની જાળવણી સંબંધિત કામ કરે છે.

| ટેન્ડર નંબર | અંદાજીત ખર્ચ | બાના રકમ | કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો |
|---|---|---|---|
| CNB2024202502 | રૂ: 1.14 કરોડ | રૂ. 2,07,000/- | 12 મહિના |

**કાર્યનું વર્ણન** ઉત્તર મધ્ય રેલવેના પ્રયાગરાજ ડિવિઝનમાં કાનપુર ખાતે કાનપુર સેન્ટ્રલ રેલવે સ્ટેશનના પુનઃવિકાસ માટે EPC એજન્સી દ્વારા સબમિટ કરાયેલ માળખાકીય ડિઝાઇનની પીઅર સમીક્ષા.

| ટેન્ડર નંબર | અંદાજીત ખર્ચ | બાના રકમ | કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો |
|---|---|---|---|
| CNB2024202506 | રૂ: 23.98 લાખ | રૂ. 48000/- | 24 મહિના |

ઉપરોક્ત બધા ટેન્ડરો ના ટેન્ડર ફોર્મની કિંમત :- શૂન્ય **ટેન્ડર ખુલવાની તારીખ :- 31-05-2024 , એ 15:00 કલાક છે . નોંધ :- 1.** ઉપરોક્ત ઈ-ટેન્ડરોના ટેન્ડર દસ્તાવેજો અને ટેન્ડર ફોર્મ સાથેની સંપૂર્ણ માહિતી ટેન્ડર ખોલવાની નિયત તારીખ ના રોજ 15:00 કલાક સુધી વેબસાઈટ https://www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. **2.** ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બીડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે વિક્રેતાઓએ IT એક્ટ-2000 હેઠળ CCA દ્વારા જારી કરાયેલ ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર સાથે IREPS વેબસાઈટ પર પોતાને નોંધણી કરાવવાની જરૂર છે. **3.** નાણાકીય દર પેજમાં દાખલ કરેલ અને યોગ્ય રીતે ડિજિટલી સહી કરેલ દરો ધ્યાનમાં લેવામાં આવશે. દરો અને અન્ય કોઈપણ નાણાકીય એન્ટિટી કોઈપણ અન્ય સ્વરૂપમાં/લેટર હેડમાં જો વિક્રેતાઓ દ્વારા જોડવામાં આવે તો તેને તરત જ અવગણવામાં આવશે અને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. **4.** જોડવાના તમામ ફોર્મ ટેન્ડરર દ્વારા સહી થયેલ હોવા જોઈએ. **5.** કોઈપણ પ્રકારની ટેકનિકલ સમસ્યાના ઉકેલ માટે IREPS વેબસાઈટની હેલ્પલાઈનનો સંપર્ક કરી શકાય છે.

819/24 FA

North central railways @CPRONCR @northcentralrailway www.ncr.indianrailways.gov.in



**ઉત્તર મધ્ય રેલવે**

ઈ-ટેન્ડર સૂચના નંબર :- 2024 -મે- 02 તારીખ :- 09-05-2024

**ઈ-ટેન્ડર સૂચના**

ડિવિઝનલ રેલ્વે મેનેજર/એન્જિનિયરિંગ/ઉત્તર મધ્ય રેલ્વે આગ્રા નીચેના કામ માટે ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી માત્ર **ઓનલાઈન ઈ-ટેન્ડરિંગ** દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે.

| | | |
|---|---|---|
| ક્રમ નં:- 1 | ટેન્ડર નંબર :-2024- મે -02-01 | અંદાજીત કિંમત (રૂ માં ):- 7100000.00/- |
| કાર્યનું વર્ણન :- ઝોન - 6: વર્ષ 2024-25 માટે વિવિધ વસ્તુઓનું સમારકામ અને જાળવણી મથુરા (સિવાય) - બિલોચપુરા (સિવાય), મથુરા (સિવાય) - અલવર (સિવાય) અને મથુરા (સિવાય) - અછનેરા (સિવાય) - વૃંદાવન (સિવાય) કામ (તારીખઃ 01-07-2024 થી 30-06-2025) | | |
| ક્રમ નં:- 2 | ટેન્ડર નંબર :- 2024-મે-02-02 | અંદાજીત કિંમત (રૂ માં ):- 9100000.00 |
| કાર્યનું વર્ણન :- ઝોન - 5: પલવલ (સિવાય) - મથુરા (સહિત) અને પલવલ અને નવી દિલ્હીમાં યુ. એમ. વર્ષ 2024-25 માટે રેના ક્વાર્ટર્સ અને સર્વિસ બિલ્ડિંગ માટે વિવિધ વસ્તુઓનું સમારકામ અને જાળવણીનું કામ. (તારીખઃ 01-07-2024 થી 30-06-2025) | | |
| ક્રમ નં:- 3 | ટેન્ડર નંબર :- 2024-મે -02 -03 | અંદાજીત કિંમત (રૂ માં ):- 10498113.09 |
| કાર્યનું વર્ણન :- બીલોચપુરા - મથુરા - અલવરઃ મદદનીશ વિભાગીય ઈજનેર મથુરા-2 ના અધિકારક્ષેત્રમાં વિવિધ પુલો, નિરીક્ષણ પ્લેટફોર્મ, ટોવ વોલ અને બેલાસ્ટ રીટેઈનર્સનું મુખ્ય સમારકામ. | | |
| ક્રમ નં:- 4 | ટેન્ડર નંબર :- 2024- મે -02 -04 | અંદાજીત કિંમત (રૂ માં ):- 32632185.49 |
| કાર્યનું વર્ણન :- મથુરા (225 KL), કોસી કલા (225 KL) અને હોડલ (180 KL) સ્ટેશનો પર પાઈપલાઈનની વ્યવસ્થા સાથે ઓવરહેડ જળાશયોની બદલી. | | |
| ક્રમ નં:- 5 | ટેન્ડર નંબર :- 2024 -મે -02 -05 | અંદાજીત કિંમત (રૂ માં ):- 10400000.00 |
| કાર્યનું વર્ણન :- ઝોન - 3 અને 4: વર્ષ 2024-25 માટે ઈદગાહ (સિવાય) - બાયના (સિવાય), ઈદગાહ (સિવાય) બંદીકુઈ (સિવાય) ખાતે વિવિધ વસ્તુઓની મરામત અને જાળવણીની કામગીરી. (તારીખઃ 01-07-2024 થી 30-06-2025) | | |
| ક્રમ નં:- 6 | ટેન્ડર નંબર :- 2024 -મે -02 -06 | અંદાજીત કિંમત (રૂ માં ):- 9800000.00 |
| કાર્યનું વર્ણન :- ઝોન-7: વર્ષ 2024-25 માટે આગ્રા (સિવાય) - ધૌલપુર, આગ્રા (સિવાય) - ઈટાવા અને ધોલપુર - સરમથુરા - તાંતપુર (સાંકડી લાઈન) પર વિવિધ વસ્તુઓનું સમારકામ અને જાળવણી કાર્ય. (તારીખઃ 01-07-2024 થી 30-06-2025) | | |

ટેન્ડર સબમિટ કરવા અને ટેન્ડર વિશે સંપૂર્ણ માહિતી માટે, ભારતીય રેલ્વેની વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. ટેન્ડર 30-05-2024 ના રોજ 15:00 કલાક સુધી વેબ પોર્ટલ www.ireps.gov.in દ્વારા જ સબમિટ કરી શકાય છે.

836/24 (ADM)

@CPRONCR North central railways @ cproncrly @northcentralrailway www.ncr.indianrailways.gov.in



**ઉત્તર મધ્ય રેલવે**

ટેન્ડર નોટિસ નંબર :- 2220242025 તારીખ :- 08-05-2024

**ઈ-ટેન્ડર સૂચના**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (એન્જિનિયરિંગ)/ઉત્તર મધ્ય રેલ્વે/પ્રયાગરાજ ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી 07-06-2024ના રોજ 13:30 કલાક સુધી નીચેના કામો માટે નીચેની ઈ-ટેન્ડરિંગ પ્રક્રિયાને આમંત્રિત કરે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ક્રમ નંબર :- 1 | ટેન્ડર નંબર :- 43 | કાર્યનું અંદાજીત ખર્ચ (રૂ ):- 9225549.45 |
| કાર્યનું નામ :- સહાયક વિભાગીય ઈજનેર/લાઈન/ઉત્તર મધ્ય રેલવે/પ્રયાગરાજના વિભાગમાં સુબેદારગંજ રેલવે સ્ટેશન પ્રયાગરાજ વિભાગમાં 4 નંગ લિફ્ટની જોગવાઈ. | | |
| અર્નેસ્ટ મની (રૂ ) :- 184500.00 કાર્ય પૂર્ણ કરવાની અવધિ :- 6 મહિના, સમાન કાર્ય માટે પાત્રતા માપદંડ :- કોઈપણ માળખાકીય સ્ટીલ ફેબ્રિકેશન કાર્ય. | | |
| ક્રમ નંબર :- 2 | ટેન્ડર નંબર :- 44 | કાર્યનું અંદાજીત ખર્ચ (રૂ ):-18827716.70 |
| કાર્યનું નામ :- મદદનીશ વિભાગીય ઈજનેર/લાઈન/ઉત્તર મધ્ય રેલ્વે/પ્રયાગરાજના વિભાગમાં ભરવરી સ્ટેશન અને સુબેદારગંજ સ્ટેશન પર RPF થાણા પર 20 પથારીની નવી RPF બેરેકની જોગવાઈ. | | |
| અર્નેસ્ટ મની (રૂ ):- 244100.00, કાર્ય પૂર્ણ કરવાની અવધિ :- 13 મહિના, સમાન કાર્ય માટે પાત્રતા માપદંડ :- બિલ્ડીંગ કાર્ય. | | |
| ક્રમ નંબર :- 3 | ટેન્ડર નંબર :- 45 | કાર્યનું અંદાજીત ખર્ચ (રૂ ):- 2975759.05 |
| કાર્યનું નામ :- સિનિયર ડિવિઝનલ એન્જિનિયર/II/પ્રયાગરાજના અધિકારક્ષેત્રમાં પ્રયાગરાજ-કાનપુર વિભાગમાં 08 નંગ આરામ ખંડ અને 13 સંલગ્ન શૌચાલયનું સંતુલન કાર્ય. | | |
| અર્નેસ્ટ મની (રૂ ):- 59500.00, કાર્ય પૂર્ણ કરવાની અવધિ :- 06 મહિના, સમાન કાર્ય માટે પાત્રતા માપદંડ :- નથી | | |
| ક્રમ નંબર :- 4 | ટેન્ડર નંબર :- 46 | કાર્યનું અંદાજીત ખર્ચ (રૂ ):- 30603748.32 |
| કાર્યનું નામ :- વરિષ્ઠ વિભાગીય ઈજનેર/II/ઉત્તર મધ્ય રેલવે/પ્રયાગરાજના વિભાગમાં R-260 ગ્રેડની રેલ માટે વેલ્ડીંગના ભાગો, વેલ્ડીંગ સાધનો અને વેલ્ડીંગ કામોનું પુરવઠો6અને સ્ટેકીંગ | | |
| અર્નેસ્ટ મની (રૂ ):- 303000.00, કાર્ય પૂર્ણ કરવાની અવધિ :- 12 મહિના , સમાન કાર્ય માટે પાત્રતા માપદંડ :- થર્મિટ વેલ્ડીંગ | | |

**ટેન્ડર ખુલવાની તારીખ :- 07-06-2024, નોંધ:- 1:** ઈ-ટેન્ડરના ફોર્મ બધા ટેન્ડરરોને નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે. **2:** ઉપરોક્ત ઈ-ટેન્ડરોના ટેન્ડર દસ્તાવેજ સાથેની સંપૂર્ણ માહિતી સંપૂર્ણ માહિતી વેબસાઈટ www.irpes.gov.in પર ટેન્ડર ખોલવાની નિયત તારીખ એટલે કે 07-06-2024 સુધી 13:30 કલાક સુધી ઉપલબ્ધ રહેશે. **3:** ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બિડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે, વિક્રેતાઓએ IT એક્ટ-2000 હેઠળ CCA દ્વારા જારી કરાયેલ ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર સાથે IREPS વેબસાઈટ પર નોંધણી કરાવવી જરૂરી છે. **4:** નાણાકીય દર પૃષ્ઠમાં દાખલ કરેલ અને યોગ્ય રીતે ડિજિટલી હસ્તાક્ષર કરેલ દરો ધ્યાનમાં લેવામાં આવશે. જો વિક્રેતાઓ દ્વારા જોડવામાં આવે તો દરો અને અન્ય કોઈપણ નાણાકીય એન્ટિટી કોઈપણ અન્ય ફોર્મ/લેટરહેડમાં હોય તો તેને તરત અવગણવામાં આવશે અને તેને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. **5:** ટેન્ડરરે ટેન્ડર દસ્તાવેજોમાં આપેલ પ્રમાણપત્ર 'પરિશિષ્ટ' તરીકે પ્રમાણભૂત ફોર્મેટમાં સબમિટ કરવું પડશે જેના વિના તેમના ટેન્ડરને ધ્યાનમાં લેવામાં આવશે નહીં અને તેને ટૂંકમાં નકારવામાં આવશે. **6:** માલ અને/અથવા સેવાઓના સપ્લાયર GST કાયદા અને સમયાંતરે લાગુ પડતા નિયમોને આધીન રહેશે. **7:** ટેન્ડરરો દ્વારા જોડવામાં આવેલ દસ્તાવેજો તેમના દ્વારા હસ્તાક્ષરિત કરેલ હોવા જોઈએ . **8:** આ ટેન્ડર સૂચના www.ncr.indianrailways.gov.in વેબસાઈટ પર પણ અપલોડ કરવામાં આવેલ છે . **9:** ઈ-ટેન્ડરિંગના સંદર્ભમાં અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD)ની ચુકવણી માત્ર નેટ બેન્કિંગ અથવા પેમેન્ટ ગેટવે દ્વારા જ સ્વીકારવામાં આવશે. **10:** કોઈપણ મુશ્કેલીના કિસ્સામાં IREPS ની વેબસાઈટ પર ઉપલબ્ધ હેલ્પ ડેસ્કનો સંપર્ક કરી શકાય છે. **11:** ઓનલાઈન ટેન્ડર 07-06-2024ના રોજ 13:30 કલાક સુધી સબમિટ કરી શકાય છે. **12:** ટેન્ડરરે GCC જુલાઈ 2022 ના કલમ 10 થી 18 (ભાગ-1) ના પાલનમાં આવશ્યક દસ્તાવેજો સબમિટ કરવાના રહેશે, અન્યથા ઓફરને અધૂરી ઓફર તરીકે ગણવામાં આવશે અને તે મુજબ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

829/24 (AN)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @ CPRONCR

# આંગડિયાઓમાં ફફડાટ...આંગડિયા પેઢીઓ પર CID ક્રાઈમના રાજ્યવ્યાપી દરોડા યથાવત,કરોડોની રોકડ જપ્ત

(એજન્સી) અમદાવાદ | તા. 10

રાજ્યમાં CID ક્રાઈમ અને આવકવેરા વિભાગના દરોડા પાડ્યા છે. ક્રિકેટ સટ્ટાકાંડ સાથે સંકળાયેલી પેઢીઓ પર CID ક્રાઈમે દરોડા યથાવત છે. જ્યાંથી કરોડોની રોકડ મળી. તો કેટલીક પેઢીમાં શંકાસ્પદ વ્યવહારો થયા હોવાની આશંકા છે. લોકસભાની ચૂંટણીનું મતદાન પૂરુ થયાના બે દિવસ બાદ જ રાજ્યમાં આવેલી આંગડિયા પેઢીઓ પર CID ક્રાઈમના દરોડા પડ્યા છે. ગુજરાતના જુદા - જુદા શહેરોમાં મોડી રાત્રે CID ક્રાઈમના દરોડા પડ્યા. CID ક્રાઈમે અમદાવાદ અને સુરતની 11 પેઢીમાં તપાસ હાથ ધરી છે. જેમાં રોકડ, વિદેશી નાણું અને સોના સહિત 15 કરોડથી વધુ રકમ મળી આવી છે. શંકાસ્પદ વ્યવહારો અને ખાતેદારો અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. મોટા પાયે રોકડ રકમ મળતા CID ક્રાઈમ દ્વારા ઈન્કમટેક્સને જાણ કરાઈ છે. રાજ્યભર માં આંગડિયા પેઢીમાં CID ક્રાઈમના દરોડાની કામગીરી યથાવત છે. 24 કલાકથી ચાલી રહેલા CID ક્રાઈમની આંગડિયા પેઢીઓ પર તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. CID ક્રાઈમની તપાસમાં ઈન્કમટેક્સ અને EDની સંયુક્ત કામગીરી હાથ ધરી છે. દરોડા દરમિયાન ગેરકાયદેસર 15 કરોડ રોકડા, 75 લાખ વિદેશી ચલણી અને એક કિલો સોનું કબજે કરવામાં આવ્યા છે. આંગડિયા પેઢી દ્વારા ખોટા વ્યવહારોને લઈ દરોડા પાડવામાં આવ્યા હતા. RTGS દ્વારા ગેરકાયદેસર નાણાંની હેરાફેરી થઈ હોવાની પણ ફરિયાદ મળી હતી. અમદાવાદ નાં સી.જી રોડ પરના પ્રાઈમ આંગડિયામાંથી 5 કરોડ, H.M આંગડિયા માંથી 8 કરોડ અને P.M આંગડિયામાં 2 કરોડ કબજે કર્યા છે. કુલ 12 આંગડિયા પેઢી હિસાબી વ્યવહાર,મોબાઈલ, કોમ્પ્યુટર સહિતના જરૂરી દસ્તાવેજ કબજે કર્યા છે. રાજ્યભરની આંગડિયા પેઢીઓ પર બોગસ એકાઉન્ટ અને પેઢીઓના ખોટા વ્યવહારોની ફરિયાદોને આધારે CID ક્રાઈમે દરોડા પાડ્યાં છે. આ દરોડાને લઈને આંગડિયા પેઢીઓના સંચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### સુરતમાં આવકવેરા વિભાગના દરોડા

બીજી તરફ સુરતમાં પણ આવકવેરા વિભાગની દરોડા યથાવત છે. આવકવેરા વિભાગે એશ્વર્યા ડાઈંગ, એસએન ટ્રેડલિંક, આદર્શ કોલ સહિત 4 કંપનીમાં દરોડા પાડ્યા છે. ડાઈંગ મિલના માલિક રમેશ ડુમસિયાના પાર્લે પોઈન્ટના ઘરમાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે. 100થી વધારે અધિકારીઓ તપાસમાં જોડાયા છે.5000 કરોડના શંકાસ્પદ વ્યવહારો થયા હોવાની આશંકા છે.

## ઓછા મતદાન માટે સંગઠન જવાબદાર

# ભાજપમાં આંતરિક કકળાટ! સાંસદે કહ્યું બેઠક જીતીશું, લીડ ભૂલી જાઓ

- ભાજપના પૂર્વ સાંસદ નારણ કાછડીયાએ બળાપો ઠાલવ્યો
- અમરેલીમાં અનેક મજબૂત ચહેરા હતા, ભાજપે નબળા ઉમેદવારને ટિકિટ આપી



(એજન્સી) અમદાવાદ | તા. 10

ભાજપના વધુ એક નેતાની પ્રદેશ નેતૃત્વ સામે નારાજગી સામે આવી છે. જેમાં અમરેલીના પૂર્વ સાંસદ નારણ કાછડિયાનો વીડિયો વાયરલ થયો છે. તેમાં નારણ કાછડિયા જણાવે છે કે અમરેલીમાં અનેક મજબૂત ચહેરા હતા. ભાજપે નબળા ઉમેદવારને ટિકિટ આપી છે. ભાજપે અમરેલીની જનતા સાથે દ્રોહ કર્યો છે.

ત્રીજા તબક્કા દરમિયાન ગુજરાતની તમામ લોકસભા બેઠકો પર ચૂંટણી પૂર્ણ થઈ છે, આવામાં હવે અંદરનો વિખવાદ અને ટિકિટની વહેંચણીનો મુદ્દો સામે આવ્યો છે. અમરેલીના સાંસદ રહી ચૂકેલા નારણ કાછડિયાના બદલે આ વખતે અમરેલી બેઠક પરથી ભરત સુતરિયાને ઉતારવામાં આવ્યા હતા. હવે કાછડિયા દ્વારા પક્ષ સામે ઉભરો ઠાલવીને મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. જેમાં પક્ષ પલટો કરીને આવતા નેતાઓને ટિકિટ આપવા મુદ્દે નારાજગી વ્યક્ત કરી છે. જે થેંક્યુ ન બોલી શકે એવી વ્યકિતને પાર્ટીએ ટિકિટ આપી.પાર્ટીએ મને ત્રણ વાર ટિકિટ આપી તેના માટે હું પાર્ટીનો આભારી છું. મને કોઈ રંજ નથી.

**ટિકિટ આપીને તમે ભાજપના કાર્યકર્તાનો દ્રોહ કર્યો છે :** કાછડીયાએ વધુમાં કહ્યું હતું કે, દિલીપ સંઘાણી હતા, મુકેશ સંઘાણી હતા, ડો. કાનાબાર હતા, હિરેન હિરપરા, કેશુભાઈ નાકરાણી જેવા ભાજપ પાસે અનેક મજબૂત ચહેરા હતા. પરંતુ જે વાત ન કરી શકે એવી વ્યકિતને ટિકિટ આપીને તમે ભાજપના કાર્યકર્તાનો દ્રોહ કર્યો છે.ગુજરાતની એકપણ બેઠક એવી નહીં હોય કે જ્યાં ભાજપે વિપક્ષમાંથી આવેલા લોકોને પ્રવેશ નહીં અપાવ્યો હોય. કોંગ્રેસ કે આપમાંથી સવારમાં આવે, બપોરે હોદો મળે, બીજા દિવસે કેબિનેટ મંત્રીના પદ મળે, ધારાસભ્યની ટિકિટ મળે તો ભાજપના સાંસદ તરીકે પાર્ટીમાં રહો તેનો અમને કોઈ વાંધો નથી. ભાજપનો કાર્યકર્તા 35-35 વર્ષથી ભાજપના ઝંડા લગાવતો હોય નારા લગાવતો હોય અને કાલે સવારે જેને લાવો તે સ્ટેજ પર બેસતો હોય અને સિનિયર કાર્યકર્તા સામે બેસે તે કેટલે અંશે વાજબી છે?

### આપણી પાસે આટલી મોટી ફોજ છે સામે કશું જ નથી

કાછડીયાએ કહ્યું, આપણી પાસે આટલી મોટી ફોજ છે સામે કશું જ નથી છતા પણ આપણને હંફાવે છે.અમરેલી લોકસભામાં દોઢ લાખ મત ઓછા પડ્યા છે તેનું કારણ છે મતદારોની નિરસતા અને કાર્યકર્તાઓની ઉદાસિનતા. 2019માં આપણી પાસે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિક નહોતી, એકપણ ધારાસભ્ય નહોતો છતા આપણે 2 લાખ કરતા વધુ મતથી જીત્યા હતા. આજે આપણી પરિસ્થિતિ આવી છે તેની પાછળનું પણ કંઈક કારણ છે. તમે કોઈ ચિંતા ન કરતા, તમે કોઈ ટેન્શન ન લેતા ગમે તેવું કામ હશે રાતના 2 વાગ્યે પણ તમારું કામ થશે. મને ઘણું કહેવામાં દુ:ખ થાય છે પણ ન છુટકે મારે કહેવું પડે છે. ભાજપના કાર્યકર્તાનો ઉભો કરતા 10 વર્ષ લાગે જ્યારે કાર્યકર્તાને તોડતા પાંચ મિનિટ લાગે.

## CRIME NEWS

### અમદાવાદ એરપોર્ટ પર ઇન્ડિગોની ફ્લાઇટનું ટાયર ફાટ્યું, 150 મુસાફરો સવાર હતા

અમદાવાદ | અમદાવાદના સરદાર પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આજે બપોરે 4 વાગ્યે 150 મુસાફરો ભરેલી ઈન્ડિગો ફ્લાઈટ લેન્ડ થઈ અને તેનું ટાયર ફાટી ગયું હતું. 150 મુસાફરો ભરેલી ફ્લાઈટ અચાનક રનવે પર થંભી જતાં મુસાફરોમાં ડરનો માહોલ સર્જાયો હતો. આ વાતની જાણ ફ્લાઈટના પાયલોટને થતાં તેણે એટીસીને જાણ કરી હતી. ફ્લાઈટમાં મુસાફરો હતા અને બીજી તરફ ફ્લાઈટ અચાનક ઉભી રહી જતાં અમદાવાદ એરપોર્ટ તરફથી ઈમર્જન્સી કોલ જાહેર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ મુસાફરોને સલામત જગ્યાએ ખસેડવામાં આવ્યા હતા. તો બીજી તરફ ફ્લાઈટ જ્યાં રોકાઈ હતી ત્યાં જ ટાયર બદલવા માટેની પ્રોસેસ શરૂ કરવામાં આવી હતી. ત્યારે આ સમયે જ બીજી ફ્લાઈટનો ટેકઓફ અને લેન્ડિંગનો સમય હતો. જેને લઈને ફ્લાઈટને થોડા સમય માટે ટેક્સી વે તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી.

### પાકિસ્તાની જાસૂસને લઇ વડોદરા કોર્ટનો આદેશ, 14 દિવસના રિમાન્ડ મંજુર

વડોદરા | ભરૂચમાંથી પાક.ને માહિતી આપતો જાસૂસને વડોદરા કોર્ટે 14 દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. તેમાં શખ્સ પાકિસ્તાનમાં માહિતી આપતો હતો. તેમજ આરોપી હની ટ્રેપનો શિકાર બન્યો હતો. અગાઉ ડ્રોન-મિસાઈલ બનાવવની કંપનીમાં કામ કરતો હતો. ભરૂચમાંથી પાક.ને માહિતી આપતો જાસૂસને વડોદરા કોર્ટે 14 દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. મળતી માહિતી મુજબ, પાકિસ્તાની જાસૂસ ભારતની સંરક્ષણની સંવેદનશીલ માહિતી પાકિસ્તાનને પહોંચાડી હતી. પ્રવીણ મિશ્રાની CID ક્રાઈમે ગઈકાલે ભરૂચમાંથી ધરપકડ કરવામાં આવી હતી. વડોદરા કોર્ટે આરોપી પ્રવીણ મિશ્રાના 14 દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. પ્રવીણ મિશ્રા અને તેના પાકિસ્તાની હેન્ડલરનું નેટવર્ક ક્યાં ક્યાં સુધી ફેલાયેલું છે તે અંગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ સાથે પાકિસ્તાનને માહિતી પહોંચાડવા બદલ તેને અત્યાર સુધી કોઈ આર્થિક લાભ મળ્યા હતા કે કેમ તે અંગે થશે તપાસ ચાલું છે.

### અખાત્રીજના દિવસે ભગવાન જગન્નાથજીના રથનું પૂજન કરાયું; 7 જુલાઈએ 147મી રથયાત્રા નીકળશે

અમદાવાદ |અષાઢી સુદ બીજના દિવસે ભગવાન જગન્નાથ નગરચર્યાએ નીકળતા હોય છે. અમદાવાદમાં ભગવાન જગન્નાથની 147મી રથયાત્રા 7 જુલાઈના રોજ યોજાવાની છે, ત્યારે રથયાત્રા પહેલાં ત્રણેય રથનું પૂજન કરવામાં આવતું હોય છે. આજે 10 મે, 2024ના અખાત્રીજના દિવસે ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામના રથનું પૂજન કરવામાં આવ્યું હતું. જમાલપુર જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ, ટ્રસ્ટી મહેન્દ્ર ઝા અને મેયર પ્રતિભા જૈન, શહેર ભાજપ પ્રમુખ અમિત શાહ સહિત સરસપુર મંદિરના ટ્રસ્ટીઓ અને મહંતોની હાજરીમાં રથનું પૂજન કરવામાં આવ્યું હતું. જમાલપુર જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજે કહ્યું હતું કે, આજથી રથયાત્રાની વિધિની શરૂઆત થાય છે. આજે અખાત્રીજનો દિવસ એટલે કે, અક્ષય તૃતીયાના દિવસથી ત્રણેય રથનું પૂજન કરવામાં આવતું હોય છે.

# 'ભાજપના જ પૂર્વ ધારાસભ્યએ કોંગ્રેસના સમર્થનમાં કરાવ્યું મતદાન'

(એજન્સી) અમદાવાદ | તા. 10



અમરેલી બાદ હવે જૂનાગઢ ભાજપમાં ભડકો થયો છે. માણાવદરની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર અરવિંદ લાડાણીએ પૂર્વ ધારાસભ્ય જવાહર ચાવડા દ્વારા પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરાયાની ફરિયાદ કરી છે. અરવિંદ લાડાણીએ આ અંગે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલને પત્ર લખ્યો છે. જણાવી દઈએ કે, અરવિંદ લાડાણી કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા ત્યારથી જ જવાહર ચાવડાની નારાજગી સામે આવી હતી. જોકે, હવે મતદાન પહેલા જવાહર ચાવડાએ વિરોધ પક્ષને મતદાન આપવા કહ્યું હોવાનો આરોપ લાગ્યો છે. 4 મે ના રોજ કાર્યકર્તાઓને ભાજપ ઉમેદવાર વિરૂદ્ધ મતદાન કરવા બેઠક બોલાવી હોવાનો પત્રમાં ઉલ્લેખ કરાયો છે. જવાહર ચાવડા વિદેશ હોવાની વાતો વચ્ચે પ્રચાર પ્રસારથી દૂર હતા.

અરવિંદ લાડાણીએ પત્ર લખવાની સાથે એક વીડિયો પણ જાહેર કર્યો છે. જેમાં તેઓ કહી રહ્યા છે કે, 'તાજેતરમાં લોકસભા અને વિધાનસભા ચૂંટણી યોજાયેલ. તેમાં માણાવદરના માજી ધારાસભ્ય જવાહર ચાવડાના પુત્ર રાજ ચાવડાએ તેમની માલિકીની નુતન જીનીંગ ફેક્ટરીમાં 800-1000 કાર્યકરોની મિટિંગ બોલાવી હતી. જેમાં તેમણે કાર્યકર્તાઓને કહ્યું હતું કે મારા પપ્પાની હારનો બદલો લેવાનો છે. એટલે ભાજપના ઉમેદવારને હરાવવાના છે અને કોંગ્રેસના ઉમેદવારને જીતાડવાના છે. આ મીટિંગમાં માણાવદર તાલુકા ભાજપના પ્રમુખ, જિલ્લા પંચાયત સભ્યના સસરા. શહેર ભાજપ મહામંત્રી હાજર હતા. ચૂંટણીના દિવસે પક્ષ વિરોધી કરીને મને હરાવવાના પ્રયાસ કરેલ. આ અંગે મેં પાટીલને લેખિત જાણ કરી છે.'


### અંબાજીમાં આજથી અષાઢી એકમ સુધી માતાજીનો 3 વખત શણગાર થશે

(એજન્સી) અમદાવાદ | તા. 10

અખાત્રીજથી અંબાજી મંદિરમાં માતાજીના દર્શન અને આરતીના સમયમાં દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ફેરફાર કરવામાં આવ્યો છે. અંબાજી મંદિરમાં અરીસા વડે માતાજીને સૂર્યનારાયણના દર્શન કરાવવામાં આવશે અને ત્યાર બાદ બપોરની આરતી શરૂ થશે. આ ઉપરાંત અખાત્રીજથી અષાઢી એકમ સુધી અંબાજી મંદિરમાં દિવસમાં 3 વખત માતાજીનો શણગાર કરવામાં આવશે. 6 જુલાઈ 2024 સુધી માતાજીનો અન્નકૂટ થઈ શકશે નહીં. અખાત્રીજથી અષાઢી એકમ સુધી અંબાજી મંદિરમાં દર્શન સમયમાં ફેરફાર થાય છે. મા અંબાને અરીસા વડે સૂર્યનારાયણના દર્શન કરાવ્યા બાદ બપોરની આરતી શરૂ થાય છે. બપોરની આરતીમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાતા હોય છે. અંબાજી મંદિરના ગર્ભગૃહમાં આ બે મહિનાના સમયગાળામાં માતાજીને કપડાનો પંખો પણ લગાડવામાં આવે છે. જેનાથી માતાજીને ગરમી ન લાગે. આ 2 મહિના એટલે કે આજથી 6 જુલાઈ સુધી અંબાજી મંદિરમાં છપ્પનભોગ કે અન્નકૂટ થતા નથી. ગ્રીષ્મ ઋતુમાં માતાજીના મંદિરમાં દિવસમાં 3 વખત શણગાર કરવામાં આવે છે.

## ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો: ભૂમાફિયાને નાથતો લેન્ડ ગ્રેબિંગ એક્ટ સંપૂર્ણપણે કાયદેસર

(એજન્સી) અમદાવાદ | તા. 10



ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો સામે આવ્યો છે. જેમાં ભૂમાફિયાને નાથતો લેન્ડ ગ્રેબિંગ એક્ટ સંપૂર્ણપણે કાયદેસર છે. જેમાં લેન્ડ ગ્રેબિંગ (પ્રોહિબિશન) એક્ટની જોગવાઈઓને પડકારતી 150થી વધુ અરજી ફગાવી છે. તેમાં નાગરિકોના સમાનતાના કે અન્ય કોઈ જ મૂળભૂત અધિકારોનો ભંગ થતો નથી. તેમજ ગુજરાત લેન્ડ ગ્રેબીંગ એકટ અને તેની સંબંધિત જોગવાઈઓને કાયદેસર અને બહાલ રાખી છે.

ગુજરાત રાજ્યમાં લેન્ડ ગ્રેબીંગ પ્રોહિબિશન એકટની બંધારણીય કાયદેસરતાને પડકારતી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થયેલી 150 થી વધુ પિટિશનો ચીફ જસ્ટિસની ખંડપીઠે ફગાવી દીધી હતી. ગુજરાત હાઈકોર્ટે આ કેસમાં પોતાનો ચુકાદો સંભળાવતાં ગુજરાત લેન્ડ ગ્રેબીંગ એકટ અને તેની સંબંધિત જોગવાઈઓને કાયદેસર અને બહાલ રાખી હતી. હાઈકોર્ટે પોતાના ચુકાદામાં બહુ ગંભીર અને મહત્ત્વપૂર્ણ અવલોકનો પણ કર્યા હતા. ચીફ જસ્ટિસની ખંડપીઠે કાયદાકીય અને ન્યાયિક રીતે પણ ગુજરાત લેન્ડ ગ્રેબીંગ એકટની બંધારણીયતાને માન્યતા આપી છે અને આ કાયદાની જોગવાઈઓ બંધારણ સાથે સુસંગત હોવાનું ઠરાવ્યું હતું.

હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એકટ કોઈપણ રીતે નાગરિકોના સમાનતાના અધિકાર કે અન્ય મૂળભૂત અધિકારોનુ કોઈપણ રીતે હનન કરતો નથી. આ કાયદા કે તેની જોગવાઈઓના કારણે બંધારણની કલમ-13,14,19,20 કે 21નો ભંગ થતો નથી. આ કાયદાને હજુ રાષ્ટ્રપતિની મંજૂરી મળવાની બાકી છે ત્યારે બંધારણની કલમ-254 દ્વારા અસર પામતી હોય તેવું પણ કહી શકાય નહી.

કારણ કે, આ કાયદો અને તેની જોગવાઈઓ જમીન પચાવી પાડવાની ગેરકાયદે પ્રવૃત્તિને કચડી નાંખવા લાગુ પડાયો છે. હાઈકોર્ટે એમ પણ જણાવ્યું કે, લોક પ્રતિનિધિઓ દ્વારા બનાવવામાં આવેલા આ કાયદામાં કોઈપણ પ્રકારની ત્રૂટિ જણાતી નથી.

## આગામી 7 દિવસ ગુજરાત માટે ભારે...

# ભારે પવન સાથે કમોસમી વરસાદની આગાહી




(એજન્સી) અમદાવાદ | તા. 10

ગુજરાતમાં મે મહિનાના આકરા તાપના કારણે લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. ત્યારે હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે 10થી 16મી મે દરમિયાન રાજ્યના કેટલાક જિલ્લાઓમાં પવન સાથે કમોસમી વરસાદ પડી શકે છે.

### આ જિલ્લામાં કમોસમી વરસાદની શક્યતા

હવામાન વિભાગ અનુસાર, 10મી મેના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, દાહોદ, નવસારી, ડાંગ અને વલસાડમાં કમોસમી વરસાદ પડી શકે છે. 11મી મેના રોજ અરવલ્લી, મહિસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, વલસાડ અને નવસારી જિલ્લામાં વરસાદ થઈ શકે છે. 12મી મેના રોજ મહિસાગર, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડમાં કમોસમી વરસાદ પડી શકે છે.13મી મેના રોજ સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડમાં કમોસમી વરસાદ પડી શકે છે.

14મી મેના રોજ પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, મહિસાગર, આણંદ, વડોદરા, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં વરસાદ થઈ શકે છે. 15મી મેના રોજ રાજકોટ, ગીર સોમનાથ, અમરેલી, બોટાદ, ભાવનગર, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, અમદાવાદમાં વરસાદ પડી શકે છે. આ ઉપરાંત 16મી મેના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા અને ગીર સોમનાથમાં કમોસમી વરસાદ પડી શકે છે.

### તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થશે

સામાન્ય રીતે મે મહિના દરમિયાન ગુજરાતમાં ગરમીનો પ્રકોપ યથાવત્ રહેતો હોય છે, જે છેલ્લા પાંચ દિવસથી વર્તાઈ રહ્યો છે. અમદાવાદ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ કેટલાક જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 42થી 43 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે. આજરોજ પણ હવામાન વિભાગ દ્વારા શહેરમાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી જ્યારે ગાંધીનગરમાં મહત્તમ તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસની શક્યતા વ્યક્ત કરી છે. હજુ પણ આગામી ત્રણ દિવસ ગરમીનો પ્રકોપ યથાવત્ રહેશે. ત્યારબાદ મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના પ્રદેશ ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છમાં બેથી ત્રણ ડિગ્રી મહત્તમ તાપમાનમાં ઘટાડો થવાની શક્યતાઓ સાથે વરસાદના એંધાણ રહેલા છે.

## ગ્રીન સિટી... અમદાવાદ શહેરને ગ્રીન બનાવવા થ્રી મિલિયન ટ્રી અભિયાન

# AMCને 26 લાખથી વધુ વૃક્ષ વાવવા માટેની જગ્યા મળી

(એજન્સી) અમદાવાદ | તા. 10

ગ્રીન અમદાવાદ બનાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા થ્રી મિલિયન ટ્રી અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત 100 દિવસમાં મ્યુનિ. દ્વારા શહેરમાં વિવિધ જગ્યાએ આવેલા AMCના અને ખાનગી પ્લોટ તેમજ જાહેર રોડ પર વૃક્ષો ઉગાડવામાં આવશે. AMC દ્વારા અત્યાર સુધી 26 લાખ કરતાં વધારે વૃક્ષો વાવવા માટેની જગ્યા મળી ગઇ છે. બાકી રહેલા 4 લાખ વૃક્ષો માટે પણ વિવિધ સોસાયટીઓ-એનજીઓનો સંપર્ક કરીને પણ તંત્ર દ્વારા કામગીરી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

AMC ગાર્ડન વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ આગામી ચોમાસાની શરૂઆત સાથે જ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મિશન થ્રી મિલિયન ટ્રી વિવિધ વિસ્તારમાં વૃક્ષારોપણની કામગીરી શરૂ કરવામાં આવશે. મ્યુનિના વિવિધ વિભાગો દ્વારા શહેરમાં વિવિધ ઝોનમાં વૃક્ષારોપણ માટે કેટલાક પ્લોટ નક્કી કરવામાં આવ્યા છે. 15મી જુનથી શરૂ થનારા અભિયાન માટે વિભાગોમાં સંકલન કરીને આ અભિયાનને સફળ બનાવવાના દિશામાં આગળ વધવા માટે ગાઈડ લાઈન પણ તૈયાર કરવામાં આવી છે.



### સૌથી વધુ ક્યા ઝોનમાં વૃક્ષોનું વાવતેર થશે

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી 100 દિવસમાં 30 લાખ વૃક્ષ વાવવાના લક્ષ્યાંક સામે આગામી દિવસોમાં 16.75 લાખ જેટલા નાના વૃક્ષના રોપા લગાવવામાં આવશે. જેમાં સૌથી વધુ નાના વૃક્ષો પૂર્વઝોનમાં 6.51 લાખ, ઉત્તર અને દક્ષિણ ઝોનમાં 2.5 લાખ, પશ્ચિમ અને ઉ.પશ્ચિમઝોનમાં 2 લાખ તથા દ.પશ્ચિમઝોનમાં 1 લાખ જેટલા નાના વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે.

### આ સ્થળોએ વધુ વૃક્ષો ઉગાડશે

ગાંધી આશ્રમ રી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, ગાંધી આશ્રમ ગૌશાળા, મધર ટેરેસા આશ્રમ સામે, વાડજ, રેલવે કેન્દ્રીય વિદ્યાલય, સાબરમતી, વિસતથી તપોવન રોડ સાઈડ, ચાંદખેડા, કમિબા પાર્ટી પ્લોટ, ગોતા, ઓગણજ સર્કલ, ગોતા, સેન્ટરી ગ્રીનની બાજુમાં, ગોતા, આર્યન બંગલો પાસે, થલતેજ, મકરબા રેલવે પેરેલલ બંને બાજુ, શાહીબાગ ખાતેના મ્યુનિ. પ્લોટમાં, નક્ષત્ર એલીગન્સ પાસે, શાહીબાગ, આદિત્ય સંકુલ રોડ, નરોડા, કાન્વી રેસ્ટોરન્ટ પાસે, નરોડા, એગ્રો ફોરેસ્ટ્રી જંગલ, પીરાણા ડમ્પ સાઈડ, રશ્મી વિહારની બાજુમાં, વટવા, ગોકુલ નગર ચાર રસ્તા પાસે, લાંભા, નિકોલ નર્સરી સામેનો પ્લોટ, મીયાવાકી પ્લોટ, સુરોહી -1 પાસેનો પ્લોટ, નિકોલ, અસારવા તળાવ, બાયોડાયવર્સીટી પાર્ક, રામોલ હાથીજણ, બીડી પાર્કની સામેના પ્લોટમાં, રામોલ હાથીજણ, વૈદેહી એપાર્ટમેન્ટ પાસેનો પ્લોટ.